

ચીની યોદ્ધો : જગવિખ્યાત જાપાની કલાકાર કાત્સુશીકા હોકુસાઈનું બલિષ્ઠ રેખાંકન. (જુઓ પૃ. ૨૪૫ ઉપરનો ચિત્રપરિચય)

કુમાર

તંત્રી
બચુભાઈ રાવત

સંસ્થાપક
રવિશંકર રાવળ

જુલાઈ · ૧૯૫૦



પહાડની પુત્રીઓ — ચિત્રકાર · ફયાવક્ષ ચાવડા

ફરી એક વાર આધુનિક 'ધ્યાનચિત્ર-શૈલી'ની કલાકૃતિ રજૂ કરીએ છીએ. અગાઉ કહ્યું છે તેમ, એમાં કલાકાર 'દેખાય તેવું આબેહૂબ' ચીતરી બતાવતો નથી, પણ કોઇ દૃશ્ય જોયા પછી તેમાંની આકૃતિઓની પટ-લીલાની ને ચિત્તસ્પર્શી રંગ-સૃષ્ટિની જે છાપ તેના મન પર પડી જાય છે તે જ તેના પ્રબલ ને સચોટ સ્વરૂપમાં તે ઉતારવા મથે છે. એમાં આકૃતિઓની આબેહૂબતા, છાયા-પ્રકાશ કે પરસ્પેક્ટિવના નિયમો બધાંને તે બાજુએ મૂકે છે;–બલ્કે તેનું ઉલ્લંઘન પણ કરે છે. તેનું સમગ્ર લક્ષ્ય તો પોતાના મનોદ્રેકની છાપ જ ઉતારવા પર હોય છે: કોઇ સ્વપ્ન જોયા પછી તેની, કે દિલને હલાવી નાખતું કોઇ દૃશ્ય વિલીન થઇ ગયા પછી તેની આપણા ચિત્ત પર જેવી છાપ અંકિત થાય છે તેવી;–વિગતોની અસ્પષ્ટતાવાળી, પણ રંગાકૃતિઓની ભભકવાળી. ◖. આ ચિત્ર એ પ્રકારનું છે. એમાં ફૂલોથી ભરીભરી એક રંગમય પહાડી ખીણમાં આવેલી ઝૂંપડીના આંગણામાં પુત્રીનું માથું ઓળતી માતાનું આલેખન છે. એમાં કુદરત કે માનવ કોઇની આબેહૂબતા કે સુરેખતા ઉતારવા કલાકાર ચાહતો નથી, પણ વનશ્રીથી ભરચક એ પહાડી ખીણમાં ટેકરીઓ, વૃક્ષો, ફૂલો, ઝૂંપડી વગેરેની આકૃતિઓથી તથા તેમના એકબીજા પર પડતા છાયાપ્રકાશથી પટગૂંથણી ને રંગમયતાનું જે ભભકભર્યું દર્શન પોતાને લાધ્યું તેની એવી ખરબચડી જ છાપ જોરદાર આલેખન દ્વારા તેણે ઉતારી છે. (વિશેષ આ અંકમાં અન્યત્ર જુઓ.)

કુમાર

જુલાઈ ૧૯૫૦

અંક ૩૧૯

ચિત્રો

ચીની યોદ્ધો [રેખાંકન] જાપાની કલાકાર કાત્સુશીકા હોકુસાઈ પૂઠું
પહાડની પુત્રીઓ ચિત્રકાર · શ્યાવક્ષ ચાવડા ત્રિરંગી મુખચિત્ર
આયુષ્યને આરે [રેખાંકન] આલ્બ્રેખ્ટ ડ્યુરર. પાછલા પૂઠાની અંદર
ફોટોગ્રાફી હરીફાઇનાં ચિત્રો પાછલા પૂઠા ઉપર

કાવ્યો

વર્ષા રાજેન્દ્ર શાહ ૨૨૬
આકાશી અસવાર બાલમુકુન્દ દવે ૨૨૬
મારાં ગીત પિનાકિન્ ઠાકોર ૨૨૬
કબુતરો પ્રિયકાન્ત મણિયાર ૨૨૬

ચરિત્ર

વિલિયમ વર્ડ્ઝવર્થ નિરંજન ભગત ૨૨૭
બાંધ ગઠરિયાં [આપકથા] ચન્દ્રવદન ચીમનલાલ મહેતા ૨૩૬

વાર્તા

પંદરમી ઑગસ્ટે વાસુદેવ ભટ્ટ ૨૩૨


લેખો

મત્સ્યાસન [યોગાસનો-૪] દામુભાઈ શુક્લ ૨૩૯
આટાપાટા [આપણી રમતો] વાસુદેવ ભટ્ટ ૨૪૦
પોળો દેવશંકર મોતીરામ રાવળ ૨૪૪
સુરમો, સોમલ અને બિસ્મથ ડૉ. નરસિંહ મૂ. શાહ ૨૪૮

વિભાગો

જીવનધારક ઝાડ અને જંગલો [ચિત્રબોધ] ૨૨૫
ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ ૨૪૩
આ અંકમાંના ચિત્રોનો પરિચય ૨૪૫
ટિકિટ-સંગ્રહ [૧૨] ૨૪૬
પચ્ચીસ વર્ષ પહેલાં ૨૫૦
પત્રમિત્ર વિભાગ ૨૫૨
માધુકરી [સ્વ. યુસુફ મહેરઅલી, સાને ગુરુજી અને પ્રાંતભારતી, વૃક્ષારોપણ, બલ્ગેરિયાની ટિકિટો, કોરિયા] ૨૫૬
શક્કરખોરો [માસમાસનાં પંખી-૫૪] ૨૫૬
આ માસ ઇતિહાસમાં [વ્યક્તિવિશેષ: કવિ કોલરિજ] ૨૬૧
છેલ્લું પાનું ૨૬૨

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક (ટૅક્સ સાથે) રૂ. ૭॥; પરદેશમાં રૂ. ૯॥ અથવા શિ૦ ૧૫ છુટક નકલ બાર આના



આ માસમાં ભારત સરકારે કરેલો વૃક્ષારોપણ અને વૃક્ષછેદનો આદેશ એ આપણા જીવન માટે કેટલો મૂલ્યવાન અને સવેળાનો છે તેની હજી ઘણાને પ્રતીતિ નથી. ઝાડ અને જંગલોની અગત્ય, તેની જાળવણી અને કળા વિષે સંખ્યાબંધ લેખો અગાઉ 'કુમાર'માં આવી ગયા છે તે જોઈ જવાની વાચકોને ભલામણ છે. હજી હમણાં ૩૧૬મા અંકમાં જ આપણાં જંગલોની સમૃદ્ધિ વિષેનો એક દ્વિરંગી આલેખ અમે આપી ગયા. આ માસના દેશવ્યાપી 'વૃક્ષારોપણ પર્વ' નિમિત્તે આ ઉપર અમે આપણા જીવનમાં વૃક્ષના મહત્ત્વ વિષેનો આલેખ આપીએ છીએ, જે આપમેળે જ આપણી એ મોંઘામૂલી સંપત્તિનું આપણા જીવનમાં વ્યાપક રીતે રહેલું સ્થાન સમજાવે છે. આ અંકના 'માધુકરી' વિભાગમાંના 'વૃક્ષારોપણ' નામક લેખમાંથી એની વિસ્તૃત સમજણ મળી રહેશે. ચિત્રના કેન્દ્રમાંની ઝાડની આકૃતિ દર્શાવે છે તે મુજબ વૃક્ષો સૂર્યની ગરમીને ઝીલીને વાતાવરણને ઠંડું રાખે છે અને ચોમાસામાં વર્ષાદને આકર્ષે છે તથા તેનું પાણી જમીનમાં પચાવી તેને સંઘરે છે. આપણી પૃથ્વી પર નવ ઇંચ જાડું એક રસકસવાળું પડ છે, જેના ઉપર જ વનસ્પતિ માત્ર પાંગરી શકે છે. ઝાડનું રક્ષણ ન હોય તો એ પડ ધોવાઇ જઇને બધી જમીન રણ જેવી બની જાય. વળી પવન અને પાણીના સપાટામાં ધોવાઇને ક્ષીણ થતી જતી ધરતીની કાયાને ઝાડનાં મૂળિયાં જ સુબદ્ધ રાખીને બચાવે છે. આ ઉપરાંત, ઝાડ અને જંગલોમાંથી આપણને જે મબલખ પેદાશો મળી રહે છે તેનો કાંઈક ખ્યાલ આપતાં આલેખનો ચિત્રરૂપમાં ચોમેર દર્શાવ્યાં છે. ઈમારતી લાકડાં, રાચરચીલું, બળતણ, ખાતર, ઘાસચારો, ફળફળાદિ વગેરે આપણને ઝાડ તથા જંગલોને લીધે જ મળી રહે છે તે તો સૌ જાણે છે; પણ જંગલોના વાંસ વગેરેમાંથી કાગળ અને દીવાસળી; લાખ, ડામર, રબર અને ટર્પેન્ટાઇન જેવા પદાર્થો; ગુંદર, મધ, મીણ અને રેશમના કીડા; કપુર, યુકેલિપ્ટસ અને સુખડનાં તેલ તથા બેશુમાર ઔષધિઓ; અને રાની પશુઓનાં ચામડાં, શીંગડાં ને તેમાંથી નીકળતી સરેસ સુદ્ધાંની પેદાશ પણ જંગલોમાંથી મળી રહે છે એ હકીકત ઝટ ખ્યાલમાં આવે એવી નથી. આવી જીવનવ્યાપી સામગ્રીઓ પૂરી પાડતા વૃક્ષને 'જીવન-ધારક'નું બિરુદ આપીએ એ સાર્થ છે.



વર્ષા

ઝરે નભ જલની ધારા.
વનોવન ભીંજવી રહે ભીંજવે એવું મનને મારા:
ઝરે નભ જલની ધારા...

મઘવા કેરા હાથિયો ગાજે ગગનમાં અનિવાર,
સુરબાલાની મેખલા સોહે વીજતણો ચમકાર,
વાયરો શો ઉન્મન? વીણામાં
રણકી રહે મેઘમલ્હારા... ઝરે નભ૦

કોઈ કળાયલ મોરલો પાગલ થૈ નાચે થનથન,
આંહિ ઉમંગ ઉમંગની લ્હાણે કોણ રે અકિંચન!
સાગરનો અભિસાર શો! ઘેલી
જાય છે ભાંગી બેઉ કિનારા... ઝરે નભ૦

રેણુથી ઝાંખો દિન ગમે ને દિનથી ઝાંખી રાત,
સાંજને સમય અવની આભે રંગધનુ રળિયાત:
લ્હેરિયાં લેતું ઉર છલોછલ,
આજ મણા નવ સુખને મારા... ઝરે નભ૦

રાજેન્દ્ર શાહ

આકાશી અસવાર

ભજન

ઊની રે વરાળો પ્હોંચી આભમાં,
ધરતી પાડે રે પોકાર;
દુખિયાંનો બેલી સમરથ ગાજિયો,
વહાલીડે કરિયો વિચાર.
આવે રે રાજાનો રાજા મેહુલો.

છૂટાં રે ઊડે રાજાનાં ઓડિયાં,
ઝૂલે વીજની તલવાર;
આકાશી ઘોડાના વાગે ડાબલા,
સાયબો થિયો છે અસવાર.
આવે રે રાજાનો રાજા મેહુલો૦

આવે રે દેકારા દેતો દખ્ખણે,
વરતે જયજયકાર;
છડી રે પોકારે વનના મોરલા,
કંઠે મેઘમલ્હાર.
આવે રે રાજાનો રાજા મેહુલો.

જંત રે જનાવર, પંખી ઝાડવાં,
બેઠાં ભરીને દરબાર;
સૂનાં રે સિંહાસન શોભાવવા,
ખમ્મા! આવો અનરાધાર
આવે રે રાજાનો રાજા મેહુલો૦

બાલમુકુંદ દવે

મારાં ગીત

મારાં તો માનવીનાં ગીત રે
કાચી તે કાયા કેરી
મમતા બાંધ્યાની એવી રીત રે—મારાં તો૦

માળા બાંધીને એ તો બેસે નૈ ઝૂલવા રે.
હૈયાનાં હેતમાં આ દુનિયાને ભૂલવા રે,
ભવભવના વેરી સંગે
મનડું માંડે છે મોંઘી પ્રીત રે— મારાં તો

મનખાની એ મુજ માયા કેમે ના છૂટશે રે,
દોરી આ આયખાની ક્યારે ના તૂટશે રે,
ઘડીપલના ઘટમાં જાણે
જુગજુગ માણ્યાની એની જીત રે - મારાં તો૦

પિનાકિન ઠાકોર


કબૂતરો

ચબૂતરે બેસી ચણી રહેલાં
કબૂતરો તો મુજને ગમે બહુ.

પરંતુ ટોળે વળી સર્વ જ્યારે
વિષાદછાયા નિજ રંગથી ભર્યાં
સંધ્યા સમે ત્યાં સુલતાન-મ્હેલના
ખંડેર માંહે—
(જહીં, એક કાળે
છવી ગએલા અણજાણ કોઈ
સલાટ કેરા હૃદ ટુકડાઓ,
શિલ્પેભર્યાં પથ્થરના સ્વરૂપે,
સીંચી દીએ કોઈ અમીની ધાર
એવી તૃષામાં બળતા બપોરથી)
—ફફડાવી પાંખો
વ્યાપી ગયેલા ગત કાલની વ્યથા,
સાથે વળી સાંપ્રતની ય દીનતા
તણી જરી ધૂળ ઉડાડતાં અરે
મૂંઝાવી રે'છે તવ તો નહીં, નહીં.

કબૂતરો તો મુજને ગમે બહુ
પરંતુ......


પ્રિયકાન્ત મણિયાર



માનવતા અને પ્રકૃતિનો કવિ

વિલિયમ વર્ડ્ઝવર્થ

લેખક · નિરંજન ભગત



કવિ વર્ડ્ઝવર્થ પ્રૌઢ જીવનમાં ↑
(માર્ગેરેટ ગિલિસના ચિત્ર પરથી)

ગઇ સાલ દુનિયામાં ગ્યટેના જન્મની બસોમી જયંતી ઊજવાયા પછી ઇંગ્લંડમાં આ સાલ ત્યાંના આ મહાન કવિના મૃત્યુની સોમી સંવત્સરી ઊજવાઇ એમાં એક પ્રકારનું આકસ્મિક ઔચિત્ય પણ છે; કારણ કે મૅથ્યુ આર્નોલ્ડ જેવા વિદ્વાન વિવેચકની દૃષ્ટિએ, જગતભરના છેલ્લાં બે હજાર વર્ષના મહાન કવિઓમાં પાંચમું સ્થાન ગ્યટેનું અને એની પછીનું જ-છઠ્ઠું સ્થાન વર્ડ્ઝવર્થનું આવે છે. [પ્રથમ ચાર સ્થાને દાન્તે, શેક્સપીઅર, મોલિયેર અને મિલ્ટન છે.]

'માનવી' શબ્દનો સાચો અર્થ શબ્દકોષમાંથી નહિ પણ વર્ડ્ઝવર્થ જેવા કવિના કાવ્યકોષમાંથી જ જડી આવે. વળી વર્ડ્ઝવર્થથી વધુ ગરવો એવો પોતાનો ગાયક તો પ્રકૃતિને પણ ભાગ્યે જ મળ્યો હશે. જીવનની ક્ષુદ્રતામાંથી પણ ભવ્યતાનો આનંદ પીનાર અને પાનાર આવા કવિને પ્રગટાવીને તો જીવને પોતાનો જ મહિમા પ્રગટ કર્યો છે.

ઇંગ્લંડના કૉકરમાઉથ નામે ગામડામાં, ઈ. ૧૭૭૦ના એપ્રિલની ૭મી તારીખે એક જાગીરદારના એજન્ટ જૉન વર્ડ્ઝવર્થને ત્યાં એ જન્મ્યો. જૉનનાં પાંચ સંતાનોમાંનું બીજું સંતાન તે કવિ વિલિયમ વર્ડ્ઝવર્થ. પરંતુ કવિનાં ચાર ભાંડુબહેનોમાંથી એની નાની બહેન ડૉરૉથી અને અનુજ જ્હૉન એમ બેનું જ એના જીવનમાં મહત્ત્વનું સ્થાન રહ્યું અને તેમાં યે 'વિલિયમ' વર્ડ્ઝવર્થને 'કવિ' વર્ડ્ઝવર્થ બનાવનાર જો કોઇ હોય તો તે ડૉરૉથી જ. જોકે કવિના શિશુ હૃદયમાં તો પોતાના ઘરની પાછળથી વહી જતી નદી ડર્વેન્ટ અને નવ માઈલ દૂર ઊભેલી સ્કિડૉ ટેકરીનું જ મહત્ત્વનું સ્થાન હતું.

કવિના શૈશવકાળનો સૌથી મહત્ત્વનો પ્રથમ પ્રસંગ તે ૧૭૭૮માં માતાનું મૃત્યુ. એને પરિણામે સારો યે પરિવાર છૂટો પડી ગયો. મોટાં ચારે બાળકો (રિચાર્ડ, વિલિયમ, ડૉરૉથી અને જૉન) પેનરિથ મુકામે તેમને મોસાળ ગયાં, જ્યાં તેમના નાના-દાદા-વિલિયમ કૂકસન દુકાન ચલાવતા. બાપીકા ઘર પાછળની ખડતલ ટેકરીઓ, પુરાણો કિલ્લો અને રોજ જેમાં નહાવાની મઝા આવતી એવી મધુરી ડર્વેન્ટ નદીનું આહ્લાદક કુદરતી વાતાવરણ છોડી મોસાળ જવું વિલિયમને ગમ્યું નહિ હોય એમ લાગે છે. કદાચ નાનાના ઘરનું વાતાવરણ બંધિયાર ને કંટાળાભરેલું લાગ્યું હશે. ગમે તેમ, પણ ત્યાં એ એકલસૂરો, ધૂની અને ચીડિયો બની ગયો. એક વખત તો કોઇ કારણે બહુ લાગી આવ્યું હશે, તેથી ઘરના માળિયા ઉપર જઇને ત્યાં પડી રહેતી તલવારથી આપઘાત કરવાનો બાલિશ પ્રયત્ન પણ કરેલો, પરંતુ છેલ્લી ઘડીએ જીવ ન ચાલ્યો! પણ અહીંથી તેને હૉક્સ-હેડ ગામની શાળાએ ભણવા મૂકેલો, ત્યાં એને છુટ્ટો દોર મળતો; એટલે ત્યાં અનેક પ્રવૃત્તિઓમાં તે ખીલી ઊઠયો: નદીમાં તરતો, હોડીઓ ચલાવતો, બરફ પર લપસતો, અને ચોમેરના પ્રદેશમાં માઇલો સુધી ભટકીને ગોપ-જનો, ખેડૂતો, ભરવાડો અને ભમતારામ જાતિઓ જોડે અવનવી ઓળખાણો સાધતો. આમ, હૉક્સ-હેડના સમાજમાં એ માનવ હૃદયનો પ્રથમ પરિચય પામ્યો. પોતાના એક શ્રેષ્ઠ કાવ્ય 'માઇકલ'ની વાર્તા એણે અહીં જ ઍન ટાઈસન નામની એક બાઈ (જેના મકાનમાં એ રહેતો તેની) પાસેથી સાંભળી, અને કવિના સુકુમાર હૃદયમાં માનવપ્રેમની સૌરભ મ્હેકી ઊઠી. આ કાળનાં એનાં પ્રિય પુસ્તકોમાં અરેબિયન નાઇટ્સ (જે એનું સૌથી વધુ પ્રિય પુસ્તક) તથા ફીલ્ડિંગ, ક્વિકઝૉટ અને સ્વિફ્ટની નવલકથાઓ. પણ એ સૌથી યે પ્રિયતર તો કુદરતની કિતાબ જ હતી. હૉક્સ-હેડથી સ્હેજ જ છેટે કૉનિસ્ટનમાં એક સાયંકાળે અસ્તાચળના રવિકિરણની રક્તરંગીન ઝલકને જોઇને, હજુ તો ઊઘડતું એવું એનું કવિઉર ગાઈ ઊઠયું હતું:

'... There I said
That in whatever region I should close
My mortal life, I would remember you
Fair scenes!'

જેણે પ્રકૃતિની ભંગુરતાને ભવ્યતાનો નવજન્મ આપ્યો

એવામાં તો આ સુખી જીવન પર ફટકો પડયો. ચૌદમે વર્ષે તેના પિતા ગુજરી ગયા, અને વારસામાં માત્ર જમીનદાર પાસેનું પાંચ હજાર પૌંડનું લેણું મૂકતા ગયા. પણ જમીનદારે તે ચૂકવવાની ના પાડી. કુટુંબના આ આર્થિક સંજોગોમાં વર્ડ્ઝવર્થને ઘણો આઘાત થયો, અને દુનિયા જાણે પોતા તરફ બેદરકાર છે એવી લાગણીથી તે ફરી બેચેન, વાદીલો અને અસ્થિર મનનો બની ગયો.

આમ ને આમ હૉક્સ-હેડની ગ્રામરસ્કૂલનો અભ્યાસ પૂરો કરી તે આગળ અભ્યાસ માટે કેમ્બ્રિજની સેન્ટ જૉન્સ કૉલેજમાં ગયો; પરંતુ ત્યાં પણ, ઈ. ૧૭૮૭-૯૦નાં ત્રણ વર્ષના કેમ્બ્રિજના અભ્યાસ-કાળમાં, ઉર અને ઉપવનની કુંજોમાં અહોરાત પડયો રહેનારો કવિ એકલવાયો થઈ પડ્યો. અહીં પણ જીવનધ્યેય વિષે તે અસ્થિર જ રહ્યો, અને ઘણીવાર ધર્મજીવનમાં પડીને પાદરી થવાના વિચારો સામે મથામણ કરતો રહ્યો. પણ ચૉસર, સ્પેન્સર અને મિલ્ટન જેવા કવિઓની સ્મૃતિથી કેમ્બ્રિજ સભર હતું. એ 'પુરાણા વડીલો'ની પાસે આ નવોદિત કવિએ પોતાની કાવ્યદીક્ષા લીધી. પણ સાચી સર્જકતાનો સંસ્પર્શ તો એ વર્ષાન્તે આવતી લાંબી રજાઓના કાળમાં જ પામ્યો. આવી ત્રણે રજાઓ તેણે કેમ્બ્રિજની બહાર ગાળી.


આમ, કેમ્બ્રિજનો ત્રણ વર્ષનો વસવાટ કવિના જીવનમાં વિરલ નહિ તો પણ વિકાસશીલ તો નીવડયો જ. અને, અઢારમી સદીનાં કાવ્યોનાં સૌ અપલક્ષણોને અનુસરતો, ને તો યે નવીન કવિતાના અંશોથી કયાંક કયાંક મૌલિકતા ધારણ કરતો, એનો પ્રથમ કાવ્ય-સંગ્રહ 'ધી ઈવનિંગ વૉક' આ સમયે પ્રગટ થયો.



કવિ વર્ડ્ઝવર્થ ભરયુવાનીમાં (બી. આર. હેડનના ડ્રોઇંગ પરથી)

૧૭૯૧ના ફેબ્રુઆરીમાં કેમ્બ્રિજની ઉપાધિ લઇ કવિ લંડનમાં આવીને વસ્યો. પણ હજી યે આવતી કાલ પાસેથી પોતાની શી અપેક્ષા છે તેનો કશો નિર્ણય તેણે કર્યો ન હતો. અંતે ફ્રેન્ચ ભાષા શીખવાના નિમિત્તે તેનો રખડુ આત્મા ફ્રાન્સના પ્રવાસે નીકળી પડયો, અને ૧૭૯૧ના નવેમ્બરથી ૧૭૯૨ના ડીસેમ્બર લગીના એ તેર માસના ફ્રાંસનિવાસથી કવિનું જીવન આમૂલ પરિવર્તન પામ્યું.

ઑર્લીઅન્સમાં રહીને ફ્રેન્ચ ભાષાના પાઠ શીખવા નીકળેલો કવિ 'બ્લ્વા' (Blois)ના એક ડૉક્ટરની (પોતાથી ચાર વર્ષ મોટી) દીકરી ઍનેત વાલોં પાસે પ્રેમના પાઠ શીખવા બેસી પડયો. આ પ્રેમનો આવેશ પાછળથી એટલો તો પ્રબળ થઈ પડયો કે તે એક ગેરકાનુની બાળકીના જન્મમાં પરિણમ્યો. આ પ્રેમની કથા તેણે પાછળથી પોતાના 'વોદ્રાકુર ઍન્ડ જૂલિયા' નામે કાવ્યમાં ગૂંથી છે. જોકે આ પ્રસંગનો ખુલ્લો એકરાર તો તેણે કદી કર્યો નથી. એણે ને એના ચરિત્રકારોએ એ સંબંધે મૌન જ સેવેલું. પણ પોતાનાં આપ્તજનો—બેન ડૉરૉથી ને પત્ની મેરીથી તેણે આ સત્ય કદી છુપાવ્યું ન હતું. અનેક વર્ષો પછી પ્રોફેસર હાર્વેરે આ પ્રસંગનું સંશોધન કર્યું.



કૉકરમથમાં આવેલા આ મકાનમાં ૧૭૭૦ની ૭મી એપ્રિલે કવિનો જન્મ થયો હતો.

૧૭૯૨નો જે ઉનાળો તેણે ઍનેતના ગામ (બ્લ્વા)માં ગાળ્યો, તે દરમ્યાન એ માનવપ્રેમી કવિ કેટલાક ફ્રેન્ચ અફસરોના સંસર્ગમાં આવ્યો. એ સૌ ફ્રેંચ ક્રાન્તિના વિરોધી હોવાથી કવિનો સહજ સ્ફૂરિત રૂસોવાદ વધુ દૃઢ થયો. પ્રેમ, કરુણા, ત્યાગ, આશા અને શ્રદ્ધા જેવા માનવ્ય-પૂર્ણ ભાવોદ્રેકનાં, ફ્રાન્સના રસ્તા પરનાં દશ્યોથી એનું હૃદય દ્રવી જતું. ફ્રેંચ ક્રાંતિ પ્રત્યેની એની આ સમયની હમદર્દીની લાગણી, વયમાં પોતાથી પંદર વરસ આગળ એવા મિશલ બૉપે સાથેની એની મૈત્રીમાં એણે મૂર્તિમંત કરી છે, અને પોતાની આત્મકથા જેવા લાંબા કાવ્ય 'ધ પ્રિલ્યૂડ'માં એનું એક જીવંત રેખાચિત્ર દોર્યું છે. કૉલરિજ અને ડૉરૉથીને બાદ કરતાં વર્ડ્ઝવર્થના બૌદ્ધિક જીવનમાં બૉપેની અસર સૌથી પ્રબળ છે. 'લ્વાર'ના વનપ્રદેશમાં સદાયે સાથે ભટકતા આ બે મિત્રો વચ્ચે રાષ્ટ્રોના આદિ, અંત અને અસ્મિતાની અનેક ચર્ચાઓ ચાલતી. બંને મિત્રોનો સમાજકારણમાં આવો ઊંડો રસ, નજરોનજર જોએલી પીડિત માનવતામાંથી જન્મ્યો હતો.

વળી, આ જ સમયમાં કવિએ પોતાના કાવ્યોદય કાળ-



કવિ વર્ડ્ઝવર્થની નાની બહેન, અને તેની જીવનભરની મિત્ર બની રહેલી ડૉરૉથી, જેણે એની જીવનદાત્રી બનીને હૂંફ આપી. ભાઇને ખાતર જીવનભર અવિવાહિત રહેલી ડૉરૉથીએ પોતાનું જીવન ભાઇને જ અર્પણ કરી દીધું હતું. એણે નિયમિત લખેલી રોજનિશિમાંથી કવિ-જીવનની મોટા ભાગની સામગ્રી મળી રહે છે.



સમરસેટ પરગણામાં, ક્વાન્ટૉક ટેકરીઓના પ્રદેશમાં, કોલરિજના મકાનથી માઇલેક દૂર આવેલું 'આલ્ફૉક્સડન મૅનોર' નામે મકાન, જ્યાં પોતાની બહેન ડૉરૉથી સાથે કવિએ પોતાનો શ્રેષ્ઠ જીવનકાળ વીતાવ્યો; જ્યાં દુનિયાના સાહિત્ય-જગતમાં વિરલ એવી (ગર્ટે-શિલરની મૈત્રી જેવી) વર્ડ્ઝવર્થ ને કોલરિજની મૈત્રી જામી, ને ફાલી; જ્યાં ચાલેલી મનભર કાવ્યચર્ચાઓના પરિણામે જગતનાં શ્રેષ્ઠ કાવ્યોમાં ગણનાપાત્ર થોડાં કાવ્યો વાળો એ બંનેનો સંયુક્ત કાવ્યસંગ્રહ 'લિરિકલ બૅલાડ્ઝ' રચાયો; જ્યાં કવિના આત્મકથાનક જેવું તેનું મહાન કાવ્ય 'ધ પ્રિલ્યૂડ' લખાયું.

ની બીજી લાંબી કૃતિ 'ડિસ્ક્રિપ્ટિવ સ્કેચિઝ'ની રચના કરી, ને બીજે વર્ષે લંડનમાંથી એનું પ્રકાશન કર્યું. વિષય અને શૈલી બન્નેની દૃષ્ટિએ 'ધી ઇવનિંગ વૉક'થી એમાં કશું જ નવું નથી. આખી યે કૃતિ એટલી જ કૃત્રિમ છે, અને અંતના ભાગમાં રૂસોની તથા બૉપેની અસરો સ્પષ્ટ વરતાઈ આવે છે. એમાં ક્રાંતિનાં ખુલ્લાં યશોગાન સાંભળીને લંડનના વિવેચકોએ તે વિષે એક બાજુ પોતાનો રોષ પ્રગટ કર્યો, ત્યારે, હજુ તો કેમ્બ્રિજમાં ભણતા કોલરિજ જેવાએ અંગ્રેજી સાહિત્યમાં એક નવી પ્રતિભા જન્મતી જોઈને પોતાનો પરમ સંતોષ પ્રગટ કર્યો.

ઑક્ટોબરમાં એ સ્વારથી પારીસ ગયો. એક જ મહિના પર જ્યાં ક્રાંતિની ભયાનક કતલ ચાલી હતી એવી ત્યાંની શેરીઓમાં ફરતાં એ થોડો દુઃખી થયો; પણ માનવજાતની મુક્તિ માટે આવી કતલો કમનસીબ અનિવાર્યતા રૂપે એણે સ્વીકારી લીધી, અને ડિસેમ્બરમાં એણે ફ્રાન્સ છોડયું ત્યારે એનું ક્રાંતિમુગ્ધ મન ગાઈ રહ્યું હતું:

'Bliss was it in that dawn to be alive.'

ઇંગ્લંડ આવીને એણે ફ્રેંચ ક્રાન્તિને પુરસ્કારતું 'ઍપોલૉજી ફૉર ધ ફ્રેન્ચ રેવોલ્યુશન' તો લખ્યું, પણ દિવસે દિવસે એ જ ક્રાંતિનાં પરિણામો વિષે એને ભ્રમ ભાંગતો ગયો. એ ક્રાન્તિની મૂળ પ્રેરક રૂસોની વિચારસરણીથી ઊલટી જ દિશામાં ક્રાન્તિનો પ્રવાહ સરી રહ્યો હતો. આમ, ત્રેવીસ વર્ષના આ નવલોહિયા ક્રાંતિઘેલાની શ્રદ્ધા તૂટવાની અણી પર હતી, એટલામાં ઇંગ્લંડમાં ક્રાંતિપ્રેરિત એક પુસ્તક પ્રકટ થયું, અને ઘડીભર તો વર્ડ્ઝવર્થની આંખ આગળથી આવતા અંધારનો ઓળો હટી ગયો. એ પુસ્તક તે વિલિયમ ગૉડવિનનું 'એન્કવાયરી ઈનટુ પોલિટિકલ જસ્ટિસ.' એ જ વરસે, ૧૭૯૩માં એણે તેની અસર નીચે 'ગિલ્ટ ઍન્ડ સૉરો' નામની પોતાની એક મહત્ત્વની કૃતિ શરૂ કરી અને બીજે વરસે એ પૂરી કરી. આ કૃતિમાં કવિના પોતાના હૃદયધબકારનો તાલ પણ પુરાયો છે.


૧૭૯૫ના સપ્ટેમ્બરમાં કોલરિજ સાથેના પ્રથમ પરિચય બાદ વર્ડ્ઝવર્થે એ કૃતિ એની આગળ જે હરખથી વાંચી સંભળાવી એનો રસિક ઇતિહાસ (જે પ્રસંગ અંગ્રેજી સાહિત્યનો એક ચિરસ્મરણીય ઇતિહાસ ગણાયો છે) કોલરિજે પોતાના પુસ્તક 'બાયોગ્રાફિયા લિટરારિયા'માં આલેખ્યો છે. કોલરિજને એ કૃતિમાં જે અપૂર્વતાનું દર્શન થયું તે પાછળથી એના કાવ્યવિચારનાં મૂળ તત્ત્વ રૂપે રજૂ થયું છે.

પણ 'ગિલ્ટ ઍન્ડ સૉરો'ની પૂર્ણાહુતિ પછીનો કાળ વર્ડ્ઝવર્થના જીવનમાં સૌથી વધુ રહસ્યમય અને કટોકટીનો છે. આ કાળમાં જ એનામાં કોઇ નવા જ વર્ડ્ઝવર્થનો જન્મ થયો લાગે છે. ક્રાંતિ વિષેની એની શ્રદ્ધા ભાંગીને ભુક્કો થઈ ગઈ ને રેઈસડાઉનના ૧૭૯૫ના નિવાસ કાળમાં 'ધ બૉર્ડરર્સ'નામે નાટક રચતો તે દેખાય છે. એ ૧૭૯૫નું આખું યે વર્ષ વર્ડ્ઝવર્થના જીવનમાં અત્યંત મહત્ત્વનું છે. એક બાજુ રૂસો, ફ્રેંચ ક્રાંતિ ને ગૉડવિન એના જીવનમાંથી વિદાય લે છે, અને બીજી બાજુથી ડૉરૉથી ને કોલરિજનો પ્રવેશ થાય છે:

'O welcome Messenger! O welcome friend!
A captive greets thee—'

આવા શબ્દો વડે, પોતાના જીવનમાં આમૂલ પરિવર્તન આણનાર આ બે અતિથિઓનો કવિએ હૃદયસત્કાર કર્યો છે. રેઇસડાઉનમાં કવિએ ડૉરૉથીની છાયામાં આ દ્વિજ જીવનનો આરંભ કર્યો. ફ્રાન્સે વર્ડ્ઝવર્થને બેવડા પ્રેમથી નવાજ્યો હતો: ઍનેતના અને ક્રાંતિના. એ બંનેની જગ્યા જો આ બે વ્યક્તિઓએ-ડૉરૉથી અને કોલરિજે-ન લીધી હોત તો આ ભાંગી પડેલો કવિ ફરીને પાછો ભાગ્યે જ

જગતના એક શ્રેષ્ઠ કાવ્યનું પ્રભવસ્થાન ટિન્ટર્ન ઍબી-નાં ખંડિયેરો



વાઇની ખીણમાં, રમણીય નિસર્ગદશ્યની વચ્ચે આવેલા ટિન્ટર્ન દેવળનાં ખંડિયેરા: જેની મુલાકાત પછી વર્ડ્ઝવર્થે લખેલું કાવ્ય (લાઇન્સ રિટન ઍબવ્હ ટિન્ટર્ન ઍબી) જગતભરનાં ઉત્તમ કાવ્યો પૈકી ગણાય છે. એમાં એણે કુદરતમાંની પોતાની શ્રદ્ધા, અને 'માનવતાના ગ્લાનિભર્યા પ્રશાંત સંગીત'ભરી સ્થિતિ પ્રત્યેની હમદર્દી વ્યક્ત કરી છે. વર્ડ્ઝવર્થ પોતે એ કાવ્ય વિષે લખે છે કે 'જે વાતાવરણ નીચે એ રચાયું એના સ્મરણ જેટલું મધુર સ્મરણ મારા કોઈ કાવ્યના વાતાવરણનું મને લાગ્યું નથી. મારી બહેન ડૉરૉથી સાથે ચારપાંચ દિવસ ભમ્યા બાદ ટિન્ટર્ન છોડીને તરત મેં તે શરૂ કર્યું, અને સાંજે બ્રિસ્ટલમાં પ્રવેશ કરતી વખતે તે પૂરું કર્યું. એની એક પણ પંક્તિમાં ફેરફાર નહોતો થયો, કે હું બ્રિસ્ટલ પહોંચ્યો ત્યાં સુધી એની એક પણ પંક્તિ મેં કાગળ પર માંડી પણ ન હતી.'

ઊભો થયો હોત. આ પરિસ્થિતિમાંથી કવિને ઉગારી લેવા માટે માત્ર કવિ પોતે જ નહિ પણ આખું યે જગત ડૉરૉથી ને કોલરિજનું ઋણી રહેશે. પોતાની એ જીવનદાત્રી પ્રત્યેની લાગણી કવિ નીચેની પંક્તિઓમાં વ્યક્ત કરે છે:

She gave me eyes, she gave me ears,
And humble cares, and delicate fears,
A heart, the fountain of sweet tears,
And love, and thought, and joy.

૧૭૯૭ના જૂન માસના એક દિવસે, ઉપર કહેલા નાટક 'ધ બૉર્ડરર્સ'નું વર્ડ્ઝવર્થે જ્યારે કોલરિજ આગળ વાચન કર્યું, એ દિવસ અંગ્રેજી સાહિત્યના સદ્ભાગ્યનો દિવસ હતો. એ વાચનને પરિણામે એ બે વચ્ચે જે મૈત્રી જામી તે ગટે-શિલરની મૈત્રીના અપવાદ સિવાય દુનિયાના સાહિત્યજગતમાં અતિ વિરલ છે. (એ કોલરિજની પરિચયરેખા આ અંકમાં 'આ માસની વ્યક્તિવિશેષ' તરીકે આવી છે.)

હવે કોલરિજનો નિકટનો સહવાસ સાધવાને વર્ડ્ઝવર્થ અને ડૉરૉથી કોલરિજના 'નેધર સ્ટૉવે'ના નિવાસસ્થાનથી માત્ર ત્રણ માઇલ દૂર આલફૉક્સડનમાં રહેવા આવ્યાં. બંનેના ઘરની વચ્ચેના માર્ગ પર રોજ ને રોજ જે કાવ્યચર્ચાઓ ચાલતી એનો સુરેખ ઇતિહાસ પણ

↓નીચે: આલ્ફૉક્સડન છોડયા બાદ કવિ ગ્રાસમીઅરમાં જે 'ડવ કૉટેજ'માં ૧૭૯૯થી ૧૮૦૮ સુધી રહ્યા તેમાંનો કવિનો અભ્યાસખંડ. આ શતાબ્દી ઉત્સવ વખતે એ જ મકાનમાં લૉર્ડ બેવરિજે મંગલ ભાષણ કરેલું ને આજના કવિઓએ કવિનાં કાવ્યો વાંચી સંભળાવેલાં. કવિ આ મકાન છોડીને રાઇડલ માઉન્ટ રહેવા ગયા ત્યાં સુધીમાં અહીં તેની ઘણીખરી શ્રેષ્ઠ કૃતિઓ રચાઇ ચૂકી હતી.





ઉત્તરના સરોવર પ્રદેશમા આવેલા ગ્રાસમાંઅર સરોવર અને ગ્રાસમાઅર ગામનુ સુદર નિસગદૃશ્ય

કોલરિજે 'બાયોગ્રાફિયા લિટરારિયા'માં આલેખ્યો છે. એ ચર્ચાઓનું પરિણામ તે બંને કવિઓનો જોડિયો કાવ્યસંગ્રહ 'લિરિકલ બૅલાડ્ઝ'; અને વર્ડ્ઝવર્થનું કોલરિજે સૂચવેલા અભૂતપૂર્વ કાવ્ય 'ધ રેકલૂઝ'નું રૂપાંતર 'ધ પ્રિલ્યૂડ'.

'લિરિકલ બૅલાડ્ઝ'માં વર્ડ્ઝવર્થે સામાન્યને અસામાન્ય રૂપે અને કોલરિજે અસામાન્યને સામાન્ય રૂપે નિરૂપ્યું. આ સંગ્રહમાં, વર્ડ્ઝવર્થના જગતભરના એક ઉત્તમ કાવ્ય 'લાઈન્સ રિટન અબવ્હ ટિન્ટર્ન ઍબી' અને કોલરિજનાં પણ એવાં જ બે કાવ્યો, 'એન્શ્યન્ટ મૅરીનર' અને 'ક્રિસ્ટાબેલ'ને સ્થાન મળ્યું છે. 'લાઇન્સ...'માં વર્ડ્ઝવર્થે જે સંપૂર્ણતા સાધી છે તે બીજે ક્યાંય જોવા મળતી નથી. આ કાવ્ય ૧૭૯૮ના જૂનની તેરમી તારીખે ડૉરૉથીની સાથે વાઈથી પાછા ફરતાં સહસા સ્ફુરી આવ્યું હતું. કવિનું સળંગ ચૈતન્ય એમાં ચમકી ઊઠ્યું છે. 'લિરિકલ બૅલાડ્ઝ'નું ૧૭૯૮માં શકવર્તી પ્રકાશન થયું, ને પાછળથી વિવેચનના ઇતિહાસમાં પ્રખ્યાત થઇ પડેલો તેનો 'પ્રવેશક' બે વર્ષ પછી પ્રગટેલી એની બીજી આવૃત્તિમાં ઉમેરાયો. અને આ સંગ્રહે એક સૈકાની અંગ્રેજી કવિતાનો પ્રવાહ પલટાવી દીધો.

એ જ વર્ષે આ ત્રિપુટીએ જર્મનીનો પ્રવાસ આદર્યો, જ્યાં વર્ડ્ઝવર્થે પોતાનાં પ્રખ્યાત 'લ્યૂસી કાવ્યો' લખ્યાં.

ઇંગ્લંડ આવીને વર્ડ્ઝવર્થે ઉત્તરના સરોવરપ્રદેશોમાં આવેલા ગામ ગ્રાસમીઅરમાં વાસ કર્યો. વર્ડ્ઝવર્થ જ્યારે પહેલાં આલફૉકસડનમાં રહેવા ગયો ત્યારે તેને મિત્રની જરૂર હતી; પણ હવે એથી ઊલટું બન્યું. હવે કોલરિજને મિત્રની જરૂર હતી. એટલે એ વર્ડ્ઝવર્થની પાછળ, ગ્રાસમીઅરથી બાર માઈલ દૂર કેસ-વિકમાં ચાલી આવ્યો. અહીં વર્ડ્ઝ-વર્થે આગળ જણાવેલો પોતાનો પ્ર-ખ્યાત 'પ્રવેશક' લખ્યો, જેનો પાછ-ળથી કોલરિજે, મિત્રને અને સત્યને બંનેને સાચવી લે એવો ઉત્તર 'બાયો-ગ્રાફિયા લિટરારિયા'માં લખ્યો.

ગ્રાસમીઅર-વાસના પ્રારંભ-કાળમાં વર્ડ્ઝવર્થે 'માઇકેલ', 'રેઝો-લ્યુશન ઍન્ડ ઇન્ડિપૅન્ડન્સ' તથા 'ધ ડૅફૉડિલ્સ' વગેરે કૃતિઓ રચી. જેના ઉપર મૅથ્યુ આર્નૉલ્ડ મોહી પડચો હતો તે 'માઈકલ'માંની –'Never lifted up a single stone' તથા 'રેઝોલ્યુશન ઍન્ડ ઈન્ડીપેન્ડેન્સ'માંની

'And the whole body of the Man did seem
Like one whom I had met within a dream.'

આ પંક્તિઓમાં વર્ડ્ઝવર્થનો માનવપ્રેમ, અને 'ધ ડૅફૉડિલ્સ' તથા એવાં બીજાં અનેક 'કુસુમકાવ્યો'માં વર્ડ્ઝવર્થનો પ્રકૃતિપ્રેમ નીતરી રહ્યો છે. આમ, વર્ડ્ઝવર્થ જ્યારે રોજરોજ પોતાની ચેતનાથી જગતને આંજતો જતો હતો ત્યારે કોલરિજ અફીણના ઘેનમાં ઘેરાતો જતો હતો. આજના વિખ્યાત અંગ્રેજ કવિ અને વિવેચક તથા નોબેલ પુરસ્કાર મેળવનાર ટી. એસ. ઇલિયટે જેને કરુણમાં કરુણ ગણાવ્યું છે તે કાવ્ય 'ડિજેકશન' જ્યારે ૧૮૦૨ના એપ્રિલમાં કોલરિજ લખવા બેઠો ત્યારથી વર્ડ્ઝવર્થે પોતાનો એકનો એક મિત્ર ગુમાવવા બેઠો. જોકે ૧૮૦૩ના ઉનાળાના વર્ડ્ઝવર્થના સ્કૉટલૅન્ડના પ્રથમ પ્રવાસના પ્રારંભકાળમાં કોલરિજ સાથે જ હતો. કાવ્યક્ષેત્રે જર્મનીના પ્રવાસ જેટલો જ આ સ્કૉટલૅન્ડનો પ્રવાસ પણ વર્ડ્ઝવર્થને ફલદાયી નીવડચો. આ પ્રવાસમાં એણે 'સ્ટેપિંગ વેસ્ટવર્ડ્ઝ' ને 'ધ સૉલીટરી રીપર' જેવાં ખ્યાત કાવ્યો રચ્યાં.

(અનુ.પૃ ૨૪૭૩૫૨)



←ડાબી બાજુ: રાઈડલ સરોવરને કાંઠે રાઈડલ માઉન્ટના આ મકાનમાં કવિનો શેષ જીવનકાળ વીત્યો. જે દરમ્યાન, ૧૮૪૩માં સધેના મરણ પછી એને રાજકવિપદ મળ્યું. (ડબ્લ્યુ ગ્રીનના ઇચિંગ પરથી)



જમણી બાજુ → કવિ વર્ડ્ઝવર્થ: ઉત્તરાવસ્થાએ

પંદરમી ઑગસ્ટે

ગુજરાતના એક મહાનગરમાં પાશવતાભર્યા જે પ્રસંગ બન્યા તેનું લગભગ સાચું વર્ણન તથા એવા પ્રસંગને કેમ પહોંચી વળવું તે બતાવતી

વાર્તા

લેખક
વાસુદેવ ભટ્ટ



પણ ગુંડાના સાથીદારે ચપ્પા વડે મહેશ ઉપર હુમલો કર્યો

પંદરમી ઑગસ્ટ! આપણો રાષ્ટ્રીય તહેવાર!

તહેવારો તો ઘણા છે. કારતક સુદ પડવાનો બેસતા વર્ષનો કાંઈ જેવોતેવો છે? અને હોળી કે જન્માષ્ટમી, રમઝાન ઈદ કે મહોર્રમ, પતેતી અને નાતાલના તહેવાર પણ ક્યાં એ છા છે? પણ પંદરમી ઑગસ્ટ? એ દિવસે તો ભારતની સમસ્ત પ્રજામાં અનેરો જ ઉમળકો આવે છે. અને એટલે જ જિતુભાઈ એને આપણો સાચો અને મોટામાં મોટો તહેવાર માનતા. કારતક સુદ પડવાને દિવસે હિંદુઓ અને પહેલી જાન્યુઆરીએ ખ્રિસ્તીઓ જેમ અભિનંદનનાં કાર્ડ મિત્ર-મંડળને મોકલે છે, તેમ જિતુભાઈ પંદરમી ઑગસ્ટે મોકલતા; સાદાં છતાં સુંદર વસ્ત્રો પહેરી તે સ્નેહીઓ અને મિત્રોને મળવા જતા ને શુભેચ્છાઓની આપલે કરતા. એ આખોય દિવસ જિતુભાઈના દિલમાં એવો તો આનંદ અને ઉમળકો રહેતો!

પણ માત્ર જિતુભાઈ જ શા માટે? સમગ્ર ભારતમાં દરેક જગ્યાએ લોકોના દિલમાં એ જ આનંદ અને ઉમળકો દેખાએલો હતો. અને એટલે જ આજે પંદરમી ઑગસ્ટે રાજનગરના નાગરિકો સવારના પહોરથી શણગારેલી શેરીઓમાં રંગોળીવાળાં આંગણાં આગળથી ઉલ્લાસભેર ફરી રહ્યા હતા. આવડા મોટા નગરને પણ નાનું બનાવવા માગતા હોય તેમ લોકો શહેરના દરેક રસ્તામાં ઘૂમતા હતા.

સાંજ પડી; રોશની ઝળકી, રાજનગરનો અલંકાર-મંડિત દેહ જાણે તેજના ફુવારા ઉડાડી રહ્યો. શહેરનાં શોભા રૂપ સ્થાનોને સરકારે તથા મ્યુનિસિપાલિટીએ રોશનીથી ઝાકમઝોળ બનાવ્યાં હતાં. અને તેમાંયે કિલ્લાના મેદાનને તથા તેની મધ્યમાં આવેલા ટાવરને તો એવો ઓપ આપ્યો હતો કે જેને જોતાં લોકોનાં દિલ તેમનાં મોં પર પોતાની રોશની અને જીભ પર પોતાનું ગીત મૂકી દેતાં હતાં. જનગણ ગાંડો બની કિલ્લાના મેદાનની આ રોશની જોવા ઊલટી પડ્યો હતો, ઊલટતો જ રહ્યો હતો.

ધ્વજવંદન ને જાહેર સભા પતાવી જિતુભાઈ કિલ્લાના મેદાનમાં આવ્યા ને વિવિધ રીતે પોતાનો આનંદ વ્યક્ત કરતા જનસમુદાય-ની વચ્ચે થઈ જરા એક બાજુ પોતાનું સ્થાન શોધ્યું. આખા દિવસના શ્રમ ને લાગણીના ઉદ્રેક પછી તેમને થોડી શાંતિની જરૂર લાગી, એટલે સ્વસ્થ થવા તેમણે ટોળાથી જરા દૂર થઇ ઓછી ગિર-દીવાળા ભાગમાં એક સ્થળે પોતાની બેઠક લીધી.

તેમની સામે માનવસાગર ઘૂઘવતો હતો, અને એ ઘૂઘવતા માનવસાગરની ઉપર ટાવર પરની રોશનીનો પ્રકાશ પથરાયો હતો. એ બધું જોતાં જિતુભાઈની નજર ઊંચે ગઈ. અને ત્યાં તેમણે માનવ-મેદનીની પ્રચણ્ડતાને તથા તેમનાં દિલની મુલાયમ લાગણીને શોભે એવો મોટો રેશમી રાષ્ટ્રધ્વજ લહેરાતો જોયો. જિતુભાઇની નજર ત્યાં સ્થિર થઇ. મન શાંત બન્યું; થાકેલું દિલ સ્વસ્થ થયું.

'અરે જિતુભાઇ! કેમ અહીં બેસી પડ્યા છો?' જિતુભાઇના એક જૂના કૉલેજ-મિત્રે ટોળામાંથી બહાર નીકળી આવી પૂછ્યું.

'ઓહ! કોણ, મિ. શાહ? આવોને, આ તો જરા આરામ લેતો હતો. આજે તો ભાભીસાહેબને સાથે લઇને નીકળ્યા છો ને શું?'

'હા, શહેરમાં રોશની જોવા ગયા હતા. કહ્યું કે ચાલો આજે તો પંદરમી ઑગસ્ટ છે તે જરા ફરી આવીએ. હવે સોસાયટીએ જઇશું.'

'એમ? મને લાગે છે કે આજે તો બધી જ સોસાયટીના લોકો શહેરમાં આવી પહોંચ્યા હશે. શું લોકોનો ઉત્સાહ છે! લોકો જાણે ગાંડા થયા છે, ગાંડા!

'હા, એવું જ છે જિતુભાઈ. પણ, આનંદ જ ઊભરાતો હોય તો તો ઠીક છે; પણ આ તો,—શું આપણા લોકોય છે? આ હું આ મારાં વાઈફને લઈને ચાર ફુવારાના નાકેથી અહીં કેમ આવ્યો છું તે મારું મન જાણે છે!'

'શું......?' જિતુભાઈ ચમક્યા.

'બીજું તો શું યાર; પણ આ ગિરદીમાં સાલા તોફાની લોકો

પણ હોય ને? સાચું કહું તો બૈરાં સાથે નીકળવા જેવું જ નથી.'

'હં......?' જિતુભાઈ તરત ગંભીર થઈ ગયા ને મિ. શાહ સાથે 'આવજો'નો શિષ્ટાચાર પતાવી તરત સીધા ચાર ફુવારાના નાકા ઊપડ્યા. તેમને પહેલો તો ગુસ્સો ચડ્યો એવા લોકો પર, કે જેઓ પોતાનાં બૈરાંને સાચવી શકવા જેવી શક્તિ નથી ધરાવતા. પોતાનાં બૈરાંને કોઈ કાંઈ હેરાન કરી જાય છતાં જેઓ તેનો જરાપણ સામનો ન કરી શકે, અરે લાલ આંખ પણ ન કરી શકે, એવા લોકો પરણતા હશે શું કામ? વળી તેમને એમ પણ થયું કે આવી ગિરદી થતી હોય ત્યાં અને ત્યારે બૈરાંઓ આવતાં હશે શું કામ? પણ આવા પંદરમી ઑગસ્ટ જેવા સુપર્વે લોકો પોતાનો આનંદ વ્યક્ત કરવા કેમ ન નીકળે? પણ ત્યારે આ સ્ત્રીઓના છેડતી થાય એનું શું? આપણે આઝાદ થયા તે શું આપણી આવી હલકટતાને છૂટી મૂકવા માટે?

'ઓ...રે...! સાલા જંગલી લોકો!' ભારતના સ્વાતંત્ર્યદિને ન શોભે એવા આ શબ્દો એકાએક જિતુભાઈને સંભળાયા, અને તેનાથી યે વધારે અ-શોભતા વર્તનને તેણે જાહેર કર્યાં. એ જાહેરાતે જિતુભાઇનો વિચાર-પ્રવાહ અટકાવ્યો, અને તરત તેમના વિચાર-પ્રવાહે આચારનું રૂપ પકડ્યું. પહેરણના ગજવામાં હાથ નાખી તેમાંનાં કાગળિયાંમાંથી એક ટાંકણી તેમણે શોધી કાઢી.

હજી આ કામ પૂરું નહોતું પત્યું ત્યાં તો સામેથી ધસ્યે આવતા માનવપ્રવાહમાં કોઇ મોજાંનો ખ્યાલ આપતા છ-સાત માણસો, એક બીજાના હાથ પકડી, 'હે...હે...' કરતા, સામેના અને આજુ-બાજુના લોકોને અથડાતા અને તેમની ઉપર પડતા, લગભગ દોડ્યે આવતા હતા. જિતુભાઇએ તેમની સામે નજર માંડી અને એ મોજું જેવું તેમની પાસે આવ્યું કે તરત જ, પોતાનો ડાબો ખભો આગળ કરી તેમાંના એક માણસની છાતીમાં એવા તો જોરથી ગોઠવી દીધો કે પેલો બૂમ પાડી ઊઠ્યો, અને આવો નહિ કલ્પેલો અનુભવ થવાથી પોતાને સામો ધક્કો મારનાર સામે તેણે જોયું. અને ત્યાં જિતુભાઈનો સીનો જોતાં જ તે સમજી ગયો કે અહીંથી છાનામાના આગળ વધવામાં જ માલ છે! મોજાંમાં ચાલુ ભંગાણ પડવાથી એ આખી ટોળકી જરા ખચકાઇને ઊભી રહેવા જતી હતી, ત્યાં તો પેલા ધક્કા ખાનારના સૂચક શબ્દો તેમને કાને પડ્યા: 'ચાલો, એ ચાલો, જલદી કિલ્લાના મેદાને જઈએ.'

પણ એ ટોળી તો પૂરી પસાર પણ નહોતી થઈ, ત્યાં તો માનવ સાગરનું એક બીજું મોજું જિતુભાઇ પર ધસ્યું. આ ટોળકીના આ-ગેવાનના મોંમાંથી જે શબ્દો નીકળતા જિતુભાઇએ સાંભળ્યા તથા તેની સાથે તેના સાથીદારોએ જે પશુતાભર્યા ઉદ્‌ગારો કાઢ્યા, તેણે જિતુભાઈના દિમાગને બગાડી મૂક્યું, અને તેના પરિણામે પેલા આગેવાનના પડખામાં એક એવી તો લોખંડી કોણી પેઠી કે તેનો હડસેલો તેની જીભ દ્વારા બહાર નીકળી પડ્યો! સરસ્વતી ઝરતી એ જીભને તેના મોંમા જ બંદીવાન કરવા જિતુભાઈએ પોતાનો હાથ ઉપાડ્યો, પણ ટોળકી અને તેનો આગેવાન ચેતી ગયા. જોકે તેઓ બધા ભેગા થઇને આ એકલાને પહોંચી વળે તેમ તો હતા જ. પણ અત્યારે તેમનું કાર્ય બીજું જ હતું. એટલે 'અરે, એઈ મિસ્તર! જાવ ને સીધા જતા હો તો. પાછળથી ધક્કો આવે છે એમાં અમે શું કરીએ?' એમ બોલતા, જિતુભાઇને ખસવાની તક આપ્યા વિના પોતે જ ખસી ગયા.

તે સાથે જ જિતુભાઇને પણ પોતાની ભૂલ સમજાઇ. આવા પ્રસંગે મિજાજ ગુમાવે તે બાજી હારે. એ સૂત્ર તેમને માટે નવું તો નહોતું જ, પણ લાગણીના પ્રવાહમાં તે ખેંચાઈ ગયું હતું. તરત જ તે સ્વસ્થ થઇ ગયા.

'ઓ માડી! હાય, હાય! આ મૂવા......'

જે બાજુથી અવાજ આવતો હતો તે બાજુ જિતુભાઈ ફર્યા. જોયું તો વીસેક વરસની એક છોકરી ત્રણેક ગુંડાઓની વચમાં ફસાઈ પડેલી હતી. આજુબાજુ એવી તો ગિરદી હતી કે ત્યાં તરત પહોંચવું મુશ્કેલ હતું. અને પેલા ગુંડાઓ આ તકનો લાભ લઈ રહ્યા હતા. ભણેલાગણેલા ને 'શિષ્ટ સમાજ'ના 'સંસ્કારી' લોકો પણ ત્યાં હતા; પણ તેઓ જેમ બને તેમ દૂર ખસવાનો જ પ્રયત્ન કરતા હતા! અને એ કાર્યમાં સક્રિય રસ નહિ ધરાવતા છતાં એ દૃશ્ય જોઈ ખુશ થતા કેટલાક લોકો ગુંડાઓની ચોમેર ઊભા રહી આનંદના ઉદ્‌ગારો બીભત્સરીતે ઉચ્ચારતા હતા. તેમના આ આવરણને વીંધી પેલી બહેન પાસે કેવી રીતે પહોંચવું એ સવાલ હતો.

પણ એ સવાલ પહેલેથી જ જિતુભાઇની આંખ આગળ હતો. તેમણે હવે પેલી ટાંકણી કાઢી. અને 'બાજુ ખસો, બાજુ ખસો'ના અવાજથી જે કામ ન થઈ શકત તે કામ એ એક ઇંચના નિર્દોષ હથિયારે કરી આપ્યું. ટાંકણીનો સ્પર્શ જેને થતો તે આછો સિસ્કાર કરી પાછળ જોવા ફરતો; પણ એ પાછળ ફરતો તેથી જ જિતુભાઈ માટે આગળ જવાનો રસ્તો થઇ જતો. પરિણામે થોડાક જ વખતમાં તેઓ પેલા ગુંડાઓ પાસે પહોંચી ગયા. પશુ બનેલા ગુંડાઓ જે વર્તન ચલાવી રહ્યા હતા તે જોયું જાય તેવું નહોતું.

જિતુભાઈએ તેમની પાસે પહોંચતાં જ પાછળથી ડાબા હાથ-માંનું નાનકડું શસ્ત્ર એક ગુંડાના પડખામાં જોરથી દબાવ્યું, અને બીજી તરફ, એની સાથોસાથ, જમણા હાથથી બીજા ગુંડાના પડખા-માં એક મુક્કો લગાવ્યો. બંનેએ પાછળ મોં ફેરવ્યું અને સીધા જ જિતુભાઇ પેલાં બહેનની પાસે પહોંચી ગયા. સામેની બાજુ હજી એક ત્રીજો પણ હતો. શું થઈ રહ્યું છે તેની તેને ખબર નહોતી. પણ લોખંડી પથ્થર જેવી એક ચીજે તેની છાતીમાં સંદેશો પહોંચાડ્યો. સંદેશો તો હવે ત્રણે જણને પહોંચી ગયો હતો, અને એ સંદેશાનો જીવતોજાગતો અર્થ તેમની અને તેમના શિકારની વચ્ચે ઊભો હતો.

સામનો થતાં સલામતી શોધવી એ ગુંડાઓ—અને ખાસ કરીને ગુનેગારોની ખાસિયત છે. પેલા ત્રણ જણાએ જોયું કે હવે શિકારને સતાવવો એ પોતાને માટે સલામત નથી. એટલે વધારે બાથંબાથી-ની તૈયારી હોવા છતાં જિતુભાઈને તે કરવી ન પડી. અને તે સારું જ થયું; કારણકે પોતે જેને બચાવવા આવ્યા હતા તે બહેન તેમની હેરાનગતિ દરમિયાન જ, સામનો કરવાની અસમર્થતા તથા માન-સિક આઘાતને લીધે બેભાન બની ગયાં હતાં.

પણ જિતુભાઈને તેની કાંઇ મૂંઝવણ નહોતી. તેમણે શાંતિથી એ બહેનને પોતાના ખભાનો આશ્રય આપ્યો. ચારે બાજુએ વહેતા તથા તોફાને ચડેલા આ માનવ સાગરમાંથી રસ્તો કેવી રીતે કાઢવો એ બીનઅનુભવીથી નહિ સમજાય. તેમણે પાસેમાં પાસેના ફુટ-પાથ તરફ માર્ગ કરવા માંડ્યો. તેમનું સશક્ત શરીર, તેમની ગંભીર મુખમુદ્રા અને સાથે એક બેભાન બહેન, એ દૃશ્યે તેમને માર્ગ કરવા-માં ઝડપ તથા સરળતા આપી. જેમતેમ કરી, ફૂટપાથ પર પહોંચી, છેક મકાન પાસે તો તે પહોંચી ગયા. પણ હવે શું?

જિતુભાઇએ નજર દોડાવી. બે દુકાન મૂકીને ત્રીજું જ મકાન એક શાળાનું હતું. જિતુભાઈ એ તરફ ઊપડ્યા. પોતે તો રઝિયાપુર લત્તામાં આવેલી પાયોનિયર હાઈસ્કૂલમાં શિક્ષક હતા, પરંતુ આ શાળામાં પણ તેમના એક મિત્ર મિ. મહેતા શિક્ષક હતા એ તેમના ખ્યાલમાં હતું. શાળાનું ડહેલું અંદરથી બંધ હતું. જિતુભાઇએ પગીને

બૂમ પાડી, પણ કોઇએ ઉઘાડયું નહિ. ત્યાં શાળા પાસે બીજાં પણ કેટલાંક સ્ત્રી-પુરુષો ભેગા થયાં હતાં. તેમણે પણ બૂમો પાડી. થોડી વારે ડહેલાની ડોકાબારી ઉઘાડતાં એક ભૈયણે સવાલ કર્યો: 'કૌન હૈ રી!'

'દરવાજા ખોલો!' જિતુભાઇએ લગભગ હુકમના તોરથી વાત કરી. ભૈયણ જરા ખચકાઇને ઊભી રહી, અને જાણે વિસામણમાં પડી. સાથે જ તેણે કહ્યું: 'તુમ કૌન હો—ઇસ્કોલમેં તો કોઈ નહિ હૈ.'

'ઈસ્કોલમેં કોઇ નહિ હૈં વો મુંઝે માલૂમ હૈ મગર દેખો, યે મહેતા સા'બ કી બહન બેહોશ હો ગઇ હૈ. ઉસકો જરા ઇધર રખની હોગી જલદી દરવાજા ખોલ દો.' મિ. મહેતાનું નામ વાપરવા ખાતર જ જિતુભાઇએ પેલાં બેભાન બહેનને તેમનાં બહેન બનાવી દીધાં હતાં.

ભૈયણે, જરા આનાકાની સાથે અને પૂરી અનિચ્છા છતાં, ડહેલું ખોલ્યું. એ દરમ્યાન આજુબાજુનાં સ્ત્રીપુરુષોને ઉદ્દેશી જિતુભાઈએ કહ્યું: 'આટલામાં કોઇને પ્રાથમિક સારવારનું કામ આવડે છે?'

એક ભાઇ પોતાની સાથે પોતાનાં પત્ની તથા બહેનને લઈને ઊભા હતા. એમાંથી બહેને કહ્યું, 'હું સામાન્ય જાણું છું'

'તો મને જરા મદદ કરશો?' પેલાં બહેન તથા તેમનાં ભાઈ-ભાભી પણ જિતુભાઈ સાથે શાળામાં આવ્યાં.

શાળાના મકાનમાં વચ્ચે નાનુંસરખું ખુલ્લું મેદાન હતું. તેની ચોમેર વર્ગો હતા દરેક વર્ગની આગળ એક સળંગ લાંબો ઓટલો હતો.

જિતુભાઈએ ધીમે રહીને પેલાં બેભાન બહેનને ઓટલા પર સુવાડયાં, ને નવાં આવનાર બહેનને પૂછ્યું, 'બહેન, તમારું નામ શું?'

'સુશીલા.'

'હં. તો સુશીલાબહેન, તમે આ બહેનને જરા શુદ્ધિમાં આણો-ફાવશે ને!'

'અરે હા, હા; જરૂર ફાવશે.' કહેતાંકહેતાંમાં જ સુશીલા બહેને પોતાનાં કપડાં વ્યવસ્થિત કરી પેલાં બેભાન બહેનનો હવાલો લીધો.

જિતુભાઇ હવે સુશીલા બહેનના ભાઈ તરફ વળ્યા: 'તમારું નામ શું, ભાઇ?

'હરિપ્રસાદ.'

'તો તમે, હરિપ્રસાદભાઈ, અહીં રોકાશો ને? હું જરા ટેલીફોન કરીને આવું છું.'

અને જવાબની રાહ જોવા વિના જ જિતુભાઈ ઊપડયા. શાળામાં ટેલીફોન હતો તે એ જાણતા હતા.

બેભાન બહેનને અહીં લાવતાં સુધીમાં જિતુભાઈએ ઘણા વિચાર કરી નાખ્યા હતા. પોતે એક બહેનને બચાવી એટલાનો કાંઈ અર્થ નહોતો. બીજી કેટલીયે બહેનોની એવી જ દશા થતી હશે તે તેમના ખ્યાલમાં હતું.

એટલે, સૌથી પહેલો તેમણે વશરામની પોળે પોતાના એક ઓળખીતાને ટેલીફોન કર્યો: 'હલ્લો! કોણ?...એ તો હું જિતેન્દ્ર. ...હા, તમે કોણ? કોણ, બાબુ કે? ચાલ, સારું થયું...હા, કામ તો છે જ ને? જો, પહેલું તો એ, કે જસવંતભાઈ તેમને ઘેર હોય તો તરત બોલાવ...શું? નીચે જ છે?...ઓહો! તો એમને ઉપર બોલાવ.'

કામ સરળ થતું જોઈ જિતુભાઈના મોં પર સંતોષની રેખાઓ આવી. ટેલીફોન પર થોડી વાર શાંતિ રહ્યા પછી ફરી વાત શરૂ થઇ: 'હલ્લો! કોણ જસવંતભાઇ?... એ તો હું જિતેન્દ્ર. હું અત્યારે ચાર ફુવારાના નાકા પાસે નવભારત હાઇસ્કૂલમાંથી બોલું છું. હા એ જ કહું છું...આજે અહીંના રસ્તાઓ પર ખૂબ જ ગિરદી થઇ છે. અને તેમાં કેટલાંક અનિચ્છનીય તત્ત્વો પણ પેઠાં છે....; બીજું તો ઠીક, પણ સ્ત્રીઓને હેરાન કરવાના બનાવ ઘણા બની રહ્યા છે...તમારી



હેતા સાહબ કી
હન બેહોશ હો
ગઈ હય...

આપેલી તાલીમનો ઉપયોગ કરવા માંડયો છે..... એટલે જ કહું છું ને, કે તમારી મદદની જરૂર છે... આપણી ટોળીના જેટલા પકા હાથ લાગે તેટલા બધા તૈયાર થઈને જ આવે...ખાસ કરીને આપણા બૂટ...જો મારા બૂટ કોઇ લાવી શકે તો સારું...બધા જલદી આવો. .ખુદ તમે આવો છો પછી મારે શી ચિંતા રહેશે...ચાર્જ તો તમારે જ સંભાળવો પડશે. હા, વીરૂભાઈને પણ ફોન કરું છું. બનતું બધું કરું છું...હા, ચાલો ત્યારે, આવી પહોંચો.'

જસવંતભાઈ મળ્યા, અને ખુદ તેઓ જ આવી પહોંચતા હતા તેથી જિતુભાઇ ખુશ થયા; કારણકે છેક નાનપણથી જ જસવંતભાઈ, અંબુભાઇ પુરાણીની વ્યાયામશાળામાં તાલીમ પામ્યા હતા અને આવા બધા પ્રસંગોએ તેમની એ તાલીમ ખૂબ કારગત નીવડતી. જિતુભાઈ કાંઇ પહેલેથી એવી તાલીમ પામ્યા નહોતા. રાજનગરમાં આઠ વર્ષ પહેલાં એક વાર હુલ્લડ થઈ ગયું હતું. તે પછી જસવંતભાઈ વીરૂભાઈ ને બીજા વ્યાયામ કાર્યકરોએ ભેગા મળી કેટલાક તાલીમ કેન્દ્રો, નાઇટ કૅમ્પરૂપે, શરૂ કર્યા હતા. વાતાવરણની ગરમીને લઇને જિતુભાઈ આવા એક કૅમ્પમાં જોડાએલા, ને ત્યાં જસવંતભાઇ તથા બીજા વ્યાયામ કાર્યકરોના હાથ નીચે તાલીમ લીધી. એથી એમને જે અનેક લાભ થયા તેમાં એક એ પણ હતો કે તેમના સ્વભાવ અને શરીરમાં ઘર કરી બેઠેલી 'વાણિયાશાહી'એ રજા લેવા માંડી હતી.

જસવંતભાઇ સાથે ટેલીફોન પર વાતચિત પતાવી જિતુભાઇએ શાંતિનગર સોસાયટીમાં વીરૂભાઈને ફોન કર્યો. પણ સમાચાર મળ્યા કે તેઓ તો બહાર નીકળી ગયા છે અને હવે કયાં મળી શકે તે ન કહી શકાય. છતાં એ બાજુથી બીજા જે મિત્રો આવી શકે તેમ હોય તેમને અહીં મોકલવા અંગેની સૂચનાઓ બીજા એક મિત્રને પહોંચાડવા જિતુભાઈએ વ્યવસ્થા કરી.

નાઇટ કૅમ્પવાળા બીજા પણ બે ચાર કાર્યકર્તાઓને જિતુભાઇએ ફોન કરી જોયા, અને જે જે મળ્યા તેમને ચાર ફુવારાના નાકે આવી શાળામાં પોતાને મળવા જણાવ્યું.

તે પતાવી જિતુભાઈએ સારંગ ચોકી પરના પોલીસ થાણે ટેલિફોન કર્યો, અને ત્યાં ફરજ પરના ઈન્સ્પેકટરને વસ્તુસ્થિતિ સમજાવી, પોલીસ પાર્ટી સાથે ચાર ફુવારાના નાકે આવી પહોંચી બંદોબસ્ત



↓ગુંડાઓના પગપર પોતાના બૂટ એવી તો સચોટ રીતે મૂકતા અને મુક્કી, ખભા ને કોણીનો ઉપયોગ એવી તો નિશ્ચલ રીતે કરતા કે...

કરવાની જરૂર જણાવી. ઇન્સ્પેક્ટરે પણ સારીરીતે વાત કરી અને જણાવ્યું કે પોતે તે અંગે જરૂરી વિધિ પતાવી આવી પહોંચે છે.

આ દરમિયાન શાળાનો પગી આવી પહોંચ્યો હતો અને જિતુભાઈની સામે ઊભો રહી "સા'બ, 'સા'બ" કહી તેમનું ધ્યાન ખેંચતો હતો. તે શું કહેવા માગે છે તે જિતુભાઈ સમજી ગયા હતા અને તેથી તેને બોલવાની તક આપવાને બદલે પોતે જ સામું પૂછ્યું: 'તુમારે હેડમાસ્ટર સા'બ કે ઘર પર ટેલીફોન હય યા નહિ ?'

'નહિ, સા'બ, હેડમાસ્ટર સા'બ કે ઘર પર તો નહિ હય, લેકિન બાજુ મેં ડાકટર સા'બ કા મકાન પર હય. ઓર વો લોગ હેડમાસ્ટર સા'બ કો ટેલીફોન પર બુલાતે હય.'

'વો ડાકટર સા'બ કા નંબર ક્યા હય—માલૂમ હય ?'

'દેખો સા'બ, વો બારડ પર સબ નંબર લિખે હય; ઉસ મેં ડાકટર રામપરસાદ વિયાસ કા નામ પર દેખીએ.' .

જિતુભાઈએ એ નંબર શોધી હેડમાસ્તરનો સંપર્ક સાધ્યો. તેમને પરિસ્થિતિની ગંભીરતા તથા તેમની શાળાના મકાનની અગત્ય સમજાવી અને થોડા કલાક માટે તેમની શાળાના મેદાન તથા બેચાર ઓરડાનો ઉપયોગ કરવા દેવાની માગણી કરી. હેડમાસ્તરે શરૂઆતમાં તો જરા હા-ના કરી, પણ પછી તેઓ કબૂલ થયા અને પગીને ફોન દ્વારા જરૂરી સૂચના આપી.

ટેલીફોનનું કામ પતાવી જિતુભાઈ ઓટલે આવ્યા. પેલાં બેભાન બનેલાં બહેન હવે ભાનમાં આવી ગયાં હતાં અને સુશીલાબહેનના જણાવ્યા પ્રમાણે તેમને ખાસ સારવારની જરૂર નહોતી પડી. વળી એ પણ જાણવા મળ્યું કે પેલાં બહેનનું નામ તારાબેન હતું. તેઓ પોતાના પતિની સાથે રોશની જોવા નીકળ્યાં હતાં, પણ આ લત્તામાં આવતાં જ કેટલાક તોફાની લોકોએ ધક્કાધક્કી કરી તેમને છૂટાં પાડી દીધાં હતાં અને તે પછી તે એકલાં પડતાં...

પણ પછીની બધી વાત તો જિતુભાઇ જાણતા હતા.

હવે જિતુભાઇએ ફરીથી બહાર જવાનો વિચાર કર્યો, પણ તેમને થયું કે તેમના બૂટ આવી ગયા હોત તો સારું હતું. હુલ્લડ પછીના નાઇટ કૅમ્પ વખતે તેમણે તથા તાલીમ પામેલા બીજા ઘણા મિત્રોએ ખાસ ઑર્ડર આપી હોલ-બૂટ કરાવ્યા હતા, જેને તળિયે લોખંડી નાળ તથા ઊભા મજબૂત ખીલા જડાવ્યા હતા. બહારની સખત ગિરદીમાં અને તેમાંયે ખાસ કરીને ગુંડાઓ સાથે કામ લેવામાં તે કેટલા ઉપયોગી થઇ પડે છે તે જિતુભાઇ અનુભવથી જાણતા હતા. પણ ખેર! અત્યારે તો એ બૂટ વિના પણ ગિરદીમાં ઘૂસવાનું જ હતુ.

જિતુભાઈ બહાર આવ્યા. જોયું તો ગિરદી ખ્યાલમાં પણ ન આવે એટલી બધી વધી પડી હતી. આવી ગિરદીમાં બીજું કાંઈ નહિ તો ગૂંગળાઇને બેભાન બનવાના કિસ્સા પણ સંખ્યાબંધ બનવાના. જિતુભાઇને લાગ્યું કે પ્રાથમિક સારવાર અંગે પાકો બંદોબસ્ત કરવાની જરૂર છે. તેઓ તરત જ ટેલીફોન કરવા પાછા ફર્યા. ત્યાં તો અવાજ સંભળાયો: 'જિતુભાઈ!'

પાછા ફરીને જોયું તો બાબુ અને રજની આવી પહોંચ્યા હતા. એ બેને એકલા જ જોતાં જિતુભાઈથી પુછાઇ ગયું: 'કેમ, એકલા જ ? બીજા બધા ક્યાં છે?'

'અમે તો તમારા બૂટ આપવા આવ્યા છીએ.'

'અરે, વાહ! સરસ! ચાલ, એની જ રાહ જોતો હતો, લાવ.' બાબુએ થેલીમાંથી બૂટ કાઢ્યા. તે પહેરતાં જિતુભાઈએ કહ્યુ: 'બાબુ, જાને, અંદર શાળાની ઑફિસ પાસે ટેલીફોન છે. ત્યાંથી સેંટ જ્હૉન્સ ઍમ્બ્યુલન્સ એસોસીએશનને ટેલીફોન કર ને કહે કે તેઓ એક સારવાર ટુકડી અહીં મોકલે. અહીંની પરિસ્થિતિ બરાબર સમજાવજે.'

'રજની' બાબુએ કહ્યુ, 'તું ટેલીફોન કરવા જા. એટલામાં મારે જિતુભાઈને જસવંતભાઇનો સંદેશો કહેવાનો છે તે હું પતાવું.'

'વારુ' કહી રજની ઊપડ્યો.

'તમારો ટેલીફોન આવ્યો કે તરત જ જસવંતભાઈએ મને તમારે ઘેર મોકલ્યો અને કહ્યું કે મારે રજનીને સાથે લેતા જવું અને તમારા બૂટ લઈ તમને પહોંચાડવા. હવે અહીંની વ્યવસ્થાનું કામ રજનીને સોંપી આપણે બે જણાએ બહાર મદદ કરવા જવાનું છે. જસવંતભાઈ અને બીજા બધા તો સીધા જ બહાર પોતાનું કામ શરૂ કરી દેશે.'

થોડીવારે રજની આવ્યો. 'કેમ, પતી ગયું?' જિતુભાઇએ તેને પૂછ્યું.

'હા. તેમણે જણાવ્યું કે એક ઍમ્બ્યુલન્સ તથા ડૉ. ભરૂચાના હાથ નીચે સારવાર આપનારી એક ટુકડી મોકલીએ છીએ.'

'વારુ, તો જો, તું હવે અહીં રોકાજે. તું પણ સારવારનું કામ જાણે છે, ને પેલાં સુશીલાબેન પણ જાણે છે, એટલે તમે બંને સારવાર અંગેની અહીંની વ્યવસ્થા કરજો. અને દરમ્યાનમાં સોસાયટી બાજુથી કે બીજે ક્યાંયથી આપણા કોઈ મિત્રો આવે તો તેમને કહેજે કે બહાર તોફાનીઓ સામે થાય તેટલું કરી છૂટે, અહે જેમને સારવારની અથવા આશ્રયની જરૂર હોય તેમને અહીં મોકલી આપે.—અરે, હરિપ્રસાદભાઈ, જુઓ, આ ભાઈ રજની મારા મિત્ર છે. તમે તથા સુશીલાબેન એ કહે તે પ્રમાણે એમને મદદ કરજો. તમારે જરા, આજનો દિવસ થોડું કામ કરવું પડશે, ને મોડે સુધી રોકાવું પડશે. જેઓ અહીં સારવાર માટે કે આશ્રય માટે આવે, તેમને બહારની ગિરદી અને તોફાન શાંત ન થાય ત્યાં સુધી જવા ન દેશો. ચાલો, ત્યારે અમે જઇએ છીએ. બાબુ, ચાલ.' અને બાબુને સાથે લઈ જિતુભાઈ બહારની ગિરદીમાં ગુમ થઇ ગયા.

દરમ્યાન, બીજી બાજુથી જસવંતભાઈની ટુકડીએ પણ કામ શરૂ કરી દીધું હતું. જિતુભાઇનો ફોન મળતાં વેંત તેમણે બાબુને રવાના કર્યો. પછી એટલામાં ફરતા બેચાર કુમારોને (અનુ૦ પૃ૦ ૨૫૪મે)

ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા

બાંધ ગઠરિયાં…



નિશાળમાં રજા પડવાની તારીખ ડરે કે તરત ગામાજી વડોદરે કાગળ લખે અને એમણે જણાવેલે દિવસે વડોદરેથી સવારે માણસ આવી રહે. મોટે ભાગે તો ડાભઈ જ હોય.

ફરી મહિનો દોઢ મહિનો ગઝા. એ જ કારખાનું, એ જ એંજિનો, એ જ કૅરેજ, એ જ ટર્નટેબલ, એ જ જીવા, મોરાર, બહાદર, લલ્લુ-રાંગ અને આબરના આરામ જેવું કૅબિન અને ત્યાંના ડાહ્યાકાકા.

ડાહ્યાકાકા આ વખત મુંબાઈ જઇને એક ફોનોગ્રાફ લઈ આવ્યા હતા, અને સાથે થોડી ચૂડીઓ. ફોનોગ્રાફ મોટે ભાગે કૅબિન પર જ રહે, ને નવરાશ મળે કે ડાહ્યાકાકા એનો ધાણ કાઢે. અને પછી પોતે છેલ્લા જોએલા નાટકનાં ગીતો લલકારે. ઊંચે કૅબિન પરથી લલકારે તો લલકારે, પણ તે ઉપરાંત અપ અને ડાઉનના તેમજ ગોધરા લાઈનના કૅબિન માસ્તરોને ટેલીફોન ઉપર પણ ગાઈ સંભળાવે કોઇવાર



તો લાઈન પર ટેલીફોન જોડી ગ્રામોફોનની ચૂડી પણ સંભળાવે!

બરાબર નવ વાગ્યે વડોદરામાં મદનને ઝાંપે તોપ ફૂટતી. આ મદનના ઝાંપા વિશે મારા મનમાં જાતજાતના ખ્યાલ બંધાએલા. નાટક જોવા જવાની વાત આવતી કે તરત મદનના ઝાંપાનો ઉલ્લેખ થતો. એક દિવસ નાગજી અને બાધર નાટક જોવા ઊપડયા, અને સાથે મને લેતા ગયા. નહિ ચલાય તો ખભે બેસાડીશું. એમ કહી બાને સમજાવી મને સાથે તેડયાં. વાંકાનેર કંપનીનો નરસિંહ મહેતા-

ા નાટક ચાલતો, અને એમાં ત્રંબક ઊતરતો. એ ત્રંબકની તારીફ

ાહ્યાકાકા પાસે સાંભળેલી. એને નાનો ત્રંબક કહેતા. ત્રંબક રાવલ

ાને ત્રંબક ત્રવાડી એમ બે ત્રંબક મળી એ નાટક સમાજ ચલાવતા.

અમે જરા મોડા પહોંચ્યા. જૂના સ્ટેશનથી મદનનો ઝાંપો ાસ્સો આઘો; ત્યારે નાનપણમાં તો પાંચસાત માઇલ દૂર લાગતો!

ૂત્રધાર આવી ગએલા. પછી તરત જ જમણે પડખેથી શાર્ઙ્ગધરની વહુ ારમાં છણકો કરતી નીકળી, અને પછી જે ગીત ગાયું તે હજી યાદ છે:

'નફ્ફટ નિર્લજ નકટા નરસૈંયાની નારી નીકળ તારી વેળ લઈ.'

ગરીબ દેખાતી માણેકબાઇ બીચારી કહેતી હતી:

'જાતાંજાતાંમાં કાં માતાજી મારો છો મેણાંટેણાં હવે હદ થઈ.'

ો ગીત વન્સમોર થતું, અને અમને શાર્ઙ્ગધર અને એની ટોળી ઉપર

એની તો ચીડ ચડતી! ત્રંબક નરસિંહ મહેતાનો પાઠ કરતો, અને ગરમ પાણીની કુંડી આગળ નહાવા બેસતાં વરસાદ વરસતો એ સીન તો મને બહુ જ ગમતો. નરસિંહ મહેતા પર બહુ દુ:ખ પડતાં અને હું રોવા જેવો થતો ત્યારે નાગજી કહેતો 'અરે જોજોને બાબ્ભાઈ! આ સાલા સારંગધરની તો એવી વલે થશે! છેવટે કૃષ્ણ ભગવાન આવીને ભીડ ભાંગશે! પછી કારાવાસમાં બંદૂકના અવાજે ભીંત ફાટી જતી, અને ભગવાન દેખાતા, અને ભારે આનંદ વચ્ચે નાટક પૂરો થતો. એની વાતો કરતાકરતા લગભગ ત્રણ સાડા ત્રણે ઘેર આવતા, અને બીજે દિવસે ડાહ્યાકાકા આખા નાટકનો હિસાબ લેતા. મોરબી કંપનીનો ચન્દ્રહાસનો નાટક પણ જોયો હતો, અને એની સાથે ભરથરી. એમાં વળી બે ઓઝાભાઇઓની બોલબાલા: વાઘજી આશારામ અને મૂળજી આશારામ. ભરથરીનો નાટક મારા મનથી અદ્‌ભુત નાટક હતો. શું એનાં ગીતો ને શો એમાંનો અભિનય! એવી જ ત્રીજી નાટક કંપની 'દેશી નાટક સમાજ' (એટલે કે ડાહ્યાભાઈ ધોળશાજીની કંપની)નો નાટક 'ઉમાદેવડી' પણ હજી યાદ છે. એ પણ ખૂબ વખણાતો. અમારા બાધરજી 'ઉમાદેવડી'નો આખો સાર દશ મિનિટમાં બોલી જતા. પણ એ નાટકનું એક ગીત: 'હરમાન ઘરમાંહીં હડીઓ કાઢે ત્યાં તો કેવી રીતે બેટા! બાઉ બને?' તો મારા હૃદયમાં પેસી ગયું છે. હજી એ લીટીઓ યાદ છે: નાટકમાં ગાનાર નટને મોંએ સાંભળેલી તે નહિ; પણ મારી બા મને ખાવાનું આપતાં ગાતી તે. ૧૫ રૂપિયાના પગારમાં બાએ કઈ રીતે ઘરસંસાર ચલાવ્યો હશે તેનું દુ:ખ એ આ ગીત ગાઇ છુપાવતી હશે?



શારંગધરની વહુ છણકો કરતી નીકળી

વડોદરે જતાં કાંપની નિશાળમાં જામેલી ઝવેર મૂળચંદની દોસ્તી વધારે ગાઢ થતી જતી. એમણે એક ક્રિકેટ ટીમ કાઢેલી, એમાં નિમ્બાલકર, ચંપેગાંવકર અને ગિનોચેર રમતા. એ ટીમમાં રીતસરનું ક્રિકેટ રમવું શરૂ કરેલું. શંકર મહારાજના સ્ટોરમાં આમતેમ ખાંખાંખોળાં કરતાં એક મોટા પટારાને તળિયે છ સ્ટામ્પ, બે મોટાં બૅટ, લેગ-ગાર્ડ્સ હૅન્ડ-ગ્લોવ્ઝ વગે

નો આખો સરંજામ ગામી આવ્યો. રનિંગ શેડના ડ્રાઇવરોએ એક ટ્રામ કાઢેલી, તે બેપાંચ અઠવાડિયાં રમેલા અને પછી બધું સંકેલાઈ ગએલું. તેનો, શરૂઆતથી હોંસમાં આણેલો સામાન હવે પટારે ફૂગાતો હતો. એને આપણે ધીમે રહીને શંકરમહારાજને સમજાવી-પટાવી તડકે આણ્યો. આખી સાંજ ડાભઈ પાસે ઓઇલિંગ કરાવી હું ફટકા મારતો. પણ બૅટ મોટાં અને ગજાં નાનાં. આખરે એકલો પડતાં બોલિંગનો મહાવરો રાખ્યા કીધો. પણ એ તફડંચીની બાપુ-જીને ખબર પડી ત્યારે મારા પર બહુ ખીજાયા.

એકવાર વૅકેશનમાં મારી સાથે અમારા એક દૂરના માશીના દીકરા વડોદરે આવ્યા હતા. સૂરતમાં અમે એક જ મહોલ્લામાં રહીએ અને એક જ ધોરણમાં ભણીએ. નિશાળ જુદી, પણ દોસ્તી સારી. એનું નામ નવનીત મહેતા. બહુ ખંતીલો, નિયમિત અને ઠાવકાઇથી ભણનારો. રોજનું ટાઈમટેબલ બનાવે અને ચીવટથી એનું પાલન કરે. એમનાં બાને વડોદરામાં સારી ઓળખાણ, અને એમના મામા જમનાદાસ મહેતા ત્યાં મોટા અધિકારી અને શ્રેય:-સાધક વર્ગના સભ્ય, નૃસિંહાચાર્યના મોટા ભક્ત.

નવનીત મહેતા આમ દોસ્ત તો ખરો, પણ મને એના પર ચીડ બહુ ચડતી. એક તો અદેખાઈ. એનો નંબર સારો રહેતો. ટાઇમસર જમે, ટાઇમસર રમે અને ટાઇમસર વાંચે. ટાઇમસર ઊંઘે અને ટાઇમસર ઊઠે. વજનસર ખાય અને માપસર બોલે. ઠાવકાઇનો પાર નહિ અને આખી દુનિયાનો જાણે એને જ માથે ભાર. અધૂરામાં પૂરું મામાજી વારંવાર મને એનો દાખલો આપે: 'જો, કેવો હોશિયાર છે; કેવું લેસન કરે છે!' અને જેમજેમ મારી સાથે એની સરખામણી થાય અને મને ઉતારી પાડવામાં આવે, તેમતેમ મને નવનીત પર બહુ દાઝ ચડે. તે બધી મેં મનમાં રાખી મૂકેલી. એટલે બેટમજી વડોદરે મારે ત્યાં આવ્યા કે આપણે ખીલ્યા. એકબે દિવસ તો હું સીધો ચાલ્યો, પણ પછીથી બોલવાનું બંધ. હું એકલો રમું અને એકલો ફરવા જાઉં કે કારખાનામાં જાઉં, અને નવનીતરાય બેઠાબેઠા ચોપડી વાંચે; મારા 'મોટાભાઈ' (એટલે કે બાપુજી) આગળ બેસીને ઠાવકાઇથી ડાહીડાહી વાતો કરે. વિનય-વિવેક બરાબર જાળવે, પણ જાણે મારાથી શું યે ઉંમરમાં વીસત્રીસ વરસે મોટો હોય એમ વર્તે, અને મને ચીડ ચડે.

ત્રણચાર દિવસ મારું અતડાપણું ચાલ્યું, પણ પછી તો મારું વર્તન બહુ જ ખરાબ થતું ગયું. ઘરમાં દોસ્ત બોલાવી, મહેમાન તરીકે રાખી, એની સાથે નાહકનો અસહકાર! એવામાં કંઈક થયું ને આખી વાત બાપુજીએ જાણી. અને એ ઊકળ્યા: 'બોલાવ એને.'



નવનીત સાથે
બોલવું છે કે
નહિ?

આપણે હાજર થયા. 'નવનીત સાથે બોલવું છે કે નહિ?' આપણે મમતે ચડયા. બે કલાકની નોટીસ મળી. બે કલાક પછી પણ આપણે મક્કમ હતા: 'મારે એની સાથે નહિ બોલવું હોય તો નહિ બોલું, બસ.' રવિવારનો દિવસ હતો. બપોરના બે વાગ્યા સુધી ફિસાદ ચાલ્યો. અને પછી બાપુજી ઉશ્કેરાયા: 'કાઢ એને ઘરમાંથી બહાર, ડાભઈ!' ખૂબ ઘાંટા પાડયા. માર્યો નહિ, પણ મારી પતરાની ટ્રંક લઈ બહાર ફેંકી દીધી અને મને પણ બહાર કાઢયો. નવનીત તો આ બધું જોયા કરે. મારો દોસ્ત થઇ મારી તરફેણમાં પણ ન આવે અને મને એવી તો ચીડ ચડે! પણ જ્યારે બારણાં દેવાઈ ગયાં અને બાપુજીએ બધાને હુકમ કરી દીધો કે કોઇએ મારી સાથે બોલવું નહિ, ત્યારે આપણાં હાંજાં ગગડી ગયાં. ફેંકાયલાં કપડાં જેમતેમ ટ્રંકમાં ગોઠવી, ધીમે રહી ટ્રંકને ઘસડી, આપણે બંગલીની સાથે જોડેલા ગૅરેજની નીચે ભરાયા, અને કોઈ ન જુએ એમ ખૂણામાં ટ્રંક ઉપર માથું મૂકી લંબાવી ગયા. બહાર કાઢયો ત્યારે તો રડતો હતો, પણ પછી ગૅરેજ નીચે રડવાનું બંધ કરી એકલા એકલા બબડયા કર્યું. એમ બબડવાની ટેવ મને ઠીક જેવી હતી. બબડયે ગયો અને નવ-નીતને દેવાય તેટલી ગાળો દેતો ગયો. અને એમાં ને એમાં ઊંઘી ગયો.

લગભગ અઢીત્રણ કલાકે કંઈક શોધાશોધથી જાગી ગયો ને જોયું તો દૂર બારણા પાસે ખાસ્સું એક નાનું ટોળું જમા થયું છે. મારા બાપુજી ડાભઇને ઊધડો લે છે: 'કારખાનામાં જોયું?—આ રસ્તે? નવરોજી-કાકાને ત્યાં, ફારમના રસ્તા પર...?'

'ઓવે શેઠ, એમ કાંપને રસ્તે તો નહીં નેકર્યા. એટલે આવે જાયે નઈ. કૅબિન પરે ય નહીં.'

એટલામાં મેલભાઈ આવ્યા. તે યે સનાનના સમાચાર લાવ્યા હતા: 'મેં તો દોટ મેલીને આખો ગોરવાનો રસ્તો જોઈ કાઢયો, પણ કોઇ ના મળે. મોટે ઇસ્ટેસનથી કૅબિનવાળાએ પણ ના કહી.'

બાપુજી રડતા નહોતા, પણ તદ્દન ડઘાઇ ગયા હોય એવા છોભીલા પડીને ઊભા હતા. અને એ પાંચસાત માણસોની ટોળીમાં એક ખૂણે મારી બા તો દડદડ આંસુએ રડતી હતી. કલાકેક ઉપરથી આ શોધ-ખોળ ચાલતી હોય એવું લાગ્યું. મને થયું ખરું કે બહાર નીકળું તો બધું પતી જાય. પણ હિંમત ન ચાલી. ડાહ્યાકાકાને બોલાવવા મોક-લેલા, પણ ઘણો વખત થઈ ગયો હતો અને એમના જ આવવાની બધા રાહ જોતા હતા. મારા બાપુજીનો એ છેવટનો આશાનો તાર હતો, એમ એમની અધીરાઇથી લાગતું હતું.



એટલામાં ડાહ્યાકાકાને દૂરથી આવતા મેં નીચે પડ્યાપડ્યા જોયા. એ જ ફુલકું ધોતિયું, હાથમાં મજબૂત લાકડી અને હસમુખું મોં. બધામાં જરા જીવ આવતો હોય એમ લાગ્યું. બાપુજીએ આખી શોધખોળની કથની કહી સંભળાવી; પણ ડાહ્યાકાકાએ વચ્ચે જ કહ્યું, 'એ દાગીનો કંઈ એટલી ગાયબ થઈ જાય એમ હું માનતો નથી. તમે

કૅરેજ નીચે જોયું ?' બધા નીચા વળી જોવા લાગ્યા અને બોલ્યા: 'ના રે; અમે જોયું તો; અહીં યે નથી.'

અલબત્ત, એમ હું દેખાઉં એવો નહોતો પડયો. પણ ડાહ્યાકાકાએ કહ્યું: 'એમ કંઇ દેખાય ? પેલા ઊભા સલેપાટની પાછળ જુઓ તો. જા તો ડાભઇ–અંદર જા તો.!'

ઘૂંટણીએ પડી ડાભઇ અંદર આવ્યો, એટલે મેં યે હવે જરા સળવળાટ કર્યો. લાગલા જ હોંશભેર ડાભઈએ બૂમ પાડી: 'એ આ રહ્યા ભાઈ!' અને તરત જ ડાહ્યાકાકાએ લાકડી બતાવતા કહ્યું: 'એઇ સેતાન ! નીકળ બહાર!'

મારા બાપુજી કહે, 'બોલતો કેમ નથી ? બે કલાકથી અમે શોધખોળ કરીએ છીએ!' મેં કહ્યું, 'હું તો ઊંઘી ગયો હતો!' કોઈને હસવું આવ્યું. પણ મામલો ફરીથી આડો ફાટે એ પહેલાં મારી બાએ મને ખેંચી પોતાની ગોદમાં લઈ લીધો, અને તકરાર, ગમત, રિસામણું અને આડાઈ બધાંનો એકીસાથે અંત આવ્યો. ત્યાર બાદ નવનીત મારો ખાસ્સો દોસ્તદાર બન્યો.

સરઘસમાં ફરવાની મઝા પહેલવહેલી બીજા દાયકાની શરૂઆતમાં અનુભવી. 'રક્ષ ભૂપ જ્યૉર્જને તું હે જગત્પતિ!' કોણ જાણે કોઈ વફાદાર અધિકારીએ અંગ્રેજી ગીતનો એ તરજૂમો બધી નિશાળમાં ફેરવ્યો હતો, ને અમે આખા સૂરત શહેરના નિશાળિયાઓ હાથમાં વાવટા લઈ 'રક્ષ ભૂપ'નું ગીત ગાતા ને 'હિપ હિપ હુર્રરે' કરતા રાણીના બાગમાં એકઠા થવા સરઘસના આકારમા જતા હતા. દિલ્હીમાં રાજા ગાદીએ બેસનાર હતો, તેનો અમે 'કૉરૉનેશન ડે' ઊજવતા હતા. થોડી રમતો, પેંડાનું પડીકું, ત્રણચાર દિવસની છુટ્ટી અને ઉપરથી નફામાં કાંસાનો એક ચાંદ!

તે દિવસે સૌથી વધારે આનંદ તો ખરેખરો માસ્તરોનો હતો. નેગીનદાસ કાજી અને તારકસ માસ્તરોએ રાતોરાત બેસીને જાતજાતના નિયમો ઘડી કાઢ્યા હતા. કેટલા વાગે હાજર થવું, કેમ ઊભા રહેવું, કેમ ચાલવું, શું બોલવું, કેમ સલામ કરવી, રસ્તે કેમ વર્તવું વગેરેની જાતજાતની નોંધો એમણે તૈયાર કરી હતી. રસ્તે હારમાં જરા પણ ભંગાણ પડે યા ગરબડ થાય કે માસ્તર સાહેબનું પિત્ત ઊછળી આવતું. વફાદારીની એવી ધગશ પછી ફરીથી ન્યાળવાનો પ્રસંગ જિંદગીમાં આવ્યો જ નહિ.

પણ એ પ્રસંગ ઊકલી જતાં, મામાજી ઓટલે બેસી સોની મહાજનને કંઈકંઈ નવાજૂની સંભળાવતા. એમાંની એક–અનેકવાર એમણે કહેલી, તે તો હજી યાદ છે. 'જેકિશનભાઈ! ગમે તેમ કહો, પણ આપણો ગાયકવાડ તે ગાયકવાડ. બસ સલામ કરીને પૂઠ કરીને ચાલવા માંડયું! સયાજીરાવ મહારાજ એટલે શું ? એ કંઇ એમ રાજાને અદબ કરી પાછે પગે ચાલે નહિ. અસલનું ગરમ લોહી, તે તપી આવ્યું અને પેલા સામા જોતા જ રહી ગયા. એ તો શું કરે, અંગ્રેજ સરકાર રાજ ઝૂંટવી લે તેમાં; નહિ તો એ દરબારમાં હાજર જ નહિ થાત. મરદબચ્ચો! અસલ મરાઠા તે કંઇ એમ નમે ?'

'પણ છોટાભાઇ, આ સાલો અંગ્રેજ છે બહુ ખરાબ જો; હવે સતાવવાનો.'

'તે બધાને સયાજીરાવ પહોંચી વળશે. શું કરે, છોકરાઓ ને ગાદીવારસનું હજી પત્યું નથી, નહિતો એ તો સામી ખિલાવી દેત.'

પછી તો જાતજાતનાં ગપ્પાં ચાલતાં. અંગ્રેજ સરકારે એની પાસે ખુલાસો માંગ્યો; પતાવટ માટે કોઈ વચ્ચે પડેલું;–અને એવી અનેક અફવાઓ. પણ તે દિવસથી બધાંમાં શ્રીમંત સર સયાજીરાવ ગાયકવાડ સરકાર માટે અનહદ માન પેદા થએલું. રાજા તો એ જ. તે દિવસે દશેરાની સવારીમાં જે અદાથી સયાજીરાવ મહારાજને જોએલા એ મરાઠો એમ સહેલાઇથી નમતું જોખે, એ માની જ શકાતું નહોતું. ૧૯૧૧માં રાજાઓને આવી નાલેશીભરી રીતે નમાવવાની બેહૂદી મગરૂરી બ્રિટિશ અમલદારોએ ન કરી હોત તો ત્યાર પછી છત્રીશે વર્ષે તખ્ત છોડવા વખત આવ્યો તે કદાચ થોડો મોડો આવત. એવો દબદબાભર્યો એ પ્રકારનો દરબાર દિલ્હીમાં એ છેલ્લો જ ભરાયો, અને એ દરબારમાં તખ્ત સામે એક ઠોકરે સર સયાજીરાવે જાગ્રત કરેલી સ્વમાનની ભાવના હિન્દીવાનોનાં હૃદયમાં ઠીક પ્રમાણમાં સોંસરી પેસી ગઈ, એટલું જ નહિ પણ ફરીથી એવો દરબાર ભરવાની બ્રિટિશ સરકારની હિંમત પણ ખૂટી ગઈ.

એક દિવસ મામાજી 'લાઈન્સ'માં ફરવા લઈ ગયા હતા. 'અઠવા લાઈન્સ'નો ઢોળાવ ઊતરી, જમણે હાથે નદી તરફની ખુલ્લી જગ્યામાં એક્કો ઊભો રાખી એમણે કહ્યું કે 'આપણે અહીં પરદેશમાં ઊભા છીએ. બોલ, તું ભણે છે તે, શું સમજ્યો ?' મામાજી સાથે હમેશા એના દીકરા મોતીભાઈ હોય. પગે એ જન્મથી જ અપંગ, છતાં એ જ એક્કામાં નિશાળે જઇ મૅટ્રિક સુધીનો અભ્યાસ કરેલો. એ જાણે પણ બોલે નહિ. મારે જ જવાબ આપવાનો હતો. પણ હું શો જવાબ આપું ? આપણે હાર્યા એટલે પછી મામાજીએ કહ્યું. 'આ જમીનનો ટુકડો એટલે ફ્રેન્ચ જમીન. આપણે બ્રિટિશ રૈયત. કોઇ ગુનો કરી આવીને અહીં આવીને ઊભા રહીએ તો એકાએક પોલીસ પકડી શકે નહિ. એમાટે



ગાયકવાડ તે ગાયકવાડ ! સલામ કરીને પૂઠ કરીને બસ ચાલવા માંડયું.




ફ્રેન્ચ જમીન

યોગાસનો

આપણાં શરીર, મન અને જ્ઞાનતંતુઓ, ત્રણેને એકી સાથે સ્વસ્થ રાખતી અનન્ય વ્યાયામ પદ્ધતિ

૪-મત્સ્યાસન



તમે માણસોને હાથપગ હલાવ્યા વગર પાણીમાં મિનિટોની મિનિટો સુધી પડી રહેલાં જોયાં છે? જેમ માછલું પાણીમાં પડી રહે તેમ આવા માણસો પણ પડી રહી શકે છે. જે આસન કરવાથી એવી રીતે પડી રહી શકાય છે તેને મત્સ્યાસન કહે છે. મત્સ્ય એટલે માછલું. જમીન ઉપર એ આસન કરવાથી મત્સ્યની જેમ નીરોગી થવાય છે.

પહેલાં આસન ઉપર બેસીને પદ્માસન કરો. પદ્માસન ન આવડતું હોય તો જુઓ: પહેલાં બંને પગ લાંબા કરો. પછી જમણો પગ વાળીને ડાબી જાંઘ ઉપર, અને ડાબો પગ વાળીને જમણી જાંઘ ઉપર મૂકો. હવે બંને પગની એડીઓને પેટની નીચેના ભાગ ઉપર ગોઠવો.

આ પ્રમાણે પદ્માસન થાય, એટલે પાથરણા ઉપર એ પદ્માસન સાથે જ સૂઈ જાઓ. બેઠા હતા ત્યારે જેવી રીતે જાંઘની નીચેના ભાગ જમીનને અડકતા હતા તે જ પ્રમાણે સૂતા પછી પણ તે ભાગ અડકેલા રહેવા જોઇએ. શરૂઆતમાં એમાં મુશ્કેલી જણાશે, પણ ધીમેધીમે એ પ્રમાણે સૂઈ શકાશે.

હવે કમાન વળતા હો તેવી રીતે પીઠના ભાગને વાળો. આમ કરવામાં હાથનો ટેકો લેવો હોય તો લઇ શકાય. કપાળની ઉપરનો માથાનો ભાગ જમીનને અડકે એટલું માથું વાળવું અને બરડાના ભાગનો વળાંક બરોબર લાવવો. હવે બંને હાથથી બંને પગના અંગૂઠા પકડો, એટલે મત્સ્યાસન થઇ ગયું. (આમ અંગૂઠા પકડવાને બદલે હાથને માથાની પાછળ પણ રાખી શકાય.) આ આસન વધારેમાં વધારે ૧થી ૧॥ મિનિટ રાખવાનું હોય છે, એટલે શરૂઆતમાં તો થોડી સેકંડ જ તેમ રાખવું.

પછી આસન છોડતી વખતે પહેલું માથું સીધું કરવું અને પછી પીઠ. ત્યાર બાદ બેઠા થઇને પદ્માસન છોડવું.

આ આસનથી ગળામાંની ગ્રંથીઓ પેટના સ્નાયુઓ અને બીજા અવયવો મજબૂત થાય છે.

હાસુભાઇ શુકલ

એને ખાસ વૉરંટ જોઇએ. આ સામેની જગ્યામાં ૧૯૦૭માં કૉંગ્રેસ ભરાએલી ત્યારે તિલક મહારાજ અને સર ફિરોઝશાહ મહેતા બહુ ઝગડેલા. એ વખતે વડોદરેથી બંગાળી બાબુ અરવિંદ ઘોષ પણ અહીં આવેલા અને ત્યારે હિન્દુસ્તાનમાં એક ટોળી બૉમ્બ બનાવતી. અરવિંદ બાબુ પર એવું જ કંઈ વૉરંટ હતું, તે કહે છે કે અહીંથી કૉંગ્રેસમાંથી છટકી આ ફ્રેન્ચ જમીન પર આવેલા, અને પાછળથી નદી તરી સામે પાર જઇને નાઠેલા, તે પછી એમનો પત્તો જ નહિ. એ બાબુ અરવિંદ ઘોષ એટલે શું? શક્તિશાળી માણસ!'

તિલક મહારાજ, બાબુ સુરેન્દ્રનાથ બૅનરજી, અરવિંદ ઘોષ, બિપિનચંદ્ર પાલ ને લાલા લજપતરાયનાં નામો મામાજીની આવી રસભરી વાતોમાં સાંભળેલાં અને એ ઉપરથી બીજે દિવસે ક્લાસમાં મગરૂર અદાથી બીજાઓ સામે મેં એ બધાને બિરદાવેલા.

એજ પ્રમાણે તાપી નદીને કાંઠે પુલ પાસે આવેલો કિલ્લો બતાવતાં મામાજીએ કહેલું, 'શિવાજીએ ત્રણ વાર સુરત લૂંટેલું, તેમાં એક વાર તો આ કિલ્લા પરથી ઘોડી કુદાવેલી.' એ કિલ્લાની તારીફ એમ સાંભળેલી. પછી ફુરજાની વાતો પણ સાંભળેલી. અને પછી એક દિવસ અંગ્રેજોની કોઠી પણ બતાવેલી: '૧૬૧૨માં અંગ્રેજો અહીં દાખલ થયા, અને આ કોઠી નાખેલી. અને, ત્યારે તો, બાબુ–'મામાજી ઘણી વાર કહેતા '—ત્યારે તો, એ લોકો વેપાર કરવા આવેલા; તે આપણું મહાજન જમે ત્યારે તેમાં રેશમી અબોટિયું પહેરી અને હાથમાં ગલાસ લઇ જમવા પણ આવતાં. એ તો હવે સાહેબ થઈ બેઠા, અને આપણે ઊલટા એમની નકલ કરતા થઈ ગયા.' આમ મુઘલ ડાકેમોની, નવાબોની નવાબીની, બળવાની, અને પછી રાણીના રાજની ને એવી અનેક વાતો મામાજી કહેતા. 'એ તો આજે તમે હવે 'રક્ષ ભૂપ' કરતા નીકળી પડ્યા છો; પણ અહીં એના ટાંટિયા ઠરતાં તો નવ નેજે પાણી આવી ગયાં હતાં. તાત્યો ટોપી, તિલક મહારાજ અને સયાજીરાવ ગાયકવાડ એ ત્રણ સાથે હોય ને, તો એમને ઘડીના છઠ્ઠા ભાગમાં ઉખેડી નાખે.'

કોમોડોર એટલે કૅપ્ટનથી જરા મોટો અને ઍડમિરલથી ઊતરતો હોદ્દો ધરાવનાર વહાણનો અમલદાર. અથવા વેપારી વહાણોનો કાફલો જતો હોય તો તેને મોખરે ચાલનારા સરદાર વહાણનો અમલદાર. આવો અર્થ અંગ્રેજી ડિક્શનેરીમાં આપેલો છે.

સૂરતમાં અંગ્રેજો આવ્યા એની સાથે થોડાઘણા અંગ્રેજી શબ્દો પણ દાખલ થઇ ગયા. એમાં કોમોડોર તો એક અટક થઈ પડી! એ અટકવાળું (સૂરતમાં કે સૂરત બહાર) એક જ કુટુંબ મારી જાણમાં છે. એ દેસાઇ પોળમાં રહે. તાપીકિનારે કિલ્લો; કિલ્લાનું મેદાન છોડો કે સરકારી હાઈસ્કુલ આવે; એની પછી એક સીધો રસ્તો ચાલ્યો જાય; એ રસ્તે જરા ચાલતાં વેંત જ ડચ કોઠીનું મકાન આવે; અને એની પાછળ સંતાઈ રહેલી દેસાઈ પોળ. ત્યાં ચુનીલાલ હરકિસનદાસ કોમોડોર રહેતા.

હરકિસદાસે કે એના વડવાઓએ વેપારી વહાણો હાંક્યાં કે લડાઈના બારકસો તરાવેલા એની મને ખબર નથી; પણ બંદરનું કે વહાણવટાનું કંઈ કામ જરૂર કર્યું હોવું જોઈએ. એમના ઘરથી નદીનો રસ્તો ત્રણ મિનિટનો; એટલે કુટુંબમાં કોઈને કંઇ એવો સંબંધ તો હોવો જ જોઇએ. પણ ચુનીલાલ કોમોડોર તો બસ રબર-સ્ટૅમ્પ બનાવતા, પોતાનું ઘર ચીતરતા, ને મોટે ભાગે (અનુ૦ પૃ૦ ૨૪૯મે)

શરીરના અણુ યે અણુને ઊભા રાખતી, ચપળતાની પરાકાષ્ઠા સમી રમત

આટાપાટા



પોતાનું આખું શરીર અદ્ધર હવામાં ઉછાળી પાછળના ચોકમાં પોતાના પગ એવી રીતે નાખે કે શરીરના કોઇ ભાગ કરતાં તે તેમાં પહેલા પડે.

લેખક · **વાસુદેવ ભટ્ટ**

સાત સમંદર કા રાજા! શી સ્વપ્નસૃષ્ટિ!

સામે સાત સાત સમુદ્ર અને એ સાતે સમુદ્રને સાચવનારા સાત સાત સમુદ્ર-રક્ષકો પડયા હોય, ને એ બધાને મહાત કરીને 'સાત સમંદર કા રાજા'નું બિરુદ મેળવવાનું હોય, એવી પ્રેરક સ્વપ્ન-સૃષ્ટિ જેવી આટાપાટાની રમત છે. પણ એ સાત સમુદ્ર-રક્ષકોને મહાત કરવા એ કાંઈ જેવીતેવી કિંમત નથી.

સાત નહિ પણ નવ જણ તમારો રસ્તો રોકીને ઊભા હોય; એ દરેકને થાપ આપી, તેમના સપાટાથી બચી, તેમની આરપાર નીકળી જવું; અને પછી એ જ પ્રમાણે ફરી પાછા આવવું; એ થઈ આટાપાટાની રમત. આમ ત્રણ વાકયમાં સમેટાઇ જતી સાદી લાગતી આ રમતને એના રમનારા ને રમાડનારાઓએ એવી તો વ્યવસ્થિત ને નિયમબદ્ધ કરેલી છે કે રમનાર-જોનાર બંનેનાં લોહી ગરમ થઇ જાય

૨૩ ફૂટ ને ૧ ઇંચ લાંબી, તથા ૧૩ ઇંચ પહોળી, એવી નવ પાટીઓ એકબીજાની પાછળ દસ દસ ફૂટના અંતરે દોરવામાં આવે. પહેલી પાટી 'કપાલપાટી' કહેવાય; છેલ્લી 'લૂણપાટી.' કપાલપાટી અને લૂણપાટીના બંને બાજુના છેડાને જોડતી એક એક રેખા દોરવામાં આવે. તે થઈ 'હદ-રેખા.' બધી જ પાટીઓને બરાબર વચમાંથી છેદે એવી એક પાટી (૧૩ ઇંચ પહોળી અને ૮૯ ફૂટ ૯ ઇંચ લાંબી) આખા મેદાનના પણ બે સરખા ભાગ કરે એમ દોરવામાં આવે. આ થઈ 'મોભપાટી.' એ પાટી મેદાન તેમજ રમતનો પણ મોભ જ છે એ થોડી વાર પછી સમજાશે. છેલ્લે, આ પ્રમાણે દોરેલા મેદાનની ચારે બાજુ દસ દસ ફૂટ ખાલી જગ્યા છોડી દો એટલે આટાપાટાનું ચટાપટાવાળું ક્રીડાંગણ તૈયાર. (જુઓ સાથેનો નકશો.)

આમ મેદાન તૈયાર થાય એટલે બે ટુકડી રમવા આવે. દરેકમાં નવ નવ ભિલ્લુ. બંને ટુકડીના નાયક સમક્ષ મુખ્ય પંચ સિક્કો ઉછાળે. જીતે તે પાટી સાચવવાનું કે પાટી ઓળંગવાનું પોતાની મરજી મુજબ નક્કી કરે. પાટી સાચવે તે 'મારનાર' અને ઓળંગે તે 'રમનાર' પક્ષ.

મારનાર પક્ષનો નાયક પોતાના અચ્છામાં અચ્છા ખેલાડીને મોભ બનાવે. મોભે બે પાટી સાચવવાની: કપાલપાટી અને મોભપાટી;—પણ ખાસ કરીને તો મોભપાટી એકલી જ. બાકીના આઠ ભિલ્લુઓને યોગ્ય ગણતરીસર તે બાકીની આઠ પાટીઓ પર એક એક લેખે ગોઠવી દે, જ્યાં તે દરેક પોતપોતાની પાટી સાચવે.


રમનાર પક્ષના નવેનવ ભિલ્લુ કપાલપાટીની આગળ ઊભા રહી, પંચ રમત શરૂ કરાવે તેની રાહ જુએ.

પંચ રમત શરૂ કરાવે તેની સાથે જ રમનાર પક્ષના નવે ભિલ્લુનું લશ્કર એકીસાગટું અંદર ધસવા માટે તૂટી પડવાનું, અને બધા પાટીવાળાને વટાવી આરપાર નીકળી જવાનો પ્રયત્ન કરવાનું. આમ, શરૂઆતમાં એકદમ સપાટો મારી લેવામાં એક બીજો પણ લાભ છે. પંચ રમત શરૂ કરાવે તેની સાથે બધા જ રમનારને અંદર ઘૂસવાની છૂટ હોય છે, અને બધા જ પાટીવાળાને રમનારને રોકવાની કે પકડવાની છૂટ હોય છે. પણ મોભને તો થોડી સેકન્ડ બીજા એક કામમાં વિતાવવી પડે છે. એ કામ છે 'તાળી આપવાનું.'

એ 'તાળી આપવી' એટલે શું એ પણ જરા સમજવા જેવું છે. પહેલાંના વખતમાં ખરેખર તાળી આપવાની ક્રિયા હતી. પણ હવે માત્ર શબ્દમાં જ તાળીનો ઉપયોગ રહ્યો છે. ક્રિયામાં તો માત્ર પગની જ ક્રિયા કરવાની હોય છે. તે આ પ્રમાણે:

પંચ રમત શરૂ કરવાની સંજ્ઞા આપે તે વખતે મોભ પોતાનો ગમે તે એક પગ પહેલી પાટી (કપાલપાટી)ના ચોરસમાં અને બીજો પગ તેની પાછળ મોભપાટીમાં મૂકીને ઊભો હોય છે. જેવી સંજ્ઞા મળે કે તરત મોભે પોતાનો, ચોરસ પર મૂકેલો પગ ઉઠાવી પાછળ બીજી પાટીના ચોરસ પર મૂકવાનો હોય છે, અને ફરીથી ત્યાંથી તે પગ ઉઠાવી કપાલપાટીના ચોરસ પર અસલ જગાએ મૂકવાનો હોય છે. આ ક્રિયાને 'તાળી આપવી' કહે છે. એ તાળી આપવા માટે ફલાંગો ભરવી પડે છે અને આગળપાછળ કૂદંકૂદા કરવી પડે છે. મોભ બહુ લાંબા પગવાળો અને ચપળ હોય તો પણ સહેજે બેત્રણ સેકંડ આ ક્રિયામાં નીકળી જાય. અને જ્યાં સુધી તે તાળી પૂરી ના કરે ત્યાં સુધી એ કોઈ રમનારને રોકી કે પકડી ન શકે. મોભનું આ અન્ય રોકાણ રમનારા ભિલ્લુઓને આગળ વધવાની એક સુંદર તક આપે છે વળી દરેક પાટી ઉપર એક એક જ પાટીવાળો ઊભો હોય છે; અને તે કાંઇ એક કરતાં વધારે રમનારને રોકી ન શકે. એટલે શરૂઆતની એ બે-ત્રણ સેકંડમાં તો રમનારા લગભગ અર્ધા મેદાને પહોંચી જવાના. પણ એટલામાં તો પેલો મોભ તાળી પતાવી પોતાના 'અસલ સ્વરૂપ'માં આવી જવાનો.

મોભનું એ 'અસલ સ્વરૂપ' પણ સમજવા જેવું છે. રમનારને આગળ જતાં અટકાવવાની સાથે તેમને પકડવાનો પ્રયત્ન પણ પાટીવાળા કરે છે. પણ એમ પકડવાનો પ્રયત્ન કરવામાં તેમને નિયમનાં કેટલાંક બંધનો નડે છે. દાખલા તરીકે, હાથ જમીન પર ન અડવો જોઇએ; એક પણ પગ અદ્ધર ન થઈ જવો જોઇએ; મોં પાછળની બાજુ ન ફરવું જોઇએ; વગેરે. પણ મોભને માટે આ બધાં બંધનો હળવાં કરેલાં હોય છે. પોતાની પાટી ઉપર તેના હાથ અડકી જાય તો વાંધો નહિ; પગ અદ્ધર થાય તો યે વાંધો નહિ; એટલું જ નહિ, પણ એ તો રમનારાને પગ વડે પણ પકડી શકે. આ જાતની છૂટ-



આટાપાટાની રમતના મેદાનનો નકશો, જેમાં માપબદ્ધ આલેખ ઉપરાંત ખેલમાં વર્તુંવેલા વ્યૂહ સમજાવતી આકૃતિઓ પણ દોરી બતાવી છે.

છાટને લીધે મોભ પાટીવાળાઓની સરખામણીમાં રાજા જેવો હોય છે. સાથે તેની જવાબદારી પણ રાજા જેવી જ હોય છે. લગભગ નેવું ફૂટની મોભપાટી સાચવવા ઉપરાંત નવેનવ પાટી ઉપરની પરિસ્થિતિ તેને ધ્યાનમાં રાખવાની હોય છે. અને કઇ જગ્યાએ પોતે પહોંચી વળે તો વધારેમાં વધારે રમનારને રોકી શકાય અને ક્યારે સપાટો મારે તો એકાદ રમનારને પકડી શકાય, એ બધી બાબતો તેને ખ્યાલમાં રાખવાની હોય છે. એટલે એ રાજા જેવો તો છે જ; પણ તેમાં યે જો એ મોભ લાંબો, ચપળ, ચકોર અને અનુભવી હોય તો તો રમનારાને પોતાની રાજાશાહી બરાબર દેખાડી દે છે!

રમનારા નવ ભિલ્લુ પૈકી ગમે તે એક ભિલ્લુ છેલ્લી એટલે કે લૂણપાટી ઓળંગી જાય એટલે તે 'પાકો' ભિલ્લુ થયો ગણાય. પાકો ભિલ્લુ તરત જ, એ છેલ્લી પાટીવાળાને પોતાનું મોં તેની તરફ ફેરવવા કહેશે અને તે મોં ફેરવે એટલે તેની સાથે ટપાટપી શરૂ કરી ફરીથી પાછા વળવા માટે પાટી ઓળંગવાનો પ્રયત્ન કરશે. એ જ પ્રમાણે બધા જ ભિલ્લુઓએ લૂણપાટી ઓળંગી, દરેક પાટીવાળાનું મોં પોતાની તરફ ફેરવાવી, છેવટે કપાલપાટી ઓળંગી જવાનો પ્રયત્ન કરવાનો હોય છે.

ઉપરાંત એક બીજી વાત પણ છે. પાકો થએલો ભિલ્લુ 'પારસ મણિ' બની જાય છે. એટલે કે તે પોતાના જે જે કાચા ભિલ્લુને અડકે તે બધા 'પાકા' થઈ જાય છે, અને એ બધા પછી લૂણપાટી તરફ ન જતાં કપાલપાટી તરફ પાછા ફરવા માંડે છે, ને તેમાંથી ગમે તે એક ભિલ્લુ કપાલપાટી ઓળંગી જાય એટલે બધા જ ભિલ્લુએ કપાલ પાટી ઓળંગી નાખી અને 'લૂણ થયું' એમ ગણાય છે. એમ થાય એટલે બધા રમનારા ફરીથી કપાલ પાટીની સામે આવી જાય છે અને પંચ ફરીથી રમત શરૂ કરાવે છે. આ પ્રમાણે રમતાં બધા રમનારા બાદ થાય, અથવા સાત મિનિટ પૂરી થાય (એ બે માંથી જે વહેલું પૂરું થાય) ત્યાં સુધી રમત ચાલે છે. એ વખતે સૌથી આગળ જે ભિલ્લુ હોય તેણે જેટલી પાટી ઓળંગી હોય તેનાથી બમણા, ને થએલા 'લૂણ' દીઠ ૩૬ ગુણ તે પક્ષને આપવામાં આવે છે; અને તેમાંથી જેટલા રમનારા બાદ થયા હોય તેનાથી બમણા ગુણ બાદ કરવામાં આવે છે.

પણ આપણને કાંઈ આ ગુણ-ગણતરીમાં બહુ રસ નથી, કારણ કે ખરી મઝા તો રમત રમવામાં (નહિ તો, છેવટે જોવામાં) છે.

આટાપાટામાં ખોખો જેવી દોડની જરૂર નથી, ગજગ્રાહ જેવી હકીતોડ તાકાતની જરૂર પણ નથી. પરંતુ ચપળતાની તો એટલી ભારોભાર જરૂર છે કે શરીરના અણુ યે અણુને ઊભાં ને ઊભાં રાખે છે. ત્રેવીસ ફૂટની લંબાઇવાળી પાટી રોકી ઊભેલા પાટી-રક્ષકને થાપ કેવી રીતે આપવી? આ પ્રશ્નના જવાબ રૂપે જ આ રમતની લગભગ બધી પ્રયુક્તિઓ જન્મી છે અને વિકસી છે. પાટીવાળો અડકી ન શકે તેટલા અંતરે રહીને, પાટીને સમાંતર, આમતેમ, ફરવું, અને પાટીવાળો જરાક પાછળ રહે તેવી ઝડપ મારીને, અથવા તેને થાપ આપતી પલટી લઇને, એકદમ, મારનારની પાછળની બાજુના ચોકમાં દાખલ થઈ જવું, એ બે આ રમતની મુખ્ય પ્રયુક્તિઓ છે. પણ તેને યે આગળ વધારીને જે એક ખાસ પ્રયુક્તિમાં રમનાર ભિલ્લુ પોતાનો કસબ દેખાડે છે એ તો અજબ છે. હદ-રેખાની બહાર અદ્ધર હવામાં તે પોતાનું આખું શરીર ઉછાળી દઇ, પાટી-વાળાની પાછળના ચોકમાં પોતાના પગ એવી રીતે નાખે છે કે શરીરના બીજા કોઇ ભાગની પહેલાં તે એમાં પડે, અને બાકીનું શરીર હદરેખાની બહાર પડે! આ પ્રયુક્તિને 'આળોટ' કહે છે. (જુઓ ગથાળાનું ચિત્ર) આ 'આળોટ'ની પ્રયુક્તિ કેવી સુંદર છે, એમાં રમનારને કેટલી ચપળતા દેખાડવી પડે છે એનો ખ્યાલ તો એ નજરોનજર રગાતી જોયા સિવાય નહિ જ આવે.

પણ રમનારે પોતાનો કસબ દેખાડવાનો ખરેખરો પ્રસંગ તો આવે છે જ્યારે 'ફૂંડી' થાય ત્યારે. એ 'ફૂંડી' એટલે તો આટાપાટાનું શિખર. સામાન્ય રીતે તો એક પાટીવાળો એક જ પાટી સાચવતો હોય છે, ને એક જ જણને રોકતો હોય છે. પણ એક પાટીવાળાએ પાટીનો અર્ધો ભાગ જ સાચવ્યો હોય, તેની બાજુમાં મોભપાટી ઉપર મોભ આવી ગયો હોય, ને તેનાથી આગળની પાટીનો પાટી-વાળો પોતાની પાટીનો પેલી બાજુનો અર્ધો ભાગ સાચવતો હોય,

અને આ રીતે એ ત્રણેએ મળીને આગળ વધવાનો આખો જ રસ્તો રોકી રાખ્યો હોય, (જાણે કે 'રસ્તા બંધ'નું પાટિયું જ મારી દીધું હોય) ત્યારે એ ચોકમાં 'કૂંડી' થઈ ગણાય.(જુઓ નકશાના ચિત્રમાં ખાનાં ૫-૬-૭-૮માં દર્શાવેલી ભિલ્લુઓની આકૃતિઓ.)

એ કૂંડીમાં જે જે રમનારા આવી ગયા હોય તે, અને બીજા નવા આવતા જાય તે બધા જ, એક રીતે કહીએ તો, ઘેરાઇ ગયા હોય છે. એ ઘેરામાંથી બહાર નીકળવું તે એ રમનારા માટે કપરામાં કપરું કામ છે. એ વખતે દોડંદોડી તો બિલકુલ બંધ. માત્ર યોગ્ય સ્થાને ગોઠવાઇ જવું, પાટીવાળા અને મોભના હાથ (અને મોભના તો પગ પણ ખરા!) પોતાને અડકી ન જાય એ સંભાળવું, પાટી કે મોભપાટી ઓળંગી જવાનો અભિનય કરવો, અને એકાદ વાર ચીલઝડપ કે આળોટનો આશરો લઈ ઘેરામાંથી બહાર નીકળી જવું, એમાં જ આ રમત રમનાર ખેલાડીઓને પોતાની ચપળતાની પરાકાષ્ઠા દાખવતો ઊંચામાં ઊંચો કસબ દેખાડવાનો હોય છે.

અને એમાંથી એક પણ રમનારો એક પણ પાટી ઓળંગી જવા ન પામે તેવો પ્રયત્ન કરનારા મારનારા ભિલ્લુઓને શું કાંઈ ઓછો કસબ દેખાડવો પડતો હશે?

જુઓ, ખાત્રી કરો: મારનાર પક્ષના બધા ભિલ્લુઓ એક એક પાટી પર ગોઠવાઈ ગયા છે. એક ભિલ્લુ પોતાની પાટીના ડાબી બાજુના ભાગમાં ઊભો છે તો એની પછીનો જમણી બાજુના ભાગમાં, એમ આઠ જણા ડાબા-જમણા ગોઠવાયા છે; અને પેલો અડીખમ મોભ! 'તાળી આપવા' માટે મોભ-પાટીના આગલા છેડા પાસે કેવો તો તૈયાર થઈને ઊભો છે! અને રમનાર પક્ષના નવ ભિલ્લુ તેની સામે કપાલપાટીની પાસે અર્ધા આમ તો અર્ધા આમ, એમ આડાઅવળા ઊભા છે.

પંચે સિસોટી મારી. તાડના ત્રીજા ભાગ જેવા મોભે, જુઓ તો ખરા, કેવી ડાંફ ભરીને કપાલપાટીના ચોરસ પર રાખેલા જમણા પગને પાછળની બીજી પાટી પર અને ત્યાંથી ફરીથી એક જ ડાંફે આગળ અસલ જગ્યાએ મૂકી દીધો! શી ચીલઝડપ! એ કામ તો એણે પગ વડે જ કર્યું. અને આંખવડે? ડાંફ ભરતી વખતે તો એણે કયો રમનાર ક્યાં પહોંચ્યો છે અને કયા ચોકમાં કોણકોણ રોકાઈ ગયા છે તે બરાબર જોઈ લીધું. તેણે એ બરાબર જોયું જ હતું કે પંચની સિસોટીની સાથે જ નવ જણાનું જુલુસ 'હો–હા' અને ધમપછાડા કરતું સર્પાકૃતિએ દોડતું, અને પાટીવાળો પોતાને રોકી ન પાડે, કે બીજા કોઇને મૂકી ઓચિંતાનો પોતાને પકડી ન પાડે એનું ધ્યાન રાખતું અને છતાં સડસડાટ કરતું દોડયું છે.

અને એમ, વાડામાંથી છૂટેલી ભડકેલી ગાયો જેવા (જોકે પૂરેપૂરા સભાન) છેક છઠ્ઠી પાટી સુધી પહોંચી ગયા છે. ને એ દોડ દરમિયાન બે જણા તો પાટીવાળાના હાથે પકડાઈ પણ ગયા છે: એક તો, હજી પૂરો ઘડાએલો નહિ હોવાથી, અને બીજો, પાટીવાળાએ એકને આગળ જવા દઈ ઓચિંતાનો શિકાર કરી લીધો તેથી, છઠ્ઠી અને પાંચમી પાટી આગળ એક એક રમનાર છે. ચોથી અને ત્રીજી પાટી આગળ બે બે અને બીજી આગળ એક રમનાર છે. ચોથી અને ત્રીજી આગળ બબ્બે એ તો માત્ર કામચલાઉ જ બીના છે એમ મોભે જોઇ લીધું. (જુઓ નકશાની આકૃતિમાં.)

પણ એ સમજી ગયો કે હમણાં જ પાંચમી પાટી આગળ બે જણ થશે, એટલે એ સીધી દોટ મૂકીને પાંચમી પાટીવાળાની મદદે દોડયો. એ દરમિયાન તેણે ધાર્યું હતું તે જ—અને થોડુંક વધારાનું—બન્યું. ત્રીજી પાટી પરના બેમાંથી એક જણ આગળ ચાલી ગયો. ચોથી પરથી એક જણ પાંચમી પર ગયો તો આ એક નવો આવ્યો. એ બેમાંથી કોને પકડવો તે બરાબર નક્કી ન કરતાં બન્ને જણ તરફ વારાફરતી દોટ મૂકવાની ભૂલ ચોથી પાટીવાળાએ કરી. પરિણામે, બન્ને છટકયા! આમ, તેણે એકસામટા ત્રણ જણ ગુમાવ્યા. એટલે કે પાંચમી પાટી આગળ હવે ચાર ભેગા થયા. તેમાંનો એક જૂનો અને બે નવા આઠ નંબરના ચોકમાં આવ્યા અને નવો આવેલો એક સાત નંબરના ચોકમાં આવી નવ નંબરના ચોકમાં નિર્વિઘ્ને પસાર થઈ ગયો. પાંચ નંબરનો પાટીવાળો જમણી બાજુના (નં. ૮ના) ચોક તરફ હતો, બરાબર તે જ વખતે મોભ ત્યાં આવી ગયો અને એ બંનેએ થઇ એ ચોકમાં ત્રણ જણને ઘેર્યા છે. બસ, કૂંડી થઈ!

ચોક નં. ૫ ચોથી પાટીવાળાએ રોકયો છે; ચોક નં. ૮ મોભે તથા પાંચમી પાટીવાળાએ રોકયો છે; ચોક નં. ૬ રોકવાની જરૂર નથી રહી; એટલામાં તો બીજી ને ત્રીજી પાટી પરથી પણ બે રમનારા છટકીને ચોથી પાટી પર આવી ગયા છે; એટલે કૂંડી સંપૂર્ણ થઈ!

શી ખૂબી છે! પાંચ રમનારને ત્રણ મારનારે રોકયા છે! ત્રણે મારનારે પોતપોતાની પાટીના ભાગની વચ્ચે પોતાનું મજબૂત સ્થાન લીધું છે, અને હાથ પહોળા કરી રમનારને આવર્યા છે. પણ એ પાંચે રમનારે લીધેલાં સ્થાન અને તેમની સ્થિતિ જુઓ. ત્રણ મારનારની વચમાં પડેલાં છીંડાંમાંથી છટકવાની પેરવી એમાંના ત્રણ રમનારા કરી રહ્યાં છે. જ્યારે બે રમનાર બે છેડે પહોંચી ગયા છે અને આળોટનો આશરો લઇ પસાર થવાનો પ્રયત્ન કરી રહ્યા છે. રમનાર પક્ષ સામા પક્ષને ભડકાવવા માટે હોકારા પાડી રહ્યો છે. તાળી પાડે છે, હાથ લંબાવી તરત ખેંચી લે છે. અને પગ તો એવા ઉપાડે છે કે જાણે હમણાં જ પાટી ઓળંગી જશે! પણ બધું જ ખોટું માત્ર: અભિનય!

પણ આમ અભિનય તો કયાં સુધી ચાલશે? શું કોઇ આળોટ નહિ અજમાવે? ચોથો પાટીવાળો, આળોટનો અભિનય કરનારને પકડવા હાથ લંબાવે ત્યાં ચોક નં. ૬માં ઊભેલો નહિ સરકી જાય? ચોક નં. ૬વાળો મોભ-પાટીની બહુ જ પાસે ઊભો છે, તો શું મોભ તેના પર તરાપ નહિ મારે? અને એમ કરવા જરાપણ લંબાય ત્યાં સુધીમાં ચોક નં. ૮વાળો નહિ સરકી જાય?

રમનારે મરણિયાં કરવાં પડે, અથવા તો મોભ કે કોઈ પાટીવાળો એક બાજુ ઝોક લે. ઝોક લેવામાં જો સફળ થાય તો એક જણ પકડાય. પરંતુ બીજી બાજુ, કૂંડી તૂટવાનો પણ પૂરો સંભવ. પણ તો થશે શું? આટલો બધો અભિનય—?

પણ જુઓ, મોભે એક નવો જ તુક્કો અજમાવ્યો. છઠ્ઠી પાટી પર એક રમનારો પાટીવાળા સાથે દોડ અને પલટી કરી રહ્યો છે. અને એમ એકવાર પલટી લઈ, દોડની દિશા બદલીને જેવો તે મોભ-પાટી પરથી પસાર થવા જાય છે ત્યાં તો મોભે એકદમ ઝડપ મારી, અને તે જરાપણ ચેતે તે પહેલાં તો કાળ જેવો તેના પર ધસ્યો. રમનારે તેનાથી બચવા ચોક નં. ૯માં પડતું મેલ્યું. પણ મોભ જેનું નામ! પડતું મેલીને તે આઘો ખસી જાય તે પહેલાં તો મોભે તેને થાપટ મારી દીધી! ત્રીજો રમનાર બાદ થયો!

પણ એથી પેલી કૂંડી ખુલ્લી ગઈ! અને મોભે તેની કલ્પના નહોતી કરી એમ નહિ. તેણે પેલાને પકડયો તે પહેલાં જ બૂમો પાડી તેણે હુકમો છોડવા માંડયા હતા: 'નીલુ ત્યાં જ રહેજે....' 'જાદવ આ બાજુ આવી જા ..'અને પરિણામે, કૂંડી તોડીને નાઠેલા રમનારને આવરી લેવા તેણે ચોક નં. ૯માં નવી કૂંડી જમાવી દીધી!

તો યે, મોભ, તેમાં પૂરો સફળ ન થયો. એક રમનાર તો છટક્યો જ.

છઠ્ઠી અને સાતમી પાટી ઉપરના પાટીવાળા તો રોકાએલા હતા જ, એટલે એમને ચૂકવવાની જરૂર જ ન પડી. પણ આઠમી પાટીવાળો તેનો રસ્તો રોકે તેમ હતો. પણ આણે તો પોતાની 'ફૂલ સ્પીડ'-વાળી મોટરને એવો તો પલટો આપ્યો કે, પાટીવાળો છેતરાયો જ, અને આમ તે છેક નવમી પાટી પર આવી ચડ્યો. અને જો એ ઓળંગી જવાય તો? તો તો પોતે 'પાકો' મિલ્લુ બની જાય, ફરે પાછો, અને બીજાને 'પાકા' બનાવતો જાય!—ખરી જામશે!

પણ, આપણે આમ ક્યાં સુધી જામીશું? જોવામાં મઝા તો ખૂબ પડે છે, પણ આ તંત્રી બૂમ પાડે છે કે હવે વધારે લખાણ માટે સ્થળ નથી! એટલે, સ્થળસંકોચને કારણે, આપણે છૂટા જ પડીએ:

...પણ રહો, ઉભા રહો,—એક મિનિટ. આ રમત જોઇને તમારી એટલી તો ખાત્રી થઈ જ ગઈ હશે કે આ રમતને જો પૂરતો અવકાશ આપવામાં આવે તો થનગનતા અને ચકોર નાગરિકોનો આપણે ત્યાં તોટો ન પડે. પરંતુ સાથોસાથ, એ બાબત પણ તમારા ખ્યાલમાં આવી કે નહિ, કે યોગ્ય વ્યાયામશિક્ષકો શિક્ષણની દૃષ્ટિથી આ રમત રમાડે તો દુશ્મનનો સામનો કરતી વખતે ખભે ખભા મિલાવીને કામ કરવાનો પદાર્થપાઠ પણ તે પાકો કરાવી શકે?

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

[ચિત્રો માટે જુઓ આ અંકને પાછલે પૂંઠે]

પહેલું ઈનામ: મોકૂફ; બીજું ઈનામ: પાલીતાણાનાં 'જૈન દેરાસર'—કંચનરાય અમીન (અમદાવાદ); ત્રીજું ઈનામ: 'વિસામાની શોધમાં'-ઈમદાદહુસેન સૈયદ (વીજાપુર); નોંધપાત્ર: (૧) 'મદુરાનું મંદિર': કૌશિક ઝવેરી—અમદાવાદ (૨) 'અમારી તૈયારી': રસિકચન્દ્ર જી. અમીન—કિલિન્ડિની, પૂર્વ આફ્રિકા; (૩) નૌકાવિહાર: નવનીતકુમાર ગાંધી—વેરાવળ.

બીજા ઇનામને પાત્ર ઠરેલું ભાઇ કંચનરાય અમીનનું ચિત્ર શિલ્પ-સ્થાપત્યની દૃષ્ટિએ 'રેકોર્ડ ફોટોગ્રાફી'નો સારો નમૂનો છે. ત્યાંનાં મંદિર સમૂહમાંથી આ રીતના એકાકી ફોટોગ્રાફો વિરલ પડ્યા છે. આ ફોટોગ્રાફમાં સ્થળનું શુચિ સુંદર વાતાવરણ સરસ રીતે રજૂ થયું છે, તે પ્રકાશ યોજનાને આભારી છે.

એવું જ ભાઈ કૌશિક ઝવેરીનું 'મદુરા મંદિર'નું ચિત્ર એ ભવ્ય ઇમારતની ઊંચાઇ અને તેની કોતરણી બંને દર્શાવવાના પ્રયત્નરૂપ છે. પરંતુ આવાં શિલ્પસૌન્દર્યવાળાં ચિત્રોનાં મોટાં એન્લાર્જમેન્ટમાં જ તેની વિગતો પકડવાની બારીકાઇની પ્રતીતિ થઈ શકે.

ભાઈ ઇમદાદહુસેનના ચિત્રમાં, વટેમાર્ગુના જૂથની રચના, વળાંક લેતો રસ્તો ને લાંબા પડછાયા, મૃદુ પ્રકાશમાં વાતાવરણ ને સંયોજન બંને જમાવે છે, પણ હલકા લેન્સમી ટેકનીક મોળી પડે છે.

ભાઇ નવનીતકુમાર ગાંધીનું ચિત્ર વિષય અને ચિત્રમય રજૂઆતની દૃષ્ટિએ સારું છે. સફેદ સઢ ફુલાવી વિહાર કરતી હોડીઓને ઝાડની ડાળીઓના જૂથમાંથી એવી યોજનાપૂર્વક લીધી છે કે ચિત્રને ફ્રેમિંગ મળે છે. દૃશ્ય આહ્લાદક છે; પણ એન્લાર્જ થતાં પ્રિન્ટ જોર પકડતો નથી. અને નબળી ટેકનીકથી બધી મઝા મારી જાય છે.

ભાઇ રસિકચન્દ્ર અમીનના ચિત્રમાં દરિયાકિનારે લાંગરેલાં હોડકાંની ફોટોગ્રાફી સારી છે, પણ સંયોજનમાં પ્રમાણભાર સચવાયો નથી; નહિતર ચિત્ર ઘણું સરસ થાત. શ્રીદામ ભટ્ટ

(સામેના પાના પરના લેખ 'પોળો'નું અનુસંધાન)

એ ઉક્તિમાં વર્ણવેલું નદી ઉપરનું નવ દેરીનું સ્થળ;—આવાં ઘણાં સ્થાનો આપણને મુગ્ધ કરી મનને પ્રાચીન કાળના પેટાળમાં વિચરતું કરી મૂકે છે. એ પ્રેમકહાણીને અનુરૂપ, ત્યાં ઊગી નીકળેલાં મોટાં વડનાં ઝાડ, એ નવ દેરીના પત્થરોને જમીન પરથી ઉચકી પોતાની ડાળીઓમાં અદ્ધર ધારણ કરી રહ્યાં છે! મંદિરોના સ્થાપત્યમાં ગુપ્ત તથા ચાલુક્ય કાળની અસર જોવામાં આવે છે.

આમ લગભગ ૮૦૦ વર્ષ સુધી કાયમ રહેલી આ પ્રદેશની આબાદી, પાછળથી મેવાડના પ્રદેશમાં સલામતી પ્રવર્તતા કેટલાક લોકો પાછા ત્યાં ચાલ્યા જવાથી, તેમજ અહીં વિકાસનાં સાધન ઓછાં હોઈને ઘણા લોકો ઈડરના પ્રદેશમાં ઊતરી પડવાથી, ધીમેધીમે ઘટી ગઈ. વળી ઈડર પ્રદેશ ઉપરનાં અમદાવાદના સુલતાનોનાં આક્રમણોમાંથી આ પ્રદેશ પણ બચી શક્યો નથી, તે મંદિરોનાં ખંડિયેરોથી સાબિત થાય છે; અને તે પણ આબાદી ઘટવાનું કારણ હશે. ઉપરાંત, આ પ્રદેશ ઘણો ડુંગરાળ તથા ઘાડાં જંગલવાળો હોઈ, અહીંનાં હવાપાણી, આદિવાસીઓ તથા મહેનતુ પાટીદારો સિવાય બેઠાડુ પ્રજાને માફક આવે તેવાં નથી; ને તેથી અહીં એવી કહેવત ચાલે છે કે

'પાલા, પહાડા, પાનરવા, પોસીના ને પોળો;
પાચે પપ્પા પ્રાણ હરે, જેમ વાગે તોપનો ગોળો!'

વળી અહીંનાં વિકૃત હવાપાણીને લીધે આ તરફના રહેવાસીઓને પેટનું દર્દ બહુ થાય છે, અને તેથી પેટ ઉપર ડામ દેવાની પ્રથા અહીં બહુ હોવાથી બીજી પણ એક કહેવત પડી છે કે

'પાલા, પહાડા ને પાનરવા ગામ,
એક એક આડિયું ને સોળ સોળ ડામ!'

જોકે હાલમાં મોટાં શહેરો માટે કોલસા પાડવામાં અહીંનાં જંગલો લગભગ કપાઈ જવાથી તેમજ નદીઓમાં બંધ બાંધીને ઘણી જમીન હવે ખેતી માટે ખુલ્લી કરેલી હોવાથી હવાપાણી થોડાં સુધર્યાં છે ખરાં.

પોળોના આ પ્રદેશમાં ઈડરથી મોટર બસ દ્વારા જઇ શકાય છે. ત્યાંથી ૧૨ માઈલ ઉપર પોળોની સરહદ શરૂ થાય છે ને પહેલું કાલવણનું થાણું આવે છે. ત્યાં એક પ્રાચીન કુંડ છે. ત્યાંથી આગળ ચાર માઈલ ઉપર વીરેશ્વર મહાદેવનું પ્રાચીન મંદિર આવે છે. આ સ્થળ તો એટલું રમણીય છે કે ત્યાં ગયા પછી તે છોડવું ગમતું નથી. બાર ઉનાળામાં પણ ત્યાં સુખદાયક ઠંડક રહે છે, ને ડુંગરની તળેટીમાંના એક વિશાળ ઊમરાના ઝાડ પાસેથી નીકળતું પાણીનું ઝરણ આ સ્થળની વસતિ તથા બાગબગીચાને અખૂટ પાણી પૂરું પાડે અહીં કેટલાક પ્રાચીન શિલાલેખો પણ છે.

વીરેશ્વરથી સાત માઈલ ઉપર આતરસુંબાનાં પ્રાચીન સ્મારકો આવે છે, અને ત્યાંથી આગળ ચાલતાં સારણેશ્વર અને પછી બે માઇલ પર અભાપુરનું લાખેણા દહેરાવાળું સ્થળ આવે છે. પોળોની રાજધાની વિજયનગર ત્યાંથી સાત માઇલ થાય છે. મુસાફરોએ પોતાનો મુકામ વીરેશ્વર અગર વિજયનગર રાખવો પડે છે. વીરેશ્વર મુકામ રાખનારને ત્યાં સીધું-સામાન પણ મળી શકે છે.

ઉપર જણાવ્યા મુજબ જંગલોનો કેટલાક ભાગ કપાઇ જવા છતાં અહીં એટલી અખૂટ વનશ્રી ભરી પડી છે કે સૃષ્ટિસૌંદર્ય જોવાની ઇચ્છાવાળાને, તથા અમદાવાદ જેવાં મોટાં શહેરોની ધમાલમાંથી શાન્તિ માટે નાસી છૂટવા ઇચ્છનારને વીરેશ્વરના કુદરતી વાતાવરણથી આનંદ, આરામ અને ઉપયોગી જ્ઞાન પણ મળી રહે તેમ છે.

પોળો

સાબરકાંઠા જિલ્લાનો એક અણઓળખાએલો પ્રદેશ

લેખક • દેવશંકર મોતીરામ રાવળ
માજી આર્કીઓલૉજી ઇન્સ્પેક્ટર • ઇડર રાજ્ય



પોળોનો પ્રદેશ બતાવતો ઇડર રાજ્યનો નકશો


જાણે કોઈ યોગી પદ્માસનવાળીને બેઠેલો હોય તેવી આકૃતિ-વાળા, ઇડર પ્રદેશના હાથમાં નાના ઉઘાડેલા પુસ્તક જેવા ઘાટનો, આ 'પોળો'નો પ્રાચીન પ્રદેશ સાબરકાંઠા જિલ્લામાં એક વણઓળખાએલો પણ સુંદર પ્રદેશ છે.

લગભગ ૪૦૦ ચોરસ માઈલ વિસ્તારનો આ પ્રદેશ ઈડર રાજ્ય-ના ઈશાન ખૂણામાં, ઈડર અને મેવાડની વચ્ચે આવેલો છે. બહુધા તે ડુંગરાળ હોવા છતાં તેમાં થઇને વહેતી (હરણાવ) હરિણાક્ષી અને (કોસંબી) કૌસામ્બી નામની નદીઓની ખીણનો કેટલોક ભાગ રસાળ ને ફળદ્રુપ છે, અને પ્રાચીન કાળમાં તે નદીઓને કિનારે ફાલેલી પ્રાચીન આર્ય વસાહતોની સંસ્કૃતિના અવશેષો રૂપ, શિલ્પ અને સ્થાપત્યના ઉત્તમ નમૂના અહીં હજી જોવામાં આવે છે.

ઈડર રાજ્યનાં પ્રાચીન સ્થાનો તથા તેનાં શિલ્પસ્થાપત્ય વિષે કેટલાક વખત પહેલાંના ત્યાંના કેળવણી અને પુરાતત્ત્વખાતાના અધિકારી શ્રી પંઢરીનાથ ઇનામદારે, એક સચિત્ર પુસ્તિકા દ્વારા તેમાં-ની પુરાતત્ત્વ વિષયક સમૃદ્ધિ ઉપર સારો પ્રકાશ પાડેલો છે; પરંતુ તેની જોડે જ ઐતિહાસિક રીતે સંકળાએલા આ 'પોળો'ના પ્રદેશ વિષે હજી કશો પરિચય અપાયો ન હોવાથી આ પ્રયત્ન કર્યો છે.


આ પ્રદેશ અત્યંત ડુંગરાળ તથા ગાઢ જંગલવાળો હોવાથી પુ-રાણકાલિન આર્ય વસાહતોનો પ્રવેશ અહીં નહિ થયો હોય એમ લાગે છે; કેમકે આજે પણ અહીંની વસતિ મુખ્યત્વે આદિવાસીઓની જ છે. આર્ય વસાહતોનાં જે કંઇ પ્રાચીન નિશાન મળે છે તે દસમા સૈકા પછીના સમયનાં જ જોવામાં આવે છે. ત્યાર પછી તેરમા સૈકાથી માંડી સોળમા સૈકા સુધી અહીં ઘણી સારી આબાદી થઇ હશે, અને તે અઢારમા સૈકા સુધી ટકી રહી હશે એમ જણાય છે.

શાહબુદ્દીન ઘોરીના સમયથી મેવાડ ઉપર વિધર્મીઓનાં આક્ર-મણો શરૂ થયાં તેને પરિણામે, ખાસ કરીને સામાન્ય વસતિએ, ત્યાંથી નાસી આવી આ પોળોના ડુંગરાળ અને ગાઢ જંગલવાળા પ્રદેશમાં આશ્રય લીધો; અને એ આક્રમણો ઉત્તરોત્તર અલાઉદ્દીન ખિલજી તથા છેક મુઘલ સમય સુધી ચાલુ રહેવાથી, આ રક્ષણકારી પ્રદેશ આબાદ થઇને ત્યાં નગરો વગેરે પણ વસ્યાં. તેની જાહોજલાલી કેવી હશે તે, સ્થાપત્યના શણગારરૂપ અહીંનાં હિંદુ ને જૈન મંદિરો પરથી જણાય છે. અભાપુર પાસેનું લાખેણું દહેરું; અભાપુર ને આતરસુંબા વચ્ચેનું સારણેશ્વરનું વિશાળ શિવાલય; આતરસુંબા પાસેના એક રાજકુંવર સદેવંત તથા એક નગરશેઠની કુમારિકા સાવળીંગાના **સ્મરણ** રૂપ 'નગર વચ્ચે નદી વહે એ અમારો દેશ' (અનુસંધાન સામે પાને)



પોળોના પ્રદેશમાં અભાપુર પાસે આવેલા, 'લાખેણા દહેરાં' નામના જૈન મંદિરનાં ખંડિયેરો. એનું સ્થાપત્ય ચાલુક્ય કાળનું જણાય છે. આ ઉપરાંત પ્રતિહાર તથા ગુપ્ત સ્થાપત્યની અસર-વાળાં બીજાં ખંડિયેરો પણ આ પ્રદેશમાં ઘણાં મળી આવે છે.

આ અંકમાંનાં ચિત્રો



કલાકાર રથાવક્ષ ચાવડાના નામથી 'કુમાર'ના વાચકો અજાણ નથી. આ અંકના મુખચિત્રમાં દર્શાવેલી ખરબચડી અપરૂપ શૈલીથી કોઈ એમ તો ન જ સમજે કે વાસ્તવદર્શી આલેખન પર એમનો કાબૂ કોઈ રીતે ઊતરતો છે. બલ્કે એવો સંપૂર્ણ કાબૂ જમાવ્યા પછી જ માણસ આ શૈલીમાં સફળ થઈ શકે,—જેમ કોઈ વિદ્વાન વ્યાકરણ પરના પૂરા પ્રભુત્વ તથા સમજ પછી જ નવી લેખનશૈલી સરજી શકે છે તેમ. ગયા વરસે (૩૧૨મા અંકમાં) શ્રી ચાવડાની સ્કેચ બુકોમાંથી એમની ઝડપી પ્રાણીચિત્રણાના જે ગબલખ નમૂના અમે આપ્યા હતા તેવા જ બીજા નમૂના આ સામે એમનું એ સામર્થ્ય દાખવવા આપીએ છીએ. પેન્સિલ કે રબર વિના, કેવળ ફાઉન્ટન પેનથી જ, જીવંત પ્રાણીઓની વિવિધ બેઠકો, ભાવો ને હલચલની લીલાઓ આદિ ઝડપી લઈને સીધા કાગળ પર ઉતારવામાં કેટલી ચોકસાઇ અને આંગળાં પરનો અદ્ભુત કાબૂ જોઇએ છે તેનો ખ્યાલ કરશો તો એમના સામર્થ્યની ખાતરી થશે. એવા સામર્થ્ય વડે આલેખેલા હૂબહૂ આલેખનના આ સ્કેચ, વાસ્તવદર્શી કલામાં પણ એ કેવા નિષ્ણાત છે તેની કંઈક પ્રતીતિ કરાવશે.

આ અંકમાંનું રંગીન મુખચિત્ર, જે આધુનિક 'ધ્યાનચિત્ર-શૈલી'નું છે, તેનો પરિચય તથા સમજણ તો એ ચિત્રની નીચે આપ્યાં જ છે. તેની સાથોસાથ જ અમે આ અંકના પાછલા પૂઠામાં એક અદ્દલ 'વાસ્તવદર્શી 'શૈલી'નું ચિત્ર ઇરાદા પૂર્વક એટલા માટે આપીએ છીએ કે તે બંનેની સરખામણી કરીને વાચકો બંનેના સૌંદર્ય ને સામર્થ્યનો ખ્યાલ મેળવી શકે. પહેલી શૈલીમાં, એક દૃશ્ય કે પાત્ર જોયા પછી તેના વિષે મનમાં મચેલા ઉદ્રેકની છાપ ઉતારવાનો પ્રયત્ન હોય છે, જ્યારે વાસ્તવદર્શી શૈલીમાં, 'દેખાય છે તેવું હૂબહૂ'–તેની બારીકમાં બારીક વિગત સાથે આલેખવાનો પુરુષાર્થ હોય છે.

પાછલા પૂઠામાં આપેલું એવું એ ચિત્ર પોતાના રેખા સામર્થ્ય માટે જગતભરમાં પંકાએલા, જર્મન કલાકાર આલ્બ્રેખ્ટ (આલ્બર્ટ) ડ્યુરરની નામી કૃતિ છે. એ છે તો માત્ર એક સ્કેચ. ભૂરા આસમાની કાગળ પર કેવળ કાળી અને સફેદ શાહીથી, પીંછી વડે તે આલેખેલો છે; પણ જાણે કોઇ કલમથી આલેખી હોય એવી એની ચોકસાઈ ભરી રેખાઓ મુલાયમ પીંછી ઉપર એનાં આંગળાંનો કેટલો અદ્ભુત કાબૂ હશે તે દર્શાવે છે. ડ્યુરર મૂળ તો એના વૂડકટ્સ (કાઠખુદાઈ)નાં સમર્થ ચિત્રો માટે ખ્યાત છે. એનાં એ ચિત્રો ઝીણામાં ઝીણી વિગત સાથે દાખવેલા પટગૂંથણીના કૌશલ માટે દુનિયામાં ખૂબ પંકાય છે. પણ એનાં એવાં સેંકડો વૂડકટમાંથી કોઈમાં પણ, એ કલાકારની લાક્ષણિકતા તથા ગુણવત્તા આના જેટલી જણાતી નથી. એની બધી જ કલાકૃતિઓમાં આલેખન-સામર્થ્યની પરાકાષ્ઠા, યંત્રવત્ ચોકસાઇ અને અલૌકિક ધીરજ રહેલી હોય છે; પણ તેની સાથે આમાં વૃદ્ધના ચહેરાઓની રેખાઓ દ્વારા એણે લાગણીની જે ભિનાશ દાખવી છે તે બીજે વિરલ હોય છે. એના આવા જ નામી ચિત્ર 'પ્રાર્થનાબદ્ધ હાથ'માં એણે જેમ માનવ હૃદયને બોલતું બતાવ્યું છે, તેમ આમાં પણ વૃદ્ધાવસ્થાને એણે બોલતી કરી છે. આયુષ્યને આરે પહોંચવા આવેલા એ વૃદ્ધના ચહેરા પર, કાળના ચક્રે પાડેલી બારીકમાં બારીક કરચલી અને ઝીણામાં ઝીણા વાળ સુધીનું આલેખન, હૂબહૂ ચોકસાઈ અને અદ્ભુત રેખાસામર્થ્યથી ઉતારવાની સાથે એણે એની વિચારગ્રસ્ત આંખો, કરચલિયાળા કપાળ અને બીડાએલા હોઠ પાછળથી બોલી રહેલી માનવલાગણીઓને પણ વહેવડાવી છે. એનાં 'વૂડકટ'માં એ ઘણી વાર, પટગૂંથણીની લાલચમાં પડી જવાથી, છાયાપ્રકાશના પલટાઓને અવગણે છે, તે પણ આમા તેની આબેહૂબ કુમાશ સાથે તેણે ઉતાર્યા છે. અણુ યે અણુ સુધીની વિગતો ઉતારતું આ આલેખન વાસ્તવદર્શી કલા (હૂબહૂ આલેખન શૈલી)નો અદ્ભુત નમૂનો છે.

જર્મનીના ન્યુરેનબર્ગ શહેરમાં, ઇ. ૧૪૫૫માં હંગેરીથી આવીને વસેલા એક કુશળ સોનીને ત્યાં. ઇ. ૧૪૭૧માં આલ્બ્રેખ્ટ ડ્યુરરનો જન્મ થએલો. શાળા છોડીને પિતાના હાથ નીચે ધંધાની તાલીમ તેણે લેવા માંડી; પણ પંદર વરસની વયે તેને ચિત્રકાર થવાની ઝંખના જાગી. પિતાએ, જરા કચવાતે મને, તેને મિશાએલ વ્હૉલ્ગમથ નામે કલાકાર પાસે મૂક્યો. ત્યાં ત્રણ વરસના અભ્યાસ બાદ તેણે થોડો પ્રવાસ કર્યો; અને પછી ન્યુરેનબર્ગમાં આવીને તે ઠરીઠામ થયો, જ્યાં ૧૫૨૮માં દુનિયાને મોંઘો કલા-વારસો આપીને તે અવસાન પામ્યો. ચિત્રકાર થવા માટે જે ખાસ અગત્યના પુરુષાર્થગુણો જોઇએ તે તેનાં બધાં ચિત્રોમાંથી આપમેળે બોલી ઊઠે છે: અવિરત ઉદ્યમ, અખંડ ખંત, અણુબદ્ધ ચોકસાઇ, અદ્ભુત રેખાસામર્થ્ય.

પૂઠા ઉપરનું ચિત્ર

એ પણ અજબ રેખાસામર્થ્યનો એક નમૂનો છે. જાપાની કલાકારોમાંથી જો કોઈએ જગતનામના મેળવી હોય તો બે જણાએ : હોકુસાઈ ને હીરોશીગે. આજથી સો વરસ પર થઇ ગએલા કાત્સુશિકા હોકુસાઈ (૧૭૬૦થી ૧૮૪૮)નાં થોડાં ચિત્રો 'કુમાર'માં આવી ગયાં, જે પૈકી ૨૫૮મા અંકમાં આવેલું 'સમુદ્રતરંગ'નું ચિત્ર તો જગવિખ્યાત છે. માત્ર કાળી શાહીની પીંછી વડે તેણે આલેખેલું ચીની યોદ્ધાનું આ આવેગભર્યું ચિત્ર હાલ બ્રિટિશ મ્યૂઝિયમમાં છે. વાચકોને આમ ત્રણ કલમસ્વામીઓની કૃતિઓ સમજવા મળશે.

ટિકિટસંગ્રહ આજનો એ સંસારવ્યાપી શૉખ

કેમ કેળવવો તેની, તથા બીજી ઉપયોગી માહિતી આપતો વિભાગ



રજિસ્ટર કરવાનાં કાગળો માટે ખાસ કાઢવામાં આવેલી ટિકિટોનો નમૂનો. વર્ણન નીચે વાંચો.

સંગ્રહ કરવા યોગ્ય સાચી ટિકિટ કોને ગણવી તેની સમજણ અગાઉ એક વખત આપી છે. કાગળો ઉપર ચોડવામાં આવતી ટિકિટો ઉપરાંત બીજા વ્યવહારો માટે જુદાજુદા પ્રકારની અન્ય ટિકિટો પણ કાઢવામાં આવે છે. દાખલા તરીકે કોર્ટ-કચેરીઓમાં વપરાતી રેવન્યુ તથા દસ્તાવેજી ટિકિટો, તાર ખાતા માટેની ખાસ ટેલીગ્રાફ સ્ટૅમ્પ, રજિસ્ટ્રેશન માટેની ટિકિટો, કોઇ ખાસ ઉદ્દેશ કે વ્યવહાર માટે કાઢવામાં આવેલાં સીલો, ટિકડીઓ વગેરે. આ બધી ટિકિટો સંગ્રહ યોગ્ય ગણાતી નથી, તેથી ટિકિટ સંગ્રાહકો મોટે ભાગે તેને બાતલ રાખે છે. પરંતુ આમાં યે અપવાદો હોય છે.

દાખલા તરીકે 'રેવન્યુસ્ટૅમ્પ' સંગ્રહ માટે નકામી ગણાય છે. એવી ટિકિટો પારખવી પણ સહેલી હોય છે, કેમકે તેના ઉપર 'રેવન્યુ' (Revenue) એવા શબ્દો ચોખ્ખા લખેલા હોય છે. પરંતુ આમાં એક અપવાદ ધ્યાનમાં રાખવાનો છે. બ્રિટિશ સામ્રાજ્યની કેટલીક ટિકિટો ઉપર 'પોસ્ટેજ ઍન્ડ રેવન્યુ' એવા શબ્દ હોય છે. તેનો અર્થ એ કે એ ટિકિટો બંને હેતુ માટે વપરાય છે. આવા કિસ્સામાં રેવન્યુ હેતુ તરીકે (એટલે કે પહોંચ, દસ્તાવેજ વગેરે કામ માટે) વપરાએલી ટિકિટો 'સંગ્રહ' માટે નકામી છે, અને માત્ર ટપાલના હેતુ માટે વપરાએલી જ ખપની હોય છે. પણ એ પારખવી કઈ રીતે? રીત સહેલી છે. ટપાલના કાગળ પર વપરાએલી ટિકિટનું કૅન્સલેશન (રદ્દીકરણ) ટપાલની છાપ મારીને કરેલું હોય છે; જ્યારે એ જ ટિકિટ રેવન્યુ યા દસ્તાવેજી કામ માટે વપરાઇ હોય તો તેના ઉપર હાથનું લખાણ, લીટા, કે રબરસ્ટૅમ્પ મારીને તે રદ કરેલી હોય છે. એ હાથના લખાણમાં તારીખ, માણસની સહી, ગામનું કે સ્થળનું નામ, અગર સાદા લીટા, કંઈ પણ હોય; અગર જાંબલી કે લાલ રંગનો રબર-સ્ટૅમ્પ હોય. એટલે આવા રદ્દીકરણવાળી ટિકિટો નવ્વાણુ ટકા તો તમારે સંગ્રહ માટે નિરૂપયોગી જ ગણવી.

પણ એમાં યે એક ટકો અપવાદ હોય છે, એટલે તે વિષે સાવચેત રહેવું; કેમકે આજથી સિત્તેરેક વરસ પર કેટલાક દેશોમાં—ખાસ કરીને દક્ષિણ અમેરિકાનાં રાજ્યો તથા યુનાઈટેડ સ્ટેટ્સમાં ટપાલની ટિકિટોને પણ કલમના લીટા મારીને રદ કરવાની પદ્ધતિ હતી. એટલે, સંજોગવશાત્ એવી પુરાણી ટિકિટ જો હાથ પડી જાય તો એ મોંઘી વસ્તુ માટે સાવચેત રહેવાની તકેદારી રાખવી.

રદ્દીકરણની વાત કરીએ છીએ ત્યારે સાથે-સાથે એક બીજો મુદ્દો પણ વિચારી લઇએ, જે, સંગ્રાહકોએ અપવાદ તરીકે ખ્યાલમાં રાખવાનો છે. અગાઉ ઘણી વખત કહેવાઈ ગયું છે, અને મોટા ભાગના ટિકિટ-સંગ્રાહકો એ જાણે પણ છે, કે કોઇ પણ ટિકિટનો જરા સરખો ભાગ પણ જો ફાટેલો હોય તો તે નકામી ગણાય છે;–અરે તેના પરફૉરેશનની એક કાંગરી પણ ખંડિત થઇ હોય કે તે પર જરા ઘસારો યે લાગ્યો હોય તો યે તે નકામી. પણ આમાં યે અપવાદ છે. થોડા દશકા પર અફઘાનિસ્તાનની પોસ્ટઑફિસોમાં ટિકિટોને છાપ મારીને નહિ પણ તેનો છેડો ફાડી લઈને રદ કરવામાં આવતી! અને એ અફઘાન ટિકિટો સામાન્ય રીતે પાતળા ઢીલા કાગળ ઉપર છાપેલી હોવાથી એ રીતે છેડા ફાડવા જતાં ટિકિટ ચોળાઇને અગર વધુ ફાટીને નકામી થઇ જતી. આથી, પાછળથી કાતરો વડે ખૂણો કાતરી લેવાની ટપાલખાતાને સૂચના કરવામાં આવેલી. એટલે 'ખંડિત' ટિકિટોની વ્યાખ્યામાંથી એવી જૂની અફઘાન ટિકિટોને અપવાદ રૂપ લેખવી; કેમકે આજે તદ્દન આખી એવી અફઘાન ટિકિટો દુર્લભ હોય છે: જે મળે છે તે ઉપર મુજબ ખંડિત રદ્દીકરણવાળી જ.

એવી જ સાવચેતી ખંડિત પરફોરેશનની બાબતમાં રાખવાની છે. આપણે સામાન્ય-રીતે એમ સમજીએ છીએ કે ટિકિટની ચોમેર પરફોરેશની કાંગરી હોવી જોઈએ. પણ કેટલીક એવી 'ઇમ્પર્ફોરેટ' ટિકિટો પણ છે, જેની ચોમેર કાંગરી ન હોતાં માત્ર કાતરની જેમ ચોમેર સાદી રીતે જ (યંત્રથી) કાપેલી હોય છે. જ્યારે અમેરિકા, કૅનેડા, ક્યૂબા વગેરે કેટલાક દેશોની ટિકિટોની બે કે ત્રણ જ બાજુ પરફોરેશનની કાંગરી હોય છે અને બીજી એક-બે બાજુઓ સાદી કાપેલી આવે છે. આવી ટિકિટો સ્ટૅમ્પ-સ્લૉટ-મશીન (સિક્કો નાખવાથી આપમેળે ટિકિટો કાઢી આપતાં યંત્રો) માટે બનાવેલી હોય છે, એટલે આવી ટિકિટોને પણ 'રદ' ન ગણવી. કોઇ સારા સ્ટૅમ્પ કૅટલૉગમાં કયા દેશની કયા પ્રકારની ટિકિટો આવી રીતની હોય છે તેનો પરિચય અને યાદી આપેલાં હોય છે, એટલે તે પરથી સાચી ટિકિટની માહિતી મળી રહે છે.

'ટેલીગ્રાફ સ્ટૅમ્પ'ને તો સંગ્રહમાં મોટે ભાગે સ્થાન નથી હોતું; જોકે ઘણા દેશો તે કાઢે છે ખરા; અને કેટલાક પરદેશોનાં કૅટલગોમાં તેની વિગતો પણ સંગ્રાહકોની માહિતી માટે આપેલી હોય છે. હિંદમાં તો એવા (તારના) ઉદ્દેશ માટે વપરાતી ટિકિટો ઉપર 'ઑન પોસ્ટલ સર્વિસ' એવું સ્પષ્ટરીતે પાછળથી છાપેલું હોય છે. આ ટિકિટો 'ટિકિટસંગ્રહ'ની વ્યાખ્યામાં નથી આવતી

'રજિસ્ટ્રેશન લેબલ'માં પણ અપવાદ છે. ટપાલમાં મોકલાતા કાગળો અને દાગીના રજિસ્ટર કરવા માટેની, મોટો R અક્ષર છાપેલી સફેદ આડી પટ્ટીઓ (જેના કોરા ભાગમાં મોકલનાર ટપાલ ઑફિસનું નામ, દાગીનાનો નંબર વગેરે છાપવા કે લખવામાં આવે છે તે) સંગ્રહ યોગ્ય નથી ગણાતી; કેમકે એ માત્ર 'લેબલો' છે, અને એની કિંમત એરમેઈલનાં વાદળી લેબલો જેટલી જ ગણાય. પણ કેટલાક દેશો એવા છે કે જ્યાં આવા રજિસ્ટર્ડ દાગીનાઓ માટે ખાસ બનાવટની રજિસ્ટ્રેશન ટિકિટો જ કાઢવામાં આવે છે; અને અમુક દેશોની પોસ્ટ ઑફિસો તો, એવા ઉદ્દેશ માટે જો એ ટિકિટ સિવાયની બીજી ટિકિટ વપરાઈ હોય તો દાગીના સ્વીકારવાની ના પાડે છે! કોલંબિયા, ઈરાન અને લાઇબેરિયામાં આ પદ્ધતિ છે. એટલે એવી ટિકિટો જો હાથમાં આવે તો તત્પર રહેવું. જોકે એનો ઝાઝો સંભવ નથી; કેમકે રજિસ્ટ્રેશનના ખાસ ઉદ્દેશ માટે કાઢેલી આવી ટિકિટો આજકાલ એટલી દુર્લભ છે કે ભાગ્યે જ તે કોઇને હાથ ચડે છે. એનો એક નમૂનો મથાળે આપ્યો છે. (ચાલુ)

કવિ વર્ડ્ઝવર્થ (અનુસંધાન પૃષ્ઠ ૨૩૧થી ચાલુ)

આલફૉકસડનમાં કૉલરિજે સૂચવેલા 'ધ રેકલૂઝ'ની 'ધ પ્રિલ્યૂડ' રૂપે હવે પૂર્ણાહુતિ થઈ. એ 'પ્રિલ્યૂડ' વર્ડ્ઝવર્થનું મહાકાવ્ય ગણાય છે. ૧૭૯૮ લગીના કવિમાનસના વિકાસનો એમાં ચિતાર આપ્યો છે. ૧૭૯૮થી ૧૮૦૪ લગીનાં વર્ષોમાં એ રચાયું છે, પણ એનું પ્રકાશન તો, કવિની ઈચ્છા પ્રમાણે, ૧૮૫૦માં એનું અવસાન થયા બાદ જ થયું.

આસમીઅરનો બીજો મહત્ત્વનો પ્રસંગ તે મિલ્ટનની શૈલીનું પુનઃપરિશીલન. પોતાની કવિતાના ઉગમકાળમાં કેમ્બ્રિજમાં તેણે પ્રથમ મિલ્ટન વાંચેલો; પણ અનુભવોને આરે આવી પહોંચેલા કવિચિત્તે આ બીજી વારના વાચનથી કોઇ જુદી જ અસર અનુભવી. અને કવિની કલમમાંથી હવે મિલ્ટન શૈલીની વજનદાર કૃતિઓ વહેતી ચાલી.

મિલ્ટન જેવા સ્વાતંત્ર્યપ્રેમી કવિનો કેફ લઇને ૧૮૦૨માં વર્ડ્ઝવર્થે એક દશકા પછી ફ્રૅન્સમાં ફરીથી પગ મૂક્યો. ડોવર જતાં રસ્તામાં વેસ્ટમિન્સ્ટર બ્રિજ ઉપરથી પસાર થતાં તેણે પોતાની એ પૂલ પરની પ્રખ્યાત સૉનેટ રચી. ફ્રૅન્સમાં વર્ડ્ઝવર્થ, ઍનેત, ડૉરૉથી અને ઍનેતની પેલી પુત્રી સાથે તે એક મહિનો રહ્યો ત્યારે ક્ષણભર તો જાણેકે એને એનો ભૂતકાળ પાછો મળી ગયો. ફ્રૅન્સમાં પણ એણે સાત સૉનેટ રચી. ફ્રૅન્સના આ પ્રવાસની અસરનો તાગ, એણે પાછા ફરીને લંડનમાં મિલ્ટનની યાદ આપે એવી જે કેટલીક સૉનેટો લખી છે તે પરથી પામી શકાય છે. 'Earth has not anyhing to show more fair' ગાનારો કવિ

'Milton! thou shouldst be living at this hour,
England hath need of thee!' એમ કકળી ઊઠે છે.

આ પ્રવાસના સમયમાં જ વર્ડ્ઝવર્થે તુસેં પરની પોતાની સર્વશ્રેષ્ઠ સૉનેટ રચી. એમાંની એક પંક્તિ

'Thy friends are exaltations, agonies...'ને

આઇરિશ કવિ વિવેચક Æ. એ અંગ્રેજી ભાષાના ગૌરવ ને સાહિત્યની સિદ્ધિ લેખે ગણાવી છે. 'લિરિકલ બૅલાડ્ઝ'ના પ્રવેશકનો વર્ડ્ઝવર્થ તો અહીં શોધ્યો જડતો નથી.

ફ્રૅન્સથી પાછા ફરીને લંડનમાં ત્રણ અઠવાડિયાં ગાળીને કવિ યૉર્કશાયરમાં બહેન ડૉરૉથીની સહાધ્યાયિની મેરી હચિન્સનને ત્યાં અતિથિ રૂપે રહ્યો; અને એ પરિચયને પરિણામે, ૧૮૦૨ના ઑક્ટોબરની ૪થીએ, 'આનંદના ઓછાયા' જેવી એ મેરી સાથે કવિએ લગ્ન કર્યું. લગ્નને ત્રીજે જ દિવસે આ ત્રિપુટીનું આસમીઅરમાં પુનરાગમન થયું

ફ્રૅન્સના પ્રવાસે કવિના અંતરંગ પર ભારે અસર ઉપજાવી. એની પ્રતીતિ ૧૮૦૫ની આસપાસ રચેલી 'પીલ કૅસલ', 'ધ હૅપી વૉરીઅર', 'ઓડ ટુ ડ્યૂટી' તથા 'ઈમ્મૉર્ટાલિટી ઓડ' જેવી કૃતિઓ પરથી થાય છે. 'પ્રિલ્યૂડ'માં જેમ ૧૭૯૩થી ૧૭૯૭ લગીની કવિની આત્મકથા છે, અને ત્યાર પછીનો અનહદ આનંદ જેમ 'ટિન્ટર્ન ઍબી'માં છે, તેમ ૧૮૦૨થી ૧૮૦૬ લગીની ઉથલપાથલનો ઇતિહાસ 'ઈમ્મૉર્ટાલિટી ઓડ'માં નોંધાયો છે. 'ટિન્ટર્ન ઍબી'માં અધૂરો રહેલો તંતુ ત્યાં પૂરો થયો છે. કવિના વ્યક્તિત્વની ગંભીરતાનું ઉચ્ચારણ આ બે કૃતિઓમાં સર્વાંગસંપૂર્ણ શ્રવણગોચર થાય છે. એકમાં અનહદ આનંદનું તો બીજીમાં અપાર વેદનાનું પ્રકટેલું ગાન કવિના કવનની યશકલગી છે.

ત્યાર પછી કવિના કવનકાળની ઊતરતી કક્ષા બેસી જાય છે. 'ઓડ'ની અંતિમ પંક્તિમાં જ જાણે કવિના કવિત્વનો અંત આવે છે. પછીનો કવિ કુંઠિત-કંઠ બની ગયો લાગે છે. હવે કવિ 'ધી એકસકર્ઝન' નામનું મહાકાવ્ય માંડે છે. એની પૂર્વેનાં મહાકાવ્યોથી, વસ્તુ અને રીતિમાં, એ અનોખું છે. એનો વિષય છે 'હોપ'—આશા. પાત્રો છે 'વૉન્ડરર', 'પેસ્ટર', 'પોએટ' ને 'સૉલીટરી', ને એનું સ્થળ છે સરોવરપ્રદેશ. એમાં અમુક સર્ગ લગી ઉપરનાં ચાર પાત્રો વચ્ચે ઈંગ્લંડના સામાજિક અને આધ્યાત્મિક પ્રશ્નોની ચર્ચા ચાલે છે. પણ એ કાવ્યના 'પ્રોસ્પેક્ટસ'માં કવિએ જે અપેક્ષા જગાડી હતી તે એણે સંતોષી નહિ. 'પ્રિલ્યૂડ'ની પેઠે કવિના અંગત જીવનની દૃષ્ટિએ જ આ કૃતિનું મહત્ત્વ છે. જોકે વર્ડ્ઝવર્થ તો એક મહાન કલાકૃતિ રૂપે જ એને માનતો હતો, કારણ કે 'પ્રિલ્યૂડ'ને તો એ આ કલામંદિરનો એક સ્તંભ માત્ર જ ગણતો હતો. એટલે જ તો ૧૮૧૪માં એણે 'ધી એકસકર્ઝન'નું પ્રકાશન કર્યું ને 'ધ પ્રિલ્યૂડ'ને છેક મૃત્યુ લગી અંધારામાં જ રાખ્યું.

'ધી એક્સકર્ઝન'માં ક્યાંક ક્યાંક હજુ યે 'ટિન્ટર્ન ઍબી' કે 'ઈમ્મૉર્ટાલિટી ઓડ'નો વર્ડ્ઝવર્થ નજરે પડે છે; અને ૧૮૧૪ના 'લાઓડેમિયા' તથા ૧૮૧૮ના 'લાઈન્સ કૉમ્પોઝ્ડ ઑન ઍન ઈવનિંગ ઑફ એક્સ્ટ્રાઑર્ડિનરી બ્યૂટી'ના કવિમાં એની અંતિમ ઝલક જોવા મળે છે. ત્યાર પછી કવિતાની નહિ પણ કવિમાંના માનવીની પ્રગતિનો જ પરિચય થાય છે; અને એની ઉત્તરાવસ્થા એ દૃષ્ટિએ જ વિકાસગામી ગણી શકાય. ઉત્તરાશ્રમમાં વર્ડ્ઝવર્થ કવિ મટીને ફિલસૂફ બની જાય છે. ૧૮૨૦માં 'ધ રિવર ડડન' ઉપરની તેત્રીસ સૉનેટ કવિ આપણને આપે છે. એમાં એક 'આફ્ટર થૉટ'ના અપવાદ સિવાય એકે વર્ડ્ઝવર્થની કલાનો પરિચય કરાવતી નથી. એના 'એક્લિઝીઍસ્ટિકલ સૉનેટ્સ'માં પણ એમ જ બન્યું છે.

૧૮૧૩માં કવિએ 'રાઈડલ માઉન્ટ' ખાતે આવીને કાયમનો વાસ કર્યો, જ્યાં તેના જીવનનાં લગભગ છેલ્લાં ૪૦ વરસ વીત્યાં. હવે જીવનમાં તે સ્થિર થયો. તેને એક મિત્રનો નાનો વારસો મળી ગએલો, તેમાંથી તે બહુ કરકસરથી રહેતો. ૧૮૧૩માં તેને એક નાની સરખી સરકારી નોકરી (વેસ્ટમોરલૅન્ડ પરગણામાં સરકારી દસ્તાવેજો વેચનારની) મળી તેથી તેની આર્થિક સ્થિતિ હળવી થઇ. પછીથી તેને આબકારી ખાતામાં હોદ્દો મળ્યો, જેમાં તેને ખાસ કશું કામ જ કરવાનું ન હતું. હવે કુદરત તથા કાવ્યની કુંજોમાં તે મસ્ત રહેતો, અને ગામડાના લોકો ઘણી વાર આવા પ્રતિષ્ઠિત મોટા માણસને સરોવરને કાંઠે કે ટેકરીઓની ગાળીમાં બૂમો પાડીપાડીને કાવ્યો લલકારતો સાંભળીને અચરજ પામતા. વર્ડ્ઝવર્થને એ ટેવ હતી.

૧૮૨૦ના ઉનાળામાં કવિએ મેરી, ડૉરૉથી અને પોતાના મિત્ર ક્રૅબ રૉબિન્સન સાથે યુરોપનો બીજી વાર (ફ્રૅન્સની એક મહિનાની મુલાકાત જતી કરતાં) પ્રવાસ કર્યો; ૧૮૨૮માં કૉલરિજની સાથે ર્‍હાઈન પ્રદેશમાં પ્રવાસ કર્યો; ૧૮૩૧માં ને ૧૮૩૭માં એણે ઇટાલીનો પ્રવાસ કર્યો. આ પ્રવાસોનો રસિક ઇતિહાસ 'મેમોરિયલ્સ'માં અંકાયો છે.

૧૮૩૯થી મૃત્યુ લગીનો કાળ એણે 'ધ પ્રિલ્યૂડ'ની હસ્તપ્રતમાં સુધારાવધારા કરવામાં ગાળ્યો અને આ પાઠાન્તરો જ એના છેલ્લા દશકાનું કાવ્યફૂલ. એ સિવાય આ દશકામાં માત્ર બે જ બનાવો કવિના જીવનમાં નોંધપાત્ર છે: એક, કવિ સધેના મૃત્યુ પછી એને રાજકવિપદ પ્રાપ્ત થયું તે, ને બીજો કવિની પુત્રી ડોરાનું અવસાન.

વર્ડ્ઝવર્થની કવિ તરીકેની પ્રતિષ્ઠા ઘણી ધીમે જામતી ગએલી, કેમકે પોપની શૈલીની અસરવાળા એ કાળમાં પ્રવર્તતા કવિતા-વિચારોથી તેના સિદ્ધાંતો વિરુદ્ધ હતા. છતાં નવા વિચારોનું મૂલ્ય સમજનારાએ તેને વધાવી લીધો, અને આજે તો અંગ્રેજી કવિતાનાં શિખરો પર તેનું સ્થાન છે. ૧૮૫૦ના એપ્રિલની ૨૩મીએ, ૮૦ વર્ષની પાકી વયે, પ્રકૃતિની ભંગુરતાને ભવ્યતાનો નવો જન્મ આપનાર આ કવિનું અવસાન થયું અને આવા ભાઇને ગુમાવવાના વિરહમાં ઝુરતી તેની બહેન ડૉરૉથી તેના અવસાન પછી પાંચ વર્ષે મૃત્યુ પામી.

સુરમો સોમલ અને બિસમથ

લેખક · ડૉ. નરસિંહ મૂ. શાહ
એમ.એસસી. પી.એચ.ડી.

આંખની કીકીને શોભાવતા તેમજ ઠંડક આપતા અંજન તરીકે સુરમાનો ઉપયોગ ઘણા દેશોમાં અતિ પ્રાચીન કાળથી થતો આવે છે. ઇજિપ્તમાં ઈ. પૂર્વે ૩૪૦૦—એટલે આજથી લગભગ સાડા પાંચ હજાર વરસ પહેલાં પણ એ પ્રથા પ્રચલિત હતી. ઉપરાંત, સુરમાનો ઉપયોગ રંગ તરીકે પણ કરવામાં આવતો.

સુરમો એટલે સ્ટીબનાઇટ અથવા ઍન્ટીમોનાઈટ ખનીજનો બારીક ભૂકો. પણ સામાન્યરીતે તે ઍન્ટીમની ને નામે ઓળખાય છે. લુચ્ચા દુકાનદારો ખરા સુરમાને બદલે ભળતી જ ચીજો આપે છે, જેમાં સામાન્યતઃ જસીના (સીસાનો એક પદાર્થ—લેડ સલ્ફાઈડ) હોય છે. સ્ટીબનાઈટ એ ઍન્ટીમની ને ગંધકનું સંયોજન—ઍન્ટીમની સલ્ફાઇડ છે. તેને ભૂંજવાથી તેમાંથી ઍન્ટીમની ઑક્સાઇડ પેદા થાય છે, જેને કોલસા સાથે ગરમ કરવાથી ઍન્ટીમની ધાતુ છૂટી પડે છે. આ ઍન્ટીમની (સુરમા ધાતુ) વિષે પ્રાચીન કીમિયાગરોને પણ જ્ઞાન હતું. મહાન જર્મન કીમિયાગર-વૈદ્ય પારાસેલ્સસ સુરમામાંથી બનાવેલી દવાઓ પુષ્કળ વાપરતો. આયુર્વેદમાં પણ સુરમાની ઘણી બનાવટો વપરાતી આવી હોવાના ઉલ્લેખ છે.

સુરમાના સ્ટીબનાઈટ ખનીજના ઉત્પાદનનો મોટો ભાગ ચીનમાં થાય છે. પરંતુ ચીન-જાપાનના યુદ્ધ પછી તે ખૂબ ઘટી જઇને તેને બદલે હવે મેક્સિકો, બોલીવિયા, ફ્રાંસ વગેરે દેશો પોતાનો માલ વધારતા ગયા છે. જગતમાં સુરમાધાતુની વાર્ષિક વપરાશ લગભગ ૩૪ હજાર ટન ઉપરાંત થાય છે.

આધુનિક યુગમાં સુરમાનો ઉપયોગ માત્ર અંજન કે દવા પૂરતો ન રહેતાં ઉદ્યોગોમાં ખૂબ વધી ગયો છે; અને બીજી ધાતુઓની સાથે મિશ્ર ધાતુઓ (alloys) બનાવવામાં તેની લગભગ પોણા ભાગની વાર્ષિક પેદાશ વપરાઇ જાય છે. લગભગ ૨૫-૨૬ હજાર ટન ઍન્ટીમની તો સીસાને સખત બનાવવા માટે તેની જુદીજુદી મિશ્ર ધાતુઓ બનાવવામાં વપરાય છે. ૪-૧૨ ટકા પર્યંત ઍન્ટીમની (સુરમા)વાળું 'સખત સીસું' સ્ટોરેજ બૅટરીની બનાવટમાં ખૂબ વપરાય છે. આ ઉપરાંત તેનો ઉપયોગ રાસાયનિક ઉદ્યોગોમાં સીસાનાં પતરાં, નળીઓ, તારટેલીફોનનાં દોરડાનાં તેમજ વીજળીના ફ્યુઝના આવરણ (ઢાંકણ) વગેરે તરીકે થાય છે. દબાવીને વાળી શકાય એવી નરમ ટ્યૂબો, પતરાં તથા બીજા સીસાના સામાનની બનાવટમાં પણ થોડીક સુરમા ધાતુ તો ઉમેરવામાં આવે જ છે.

યુદ્ધકાળમાં તો આ ધાતુ ઘણી મહત્ત્વની છે. છરાવાળા બૉમ્બ અને સીસાની ગોળીઓના બહારના ભાગને સખત બનાવવા માટે તેની ખૂબ જરૂર રહે છે. છરાવાળા બૉમ્બના શેલોની બનાવટમાં ઍન્ટીમની સલ્ફાઈડ નાખવામાં આવે છે, જેથી તે શેલ ફૂટતાં ગાઢ સફેદ ધુમાડો પેદા થાય છે. ગયા વિશ્વયુદ્ધ વખતે આપણા દેશમાં સુરમાનાં ખનીજ શોધવાના ખૂબ પ્રયત્નો કરવામાં આવ્યા હતા અને બલુચિસ્તાન તરફના પ્રદેશમાંથી એ મળી આવ્યા હતા. આપણા રોજિંદા જીવનમાં સુરમા-મિશ્ર ધાતુઓ ખૂબ ઉપયોગી થાય છે. બાબીટ મેટલ તરીકે ઓળખાતી ઘર્ષણ વિરોધી મિશ્ર ધાતુમાં ૮૩ ટકા કલાઈ, ૧૧ ટકા સુરમો અને ૬ ટકા તાંબું હોય છે. આપણી આજની સંસ્કૃતિના મૂળ પાયા રૂપ જે છાપખાનાં, તેનાં છાપવાનાં બીબાંની બનાવટમાં મુખ્યત્વે ૬૦ ટકા સીસા ઉપરાંત ઍન્ટીમની વપરાય છે. ઉપરાંત તેમાં થોડી કલાઇ અને તાંબુ પણ ઉમેરાય છે. ઍન્ટીમની સીસાને સખત તો બનાવે જ છે; પણ બીબાંની ધાતુમાં સુરમા ધાતુ ઉમેરવાનું મુખ્ય કારણ તો એ ધાતુનો એક વિશિષ્ટ ગુણ છે. બીજી ધાતુઓનો ગરમ રસ ઠર્યા પછી સંકોચાય છે, જ્યારે ઍન્ટીમની ઠંડી પડતાં જરા વિસ્તાર પામે છે. આથી, ઍન્ટીમનીવાળી ધાતુનો ઢાળો બીબાંના મોલ્ડમાં વિકસીને સજ્જડરીતે પડી શકે છે, ને તેથી અક્ષર જાડો ન પડી જતાં સ્પષ્ટ, પાતળો ને સુરેખ ઊઠે છે.

બ્રિટાનિયા મેટલ નામની એક મિશ્ર ધાતુ સીસું, સુરમા અને ત્રાંબાના મિશ્રણમાંથી બનાવાય છે. તેમાંથી ચમચા, રકાબીનાં ઢાંકણાં અને બીજા એવા ઘરગથ્થુ સામાન બને છે.

ઍન્ટીમનીનાં રાસાયનિક સંયોજનો પણ ખૂબ ઉપયોગી છે. 'ઍન્ટીમની ઑક્સાઇડ' રંગરોગાનમાં ને કાચને રંગીન બનાવવામાં વપરાય છે. 'ઍન્ટીમની સલ્ફાઇડ' રબરને વલ્કેનાઇઝ કરવા માટે પહેલાં બહુ વપરાતો: હવે એ અગાઉ જેટલો વપરાતો નથી; પણ દીવાસળીના ઉદ્યોગમાં એ સલ્ફાઇડ પુષ્કળ વપરાય છે. કુદરતમાંથી મળી આવેલો સલ્ફાઇડ તો ભૂરા રંગનો હોય છે, પણ પ્રયોગશાળામાં બનાવેલો તેનો બીજો પ્રકાર રાતા રંગનો થાય છે અને તે રાતા રંગ તરીકે વપરાય છે. ઍન્ટીમનીનાં કાર્બનિક સંયોજનો દવા તરીકે વપરાય છે. કાળા જ્વર (બ્લૅક ફિવર)માં રામબાણ તરીકે પુરવાર થએલી દવા સ્ટીબામીન યુરિયા સુરમા ધાતુની જ બનાવટ છે.

હવે આપણે આ વિભાગની બાકીની ધાતુઓ લઈએ. તેમાં ખાસ આર્સેનિક અને બિસ્મથ આવે છે. આર્સેનિક એટલે સોમલ. ઝેર તરીકે તો તે ઘણો જાણીતો છે. સોમલમાં જંતુવિનાશક ગુણો હોવાથી એની પેદાશનો મોટો ભાગ એમાં જ વપરાય છે. ખેતીને નુકસાનકારક જીવાતનો નાશ કરવા માટે સોમલયુક્ત પદાર્થોનો ઉપયોગ તો આજે સર્વસામાન્ય છે. કપાસનાં જીંડવાં ઉપરની ઇયળોના નાશ માટે લેડ આર્સેનેઈટ (સીસા ને સોમલનો ઑક્સિજનયુક્ત સંયોજિત પદાર્થ) અને બટાટાના છોડના બચાવ માટે ત્રાંબાનો આર્સેનેઈટ વપરાય છે. ઉપરાંત આર્સેનિકનાં સંયોજનો કાચના ઉદ્યોગમાં પણ વપરાય છે. એ ઉપરાંત છીંટ છાપવાના રસાયણમાં અને ઔષધોની બનાવટમાં પણ આર્સેનિકના પદાર્થો વપરાય છે. મશહૂર '૬૦૬'નાં ઇન્જેક્શન એ સોમલની જ ઔષધીય બનાવટ છે. થોડાં વર્ષો થયાં કેટલીક મિશ્ર ધાતુઓ અને રેણની બનાવટમાં પણ સોમલ વપરાવા લાગ્યું છે. આર્સેનિક ઑક્સાઇડ 'સફેદ સોમલ' તરીકે ઓળખાય છે.

બિસ્મથ પણ જૂની ધાતુ છે. કલઈ અને સીસાના જેવા જ તેના ગુણો હોવાને લીધે એ ધાતુઓમાં તેનો ખૂબ ગુંચવાડો ઊભો થતો. પણ તેનો રંગ આછો રાતો હોય છે. તેનાં સંયોજનો અતિસાર અને કૉલેરાનાં ઔષધો તરીકે વપરાતાં આવ્યાં છે. પરંતુ બિસ્મથની

ખાસ વિશેષતા તો એ છે કે તેની મિશ્ર ધાતુઓ ગરમ પાણીમાં પ્રવાહી થઇ જાય છે; આથી તેની એવી મિશ્ર ધાતુઓ સેફ્ટી વાલ્વ-ના પ્લગમાં ઉપયોગી થાય છે. તે પૈકી નીચેની ખાસ ઉલ્લેખનીય છે: વૂડની મિશ્ર ધાતુ (જેમાં ૪ ભાગ બિસ્મથ, ૨ ભાગ સીસું, ૧ ભાગ કલાઈ અને ૧ ભાગ કૅડમિયમ હોય છે તે) ૭૧° ડિગ્રી સેન્ટી-ગ્રેડે પ્રવાહી થઇ જાય છે. રોઝની મિશ્ર ધાતુ (જેમાં ૨ ભાગ બિસ્મથ, ૧ ભાગ સીસું અને ૧ ભાગ કલઇ હોય છે તે) ૯૪ ડિગ્રીએ પ્રવાહી થઈ જાય છે. લીપોવિટ્સની મિશ્ર ધાતુ ૬૦-૬૫ ડિગ્રીએ પ્રવાહી થઈ જાય છે, તેમાં ૧૫ ભાગ બિસ્મથ હોય છે. આથી, આગ ઓલવવા-નાં ઑટૉમૅટિક સ્પ્રિન્કલરની બનાવટમાં તેમજ બૉઈલરોમાં આ મિશ્ર ધાતુઓ ખૂબ ઉપયોગી નીવડી છે. વળી બિસ્મથનો તાર વીજ-ળીનાં સાધનોમાં પણ ખૂબ ઉપયોગી થાય છે. બિસ્મથ ને પારાનું સંયોજન દાંતના ડૉક્ટરો ચોકઠાં બનાવવામાં વાપરે છે.

બિસ્મથના ખનીજો બહુ મળી આવતા નથી, તેથી મોટે ભાગે તે બીજી ધાતુઓના ખનીજોમાંથી ગૌણ પેદાશ તરીકે કાઢવામાં આવે છે. પેરૂની ત્રાંબા અને સીસાની ખાણોમાંથી એ ધાતુઓ કાઢી લીધા પછી બિસ્મથ નીકળે છે. પહેલાં ઑસ્ટ્રેલિયા ટંગસ્ટન અને મોલિ-બ્ડેનમની ખાણોમાથી બિસ્મથ કાઢતું, પણ હવે એ ઉત્પાદન બંધ થઇ ગયું છે. હવે મેક્સિકો અને કૅનેડા આ ધાતુ સારા પ્રમાણમાં કાઢે છે. તો યે દુનિયાનું કુલ બિસ્મથ-ઉત્પાદન લગભગ ૧૫૦૦ ટન થાય છે.

બાંધ ગઠરિયાં (અનુસંધાન પૃ૦ ૨૩૯થી ચાલુ)

સાહિત્ય ખેડતા. કોઈ અપ્રાપ્ય—ન મળે એવી—વિદ્યાની ચોપડી હાથ લાગે તો લાગલી જ એની નકલ કરી લેતા. અક્ષર જુઓ તો મોતીના દાણા. મરોડ તો એવા સુંદર કે ઊડીને આંખે જ વળગે. સ્વચ્છ, ધાટીલા, એટલા સુંદર અક્ષર મેં બીજા કોઈના જોયા નથી. એવા હસ્તાક્ષરમાં નકલ કરેલું નળાખ્યાન હજી મારી પાસે છે. એ ઉપરાંત પોતે નાટક, નવલકથા અને કવિતાઓ પણ લખેલી. કવિતાઓ તો લખાતી જાય તેમ છપાવી પૈસે બે પૈસે છુટક વેચતા. પત્ર લખવાની કળા ઉપર એક નાનું પુસ્તક કેટલાક નમૂના સાથે છપાવેલું, તે પણ મારી પાસે છે: પ્રમદા પત્રલેખાવલિ'. ઇ. ૧૯૦૦ની સાલમાં એમણે એક નાટક છપાવેલું. તેનું નામ 'ચન્દ્રવદન અને ચન્દ્રકળા'. જૂની ઢબનું, ત્રણ અંકી. સૌથી પહેલું નાટક મેં એ વાંચ્યું હતું.

કંઈક કવિ, થોડા લેખક અને અરધા કલાકાર ચુનીલાલ કોમો-ડોર તે મારી બાના બાપા, એટલે મારા નાના-આજા-દાદા. ૧૯૦૧-માં મારા જન્મ પછી બેત્રણ વરસે એ ગુજરી ગયા. પોતે લખેલા નાટક ઉપરથી મારું નામ એમણે જ ચન્દ્રવદન પાડેલું; અને મારી વહુ આવે તો એનું નામ ચન્દ્રકળા રાખવું, એવી બાલપણમાં સૌ-કોઈ મશ્કરીઓ કરતા. એ ચુનીલાલનાં વહુ મણિબા તે અમારા છોટાલાલ મામાજીનાં બેન, મારાં આજી-નાની-દાદી. ચુનીલાલ એને ખૂબ સતાવતા. ત્રણચાર છોકરાં થએલાં તે મરી ગએલાં, એટલે કોઈ ચાવળચંડીએ ચુનીભાઇને ભંભેર્યું કે મણિ તો જાણીજોઇને છોકરાંને મારી નાખે છે! બસ, ઘણાંના સંસારમાં જેમ બિનજવાબદાર ટીખ-ળીઓ કડવાશનાં બી વાવે છે, એમ ચુનીભાઈના કાચા કાનમાંથી આ વાત ઊંડે પેઠી, તે એટલી વસમી થઈ કે વહુને ઘરમાંથી કાઢી મૂકી. એક દીકરી થએલી તે સવિતા; અને સવિતા પર એના બાપને બહુ હેત.

પંદર રૂપિયાના પગારદાર 'ઇસ્ટોર કીપર' ચિમન જોડે પર-ણાવ્યા પછી સવિતાને જો માને મળવું હોય તો બાપની રજા લેવી પડતી. છોટાલાલ મામાજીએ મણિબહેનને પોતાને ઘેર ઘણો વખત રાખી. પછી કંઇક પતાવટ થતાં ચુનીલાલના ઘર સામે દેસાઇ પોળ-માં જ બીજું ઘર ભાડે લઇ ત્યાં રાખી; અને એમ ત્યાં મણિબા ટાપીઓ ભરી, કે એવું ઘરબેઠે કામ કરી ગુજારો કરતી. જરા કોઈ ચુનીભાઇને ભંભેરતું, તો ચુનાભાઈ વહુને ફટકાવી આવતા, લાકડી-નો પણ ઉપયોગ કરતા, અને છોટા મામાજી વાતો કરતા ત્યારે કહેતા કે એક વખત તો મણિબહેનને દોરડે બાંધી ટાંગી પણ રાખી હતી;

પણ ખૂબી તો એ કે મારી બા ઉપર ચુનીલાલે શિખામણના જે કાગળો લખ્યા છે તેમાં મણિબા માટે ઇશારો સરખો નથી. એ લાંબા કાગળો આંખે ઊડીને વળગે એવા સુંદર અક્ષરોમાં છે, એટલા જ હૃદયમાં સોંસરા પેસી જાય એવા સચોટ છે. 'દીકરીને મા માટે લાગે જ, તે હું સમજુ છું.' અને એ લખાણ વાંચતાં ચુનીલાલ આટલા કઠોર નઠોર માણસ હોઈ શકે એમ મનાય જ નહિ. ઊલટું ઘણા કાગળોમાં તો દીકરી સવિતાને માની કોમળતાથી પત્રો લખ્યા છે, મા માફક જ સંસ્કાર-શિખામણ આપ્યાં છે.

હવે આપણે દેસાઇપોળના પેલા ભાડાના ઘરમાં જઇએ ૧૯૦૧ ની સાલમાં મારી બાની સુવાવડનો પ્રસંગ આવ્યો. માને દીકરી પર વહાલ; બાપને દીકરી પર હેત. દીકરીની કેળવણી એવી કે બંને પર મમતા. અનેક માંજગડો પછી સવિતાની સુવાવડ એની મા પાસે થઈ. એના દીકરાને ચુનીલાલ પાસે રમાડવા રોજ લઈ જવામાં આવતો. અને ચુનીલાલના હરખનો પાર નહોતો. દાદાદાદી વચ્ચેનું વૈમનસ્ય કંઈક ઓછું થયું. અવારનવાર એ મળતાં રહ્યાં. દીકરી સુવાવડમાંથી ઊઠી બાળકને લઈ સાસરે ગઈ, અને થોડો જ કાળ વીતતાં પંખીમાળો પીંખાઈ ગયો.

ચુનીલાલ કોમોડોર શ્રીનાથજીની જાત્રાએ જવા નીકળ્યા. દુ:ખિયારી મણિબા સામેના ઘરમાં એકલી ખાટલે. ચુનીલાલ શ્રી-નાથજી પહોંચ્યા, અને મંદિરમાં દર્શન કરવા દાખલ થવા જાય છે, ત્યાં જ સૂરતથી સગાંએ લખેલો કાગળ મળ્યો કે ધર્મપત્ની ગુજરી ગયાં છે! સૂતક પડયું જાણી ધર્મિષ્ઠ ચુનીલાલ દર્શન કર્યા વિના જ સૂરત પાછા ફર્યા, અને ઘેર આવતાં પટકાયા. અને બરાબર એક મહિને વહુની પાછળ ચુનીલાલ પણ શ્રીજીશરણ સિધાવ્યા! ત્યારે ચુનીલાલની ઘરડી મા વિજકોર ડોશી જીવતી. એ અને ચુનીલાલની એકમાત્ર દીકરી સવિતા, એ બે જણાં ચોધાર આંસુએ રોયાં.

એ વિજકોર ડોશી (મારી માના બાપાની મા—દાદી) ને અમે 'જી' કહેતા. એણે મને ખૂબ લડાવેલો. પાસે બે પૈસાની મૂડી. એમાં-થી વારતહેવારે કોથળીઓ છોડી કંઇ આપતી, ખવડાવતી 'ચન્દ્ર-વદન' નામ તો એનાથી બોલી શકાય નહિ. એટલે બાબુલ બાબુલ કરી ઓરવાઇ જતી. નવદસ વર્ષનો હોઇશ ત્યારે, મામાજીને ત્યાં રહેતો હતો ત્યાંથી, નિશાળમાં એકાએક કોઈ તેડવા આવ્યું, અને સાંજે એક્કામાં બેસાડી મને સૂરતથી ચાર માઈલ દૂર આવેલા અશ્વિનિકુમારને કાંઠે ચૂપચાપ લઈ જવામાં આવ્યો. સ્મશાન ત્યારે મેં પહેલું જોયું. છોકરો હેબકાઈ ન જાય એ માટે મામાજી-ની સૂચનાનુસાર ઘરડાઓએ ખાસ તકેદારી રાખી હતી. 'ભાઈ! તારે આગ મૂકવાની છે. તારી જી ગુજરી ગઈ' અને પછી સળગતું છાણું કેમ પકડવું, ચિતાની આસપાસ શી રીતે ફરવું, આગ કેમ મૂકવી, એ બધું પાકી રીતે સમજાવવામાં આવ્યું. બે ત્રણ વડીલો પડખે રહ્યા. લગભગ અંધારું થઇ ગયું હતું ત્યારે, તાપીકાંઠે ત્યાં મેં પહેલી ચિતા સળગાવી, અને ત્રણ કલાક એક બળતી જોઈ. (ચાલુ)

પચ્ચીસ વર્ષ પહેલાં





અંક ૧૯ · અષાડ ૧૯૮૧ (જુલાઇ ૧૯૨૫)

ગુજરાતી સાહિત્યમાં પંકાઇ ગએલું શ્રી હરિહર ભટ્ટનું કાવ્ય 'એક જ દે ચિનગારી' લખાયાને આજ ૨૫ વર્ષ થયાં પણ એ સૌ પ્રથમ 'કુમાર'ના ૧૯માં અંકમાં પ્રકટ થએલું. એ કદાચ ઘણા નહિ જાણતા હોય. અહીં તે ઉતારીએ.

એક જ દે ચિનગારી,
મહાનલ, એક જ દે ચિનગારી.
ચકમક લોઢું ઘસતાં ઘસતાં, ખરચી જિંદગી સારી;
જામગરીમાં તણખો ન પડયો, ન ફળી મહેનત મારી.
ચાંદો સળગ્યો, સૂરજ સળગ્યો, સળગી આભ-અટારી;
ના સળગી એક સગડી મારી, વાત વિપતની ભારી.
ઠંડીમાં મુજ કાયા થથરે, ખૂટી ધીરજ મારી;
વિશ્વાનલ, હું અધિક ન માગું, માગું એક ચિનગારી.
મહાનલ, એક જ દે ચિનગારી.

આજથી પચ્ચીસ વરસ ઉપર, ૧૯૨૫ના જૂનની ૧૬મીએ દેશબંધુ ચિત્તરંજન દાસનું અવસાન થએલું. તે પ્રસંગને અંકિત કરીને, 'કુમારે' જુલાઇ અંકમાં એમનું જે સંકલિત કરેલું ચરિત્ર આપેલું તે નિત્યપ્રેરક નીવડે એવું હોઇ તેમાંનો મુખ્ય ભાગ ઉતારીએ:

૧૮૭૦ના નવેમ્બર મહીનાની પાંચમી તારીખે, કલકત્તામાં વસતા–મૂળ ઢાકાના રહીશ—ભુવનમોહન દાસને ત્યાં એમનો જન્મ થયો. ભુવનમોહન દાસ કલકત્તા હાઇકોર્ટના પ્રખ્યાત ઍટર્ની હતા. એ વખતે બંગાળામાં બ્રહ્મસમાજનું પૂર જોશ હતું, અને ભુવનમોહન બાબુ એ પ્રવૃત્તિના પંકાએલા અગ્રણી હતા. તેમની જ્વલંત દેશભક્તિ અને દેશપ્રેમની આગ એ વખતના બંગાળી તરુણોમાં નવચેતન પૂરતી. 'બૅંગાલ પબ્લિક ઓપીનિયન' નામે પત્રના તે તંત્રી પણ હતા.

ભવાનીપુરની લંડન મિશનરી સ્કૂલમાંથી બાળક ચિત્તરંજને મૅટ્રિકની પરીક્ષા પસાર કરી અને કલકત્તાની પ્રેસિડેન્સી કૉલેજમાંથી ૧૮૯૦માં બી. એ. થઈ તરત જ આઇ.સી.એસ. થવા માટે એ ઇંગ્લંડ ઊપડી ગયા. એ વેળા દાદાભાઈ નવરોજજી ત્યાંની પાર્લમેન્ટના સભાસદ થવા માટે ઉમેદવાર તરીકે બહાર પડેલા. તરુણ વિદ્યાર્થી ચિત્તરંજને પાર્લામેન્ટમાં દાદાભાઇનો પ્રવેશ કરાવવા સારુ એમને અનહદ મદદ આપી. એ માટે એણે એવાં તો સુંદર અને અસરકારક ભાષણો આપ્યાં કે ઇંગ્લંડના પ્રધાનો સુદ્ધાંનું ધ્યાન એના તરફ ખેંચાયું.

લગભગ આ જ અરસામાં એક બીજો બનાવ પણ બન્યો. ઈ. સ. ૧૮૯૨માં, પાર્લમેન્ટના જેમ્સ મૅકલિન નામના એક સભ્યે 'હિંદુ-મુસલમાન' વિષે લંડનમાં એક ભાષણ આપ્યું. એમાં મુસલમાનોને 'ગુલામ' અને હિંદુઓને 'ગુલામના પણ ગુલામ' કહીને હીણી નાખ્યા. ચિત્તબાબુએ તરત તે સામે બધા હિંદી વિદ્યાર્થીઓ તથા હિંદ પ્રત્યે સહાનુભૂતિ ધરાવનારાઓની એક સભા ભરી. ગ્લૅડસ્ટનના પ્રમુખપદ નીચેની એ પ્રચંડ સભામાં ચિત્તરંજને સમર્થ ભાષણ કર્યું. અંગ્રેજોની મેદની એના પર મુગ્ધ બની ગઈ. પરિણામે મૅકલિનને જાહેર માફી માગવી પડી એટલું જ નહિ, પણ પાર્લમેન્ટના સભાસદ તરીકેનું રાજીનામું પણ આપવું પડયું. આ બે કારણોને લીધે ચિત્તરંજન આઇ. સી. એસ.માં પસાર થવા છતાં એમને હિંદી સરકારની નોકરી ન મળી! એટલે આખરે બૅરિસ્ટરીનો અભ્યાસ એમણે શરૂ કર્યો.

એમના દાસ કુટુંબની દાનવીરતા પેઢીઉતાર હતી. છેલ્લી પાંચેક પેઢી થયાં દરેક જણ સંસ્કારી જીવન ગાળી અઢળક દ્રવ્ય કમાતો, અને તે ગરીબોને વહેંચી દઇ પુત્રને કરજનો વારસો સોંપી જતો! આ દાનવીરતા અને કરજ બંનેનો વારસો ભુવનમોહન બાબુને પણ મળ્યો હતો. ચિત્તરંજન વિલાયત અભ્યાસ કરતા એ અરસામાં ભુવનબાબુની ઉદારતા એટલી ઉડાઉ બની ગઇ હતી કે પોતાની મોટી આવક છતાં ઇંગ્લંડ ભણતા પુત્રને મોકલવા માટે ઘણીવાર તેમની પાસે પૈસા પણ ન રહેતા. આખરે ચિત્તરંજનને ઝટપટ બૅરિસ્ટરની પરીક્ષા પસાર કરી તત્કાળ કલકત્તે આવવું પડયું. (૧૮૯૩)

કલકત્તે આવીને ચિત્તરંજન જુએ છે તો ભરણપોષણનાં પણ કુટુંબને સાંસાં હતાં. પિતાના કરજનો આંકડો સાઠ હજાર ઉપરનો હતો! આ તોડવા માટે એમણે ૧૮૯૩માં કલકત્તામાં વકીલાત શરૂ કરી. બીજી તરફથી પિતાના લેણદારોએ આકરો તકાદો શરૂ કર્યો. તેથી ત્રાસી અંતે ભુવનમોહન દાસે કોર્ટમાં નાદારી નોંધાવી. આથી ચિત્તરંજનને ધંધામાં ભારે વિઘ્ન નડયું. નાદાર પિતાના પુત્રને વકીલ કોણ રાખે? પૈસાની તો એટલી તંગી રહેવા માંડી કે કેટલીકવાર તો ટ્રામના ભાડાનો આનો પણ ન હોવાથી કલાકો સુધી પગે ચાલીને કોર્ટમાં જવું પડતું. પરંતુ આ બધાં વિઘ્નોથી હારી જાય એવો એ નિર્બળ આત્મા નહોતો. તેણે એ બધા વિકટ માર્ગો ઉપર સ્થિર પગલે અને હિંમતપૂર્વક મજલ કરી, અને બુદ્ધિની તેજસ્વિતા તથા અંતરની પ્રામાણિકતાથી ધીમેધીમે પોતાની પ્રતિષ્ઠા જમાવી.

પણ હજી પિતાની નાદારીનો ડાઘ તેમના દિલમાંથી ગયો નહોતો. તેમણે જોયું કે અદાલતે ભલે આપણને કરજમુક્ત કર્યા, પણ હિંદી સંસ્કૃતિની દૃષ્ટિએ ખરા કરજમુક્ત નથી થયા. પિતાની માલમિલકતના જેમ આપણે વારસ થઇએ, તેમ તેમના કરજનો વારસો પણ આપણે કબૂલ રાખવો જોઇએ. મનથી આવી ગાંઠ વાળીને એ પિતૃભક્ત પુત્રે પંદર વરસ સુધી અતિ કરકસરથી રહી પોતાની આવકનો સંચય કર્યો, અને પિતાના લેણદારના પુત્ર બાબુ સુરેન્દ્રનાથ મલ્લિકને એક દિવસ પત્ર લખી જણાવ્યું કે, 'તમારા સ્વર્ગસ્થ પિતાએ મારા સ્વર્ગસ્થ પિતાને જે કરજ ધીરેલું તે આજે પાછું વાળવાને ઇશ્વરકૃપાથી શક્તિમાન થાઉં છું.' સુરેન્દ્ર મલ્લિક તો આભા જ બન્યા. તેમના એકે લેણાની મુદત તો રહી જ નહોતી; તેમ કોઇએ દાસ બાબુ પાસે માગણી યે કરી નહોતી. છતાં તેમણે રૂ. ૬૭૦૦૦ પિતાના ઋણમાંથી મુક્ત થવાને ચુકતે મોકલી આપ્યા! આ કિસ્સાએ બંગાળમાં દાસ બાબુને એક પવિત્ર પુરુષ તરીકેનું સ્થાન અપાવ્યું.

અત્યાર સુધી દેશની કોઈપણ સાર્વજનિક હીલચાલમાં ચિત્તરંજન ભાગ ન લેતા. પણ ૧૯૦૭-૮ની સાલમાં લૉર્ડ કર્ઝને બંગાળના ભાગલા પાડયા અને બંગાળના ક્રોધની ગર્જનાથી આખો ભારત-

વર્ષું ગાજવા માંડયો. તેના પરિણામે ૧૯૦૮ના મે માસની ત્રીજી તારીખે શ્રી અરવિંદ ઘોષ ઉપર, કાવતરાબાજીથી સરકારી અમલદારોનાં ખૂન કર્યાનું તહોમત મૂકવામાં આવ્યું અને 'અલીપુર બૉમ્બ કેસ'નો વિખ્યાત મુકદ્દમો ચાલુ થયો.

આ સમય ભારે કટોકટીનો હતો. કોઇ અરવિંદ બાબુનો બચાવ ન કરે. ને તેઓ દોષિત ઠરે તો બીજા દિવસનું બંગાળ કેવું બનશે એ પ્રશ્ન જેટલો ગૂઢ તેટલો જ ગંભીર હતો. વળી સરકાર સામે પડીને એમનો બચાવ કરવાની હિંમત પણ કોઇ વકીલ કે બૅરિસ્ટરમાં નહોતી. આવે અણીને વખતે એ ગરીબ દેશભક્તનો બચાવ કરવા આ કરજદાર બૅરિસ્ટર ચિત્તરંજન આગળ આવ્યા, એટલું જ નહિ પણ તેના મહેનતાણા માટે એક પાઇ સરખી પણ લેવાની ના પાડી!

જ્વલન્ત દેશભક્તિથી પ્રેરાઈ, બીજી બધી વકીલાત છોડી દઈ, અથાગ મહેનત લઈ, કાયદાની નિપુણતા અને અપૂર્વ બુદ્ધિપ્રભાવ દાખવી, એમણે શ્રી અરવિંદ ઘોષનો બચાવ કર્યો. એ મુકદ્દમાને અંતે ચિત્તરંજને બચાવનું જે છેવટનું ભાષણ કર્યું તેણે છટા અને ઓજસ્વિતામાં અંગ્રેજી વક્તૃત્વમાં ઊંચું સ્થાન લીધું છે. અને એને પરિણામે અરવિંદ બાબુ નિર્દોષ છૂટી ગયા. મુકદ્દમા દરમિયાન બીજી કશી આવક નહિ હોવાથી કુટુંબનિર્વાહ માટે ચિત્તરંજનને કરજદાર બનવું પડેલું. પણ અરવિંદ બાબુ છૂટયા તે દિવસથી ચિત્તરંજન દાસનો સિતારો તેજ થયો અને તેમની વકીલાત દિવસે દિવસે વધતી ચાલી. બૅરિસ્ટર તરીકેની એમના જેવી સફળ ને જ્વલંત કારકિર્દી ભાગ્યે જ હિંદમાં કોઈની હશે. અસહકારનાં યુદ્ધદુંદુભિ વાગતાં એમણે વકીલાત છોડી તે વેળા એમની માસિક આવક અધલાખ રૂપિયા સુધી પહોંચી હતી! ત્યાર પછીનું એમનું જીવન તો જાણીતું છે.

"એકવીસ વરસની ઊગતી વયે એના વક્તૃત્વે દરિયાપારના દેશોમાં ડંકા દીધા; એના બુદ્ધિવૈભવે કેટકેટલા યે ચમરબંધીઓને કલકત્તાની અદાલતમાં ડોલાવ્યા; એના કવિત્વે અસામાન્ય કવિઓમાં સ્થાન લીધું; પિતૃભક્તિની પરાકાષ્ઠા બતાવી એણે પિતાનું કરજ ચૂકવ્યું; વૈભવના કાળમાં ભલભલા રાજાને પણ આંજે એવી રીતે રહ્યા; મૂઠીઓ ભરીભરી ખેરાતો કરી; ડાબો હાથ ન જાણે એવાં છાનાં દાન જમણે હાથે દીધાં; મહીને અધલાખની કમાણી રળીરળીને દુઃખીદરિદ્રી દેશવાસીઓમાં લુંટાવી દીધી; અને વખત આવ્યે એ ચરણ ચાંપતી બેઠેલી લક્ષ્મીને ઠોકર મારી, ગોપીચંદની યાદ અપાવે એવી રીતે એ અમીર ચિત્તરંજને પલકવારમાં વૈભવનો ત્યાગ કરી પ્રસન્ન ચિત્તે કંગાલિયત સ્વીકારી દેશ માટે ફકીરી લીધી, ને દેશસેવા કરતાં કરતાં દેહ પાડીને પોતાના ત્યાગમંદિર પર સુવર્ણકળશ ચડાવ્યો."

મધ્યવર્તી ફકરા તરીકે 'ગિજલસ'માં આવતા પ્રેરક લેખોમાં આ અંકમાંનો ફકરો 'સ્વપનાં' વિશિષ્ટ છે અને આજે પણ એની ગુણવત્તા એટલી જ લાગે છે. જુઓ :

નિશાળના કૉમ્પાઉન્ડની પાળ ઉપર બેસી અકીટશે આકાશ સામું જોઈ રહેલા, અથવા કોઈ ઝાડને છાંયે પડયાં પડયાં ઘાસની એકાદ સળી મોંમાં ઘાલી જાણે ઝાડના પાંદડાં ગણતો હોય તેમ, આળસુપણે પડી રહેતા કોઇ બેદરકાર લાગતા છોકરાને તમે જોયો છે? આપણને લાગે કે એમ અદીના પેઠે સુમસામ પડયો રહી એ એનો વખત વેડફી નાખે છે. પણ ના; એ વખતે તે સ્વપ્નાં અનુભવતો હોય છે;—પોતાની ભવિષ્યના જિંદગીનાં સ્વપ્નાં જોતો હોય છે.

તમે પોતે પણ ઘણીવાર, સવારસાંજ નવરા પડયા ઘરને ઓટલે ઓટલે(?) બેસતાં ભાવિનાં સ્વપ્ના ઘડો છો; કોઇવાર રાત્રે પથારીમાં આળોટતાં ઘરના ઝાંખા દીવાના પ્રકાશમાં આવતા દિવસોનાં સ્વપ્નાં જુઓ છો; કોઈ કોઇ વખત ચોપડીના પાઠમાં કોઈ મહાન નરનું જીવન વાંચતાં તમારું મન તેમાંથી ખસી જઈ ભવિષ્યમાં તમે પણ કેવાક મહાન થશો એની કલ્પના કરવા મંડી પડે છે; કેટલી યે વાર ઝરમર ઝરમર વરસાદ વરસતો હોય ત્યારે નિશાળના લેસનમાંથી ચિત્ત ખસેડી શૂન્ય નજરે બારીમાંથી બહાર, વરસતા વરસાદની ધારા સાથે તમારી કલ્પનાની ધારાને વહેતી મૂકી દઈ તમે મોટપણના મનોરથો રચો છો. ઘણી યે વાર તમે ચાર મિત્રો ભેગા થઇ બપોરની નિશાળની રજામાં કે સાંજે ઘેર જતાં સાધારણ વાતોમાંથી ચાતરી ભવિષ્યની મહત્ત્વાકાંક્ષાઓ ઘડવા નથી મંડી પડતા?

એ સ્વપ્નાં એટલે ભવિષ્યના જીવનની સોનેરી કલ્પનાઓ; ભાવિની અમોલી મહત્ત્વાકાંક્ષાઓ; મનના મનોરથ. દુનીઆડાહ્યા એને ખ્યાલી સ્વપ્નાં કહી હસી કાઢે છે, મહત્ત્વાકાંક્ષાઓ રચનારને તરંગી કહી તેની ઠેકડી કરે છે, અને મનોરથો ઘડનારની હાંસી કરી તેને નિરાશ બનાવી મૂકે છે. પણ એ જ તમારી ખરી દોલત છે; એ જ તમારી આ વયનું જવાહીર છે. એનું જીવની પેઠે જતન કરજો, અને એને સાચાં પાડવા પાછળ ખુવાર થવાની તાકાત કેળવજો. ઉગતી વયે જેમણે એવાં સ્વપ્નો અને મનોરથો રચ્યા છે તે જ મોટપણે મહાન થઈ શકયા છે, કે પોતાના જીવનનું સાર્થક કરી શકયા છે.

ચેતનનો જેનામાં થનગનાટ છે, અંતરનો જેને ઉછાળો છે, જેની રગેરગમાં પ્રાણ ધબકે છે તે જ સ્વપ્નાં જુએ છે ને ઘડે છે; તેનામાં જ મનોરથો રચવાની ને પાર પાડવાની તાકાત છે. જેને સ્વપ્ના નથી લાધતાં, જેને જીવનની મહત્ત્વાકાંક્ષા નથી, જેને ભાવિની સોનેરી કલ્પનાઓ નથી તેણે જીવતર જીવ્યું જાણ્યું નથી. દુનિયાને એક ખૂણે પોદળાની પેઠે પડી રહી તે મુડદાલપણે જિંદગી ગાળી નાખે છે. તમે ખૂબ—બાખૂબ સ્વપ્નાં રચો; તમારી કલ્પનાના ઘોડાને પુરપાટ છુટ્ટા મુકી દો; તમારા મનને ઊંચામાં ઊંચા પ્રદેશમાં જઈ મનોરથો ઘડવા દો. અને જે મનોરથો ઘડો તેમાં મક્કમ રહો; તેને રોજેરોજ ઘુંટતા જઇ પાકા કરતા રહો; અને તક મળતી જાય તેમ તેને દૃઢતાથી પાર પાડવા મથો. એ ઘડી તમારી કસોટીની હશે; કેમકે મનોરથો પાછળ મથનારને દુનીઆ શરૂઆતમાં તો હીણે છે ને હાંસી કરે છે. પણ સ્વપ્નાં પાછળ ખુવાર થવાની તમારામાં તાકાત નહિ હોય તો એ સ્વપ્નાં 'સ્વપ્નાં' જ રહેવાનાં છે.

'લીલો મેવો' વિભાગમાં આ અંકમાં ઘણી ઉપયોગી માહિતી હતી. તેમાંની વાનગી જોઇએ :

આજકાલ કૅલિકો શબ્દ બોલવાની કોઇને નવાઈ નથી, પણ એ શબ્દનું મૂળ ભારે રમૂજી છે. સૈંકડો વરસ પૂર્વે મલબારના એક મહારાજાએ પોતાના એક સામંત પર ખુશ થઇ, અમુક મંદિરમાંનો કુકડો કુકરેકુક કરે ને આસપાસ જેટલે દૂર સુધી સંભળાય, તેટલી જમીન એને ભેટ આપી! એ ઠેકાણે જે ગામ વસ્યું, તેનું નામ કાલિકોડા (અથવા 'કુકરેકુક') એમ પડયું, તેના પરથી કાલિકટ થયું. અને આ કાલિકટથી જ સુતરાઉ કાપડ પહેલવહેલું વિલાયત જવા લાગ્યું. અને તેનું નામ કૅલિકો પડયું

ખજૂર અને ખારેકમાં એટલાં બધાં પોષક તત્ત્વો છે કે માંસાહાર કરતાં પણ તે બમણી શક્તિ આપનારાં છે; અને છતાં આખો દહાડો બેસી રહીને કામ કર્યા કરનારને પણ તે હજમ થઇ જાય છે. તેને રાંધવાની જરૂર નથી પડતી, એટલે વળી એ વધારે સસ્તાં પડે છે; અને પાછાં સ્વાદિષ્ટ! આપણા કમનશીબ દેશની સ્ત્રીઓએ એ ખારેક અને બદામ ઘસીને છોકરાંને ચટાડવાની છોડી દીધી છે અને ભારે ખરચે વિલાયતી 'ફૂડ' ખવડાવવા માંડયાં છે!



Our Friends Abroad



[જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ]

(આ પત્રો મેળવનાર: હરસુખ મોદી, ૯ જુહુ રોડ, વિલેપારલે, મુંબઈ-૪)

Furth, U.S.A. Zone of Germany
19–4–50

પ્રિય મિત્ર,

૯મી સપ્ટેમ્બરના તમારા પત્ર માટે આભાર. તમે ખરેખર સુંદર ને શુદ્ધ જર્મન લખો છો. તમે એ ક્યાં શીખ્યા? શાળામાં?

વારુ; હવે હું અંગ્રેજીમાં લખવું શરૂ કરું. પ્રથમ તો તમારો કાગળ આવ્યા પછીના મારા લાંબા મૌન માટે મને ક્ષમા કરશો...

......વારુ, રાજકારણ તો, અમારામાં કહેવાય છે તેમ, લપસણો માર્ગ છે, ને તેથી તેને વિષે ચર્ચા કરવી કઠિન છે; કેમકે પરાજિત પ્રજાને કદી જીતનારાઓ પ્રત્યે સદ્ભાવ ન હોય એ સ્વાભાવિક છે. છતાં તમે જાણજો કે છેલ્લા વિશ્વયુદ્ધે લોકોને કંઇ બહુ ફાયદો પહોંચાડચો નથી. હું તમને વિગતવાર કહી શકું એમ છું કે ૧૯૩૯ પહેલાં અમે યે યુદ્ધ નહોતા જ ઇચ્છતા; પણ જ્યારે સરકાર જ યુદ્ધ કરવા માગે ત્યારે પ્રજા કાંઇ કરી શકતી નથી. એ એમ જ થયું હતું, એમ જ છે ને એમ જ રહેશે; પછી ભલેને સરકાર લોકશાહી હોય, સામ્યવાદી હોય કે નાઝી. મને તો લાગે છે કે આ યુદ્ધો ફક્ત બીજા દેશના ઉદ્યોગોને તોડી પાડવા માટે જ ઊભાં કરવામાં આવે છે.

અને હવે 'કૉમ્યુનિસ્ટો' વિષેનો તમારો પ્રશ્ન. અમારે અહીં જર્મનીમાં સોવિયેટ ઝોન છે, અને ત્યાંનું 'સુંદર' જીવન કેવું છે તે અમે જાણીએ છીએ. એ પૂર્વ જર્મનીમાં કોઇ ડાયરેક્ટર થવા કરતાં અહીં પશ્ચિમ જર્મનીમાં રસ્તા પર કામ કરતો સાધારણ મજૂર થવાનું હું વધુ પસંદ કરું. અમે અહીંથી લગભગ દર અઠવાડિયે સોવિયેટ ઝોનમાં રહેતા અમારા મિત્રોને ખોરાકનાં પારસલો મોકલીએ છીએ, કેમકે ત્યાં તેઓને ખોરાક તેમ જ ઔદ્યોગિક સરસામાન વગેરે કશું પૂરતા પ્રમાણમાં મળતું નથી. સરકાર તરફથી ચાલતી ત્યાંની કહેવાતી 'ફ્રી શૉપ', ખોરાકી તથા બીજો બધો સામાન મુક્ત બજારમાં કાળા બજારના ભાવે વેચે છે. પૂર્વજર્મનીના કોઇ વતનીને એ "એચ. ઓ. લેડન" વિષે પૂછો, એટલે તમને મઝાનો ઉત્તર મળી જશે! દાખલા તરીકે રૅશનિંગ બજારમાં ૧ લિટર દૂધ ૩૫ ફેનિગે મળે, તેના એચ. ઓ. લેડનમાં ૩ માર્ક બેસે! પૂર્વ અને પશ્ચિમ બંને જર્મનીમાં રોજીના દર સરખા હોવા છતાં પશ્ચિમના માર્ક કરતાં પૂર્વના માર્કની કિંમત ૭ ગણી છે; એટલેકે પશ્ચિમ જર્મનીનો કામદાર પૂર્વ જર્મનીના કામદાર કરતાં સાતગણી સસ્તી ખરીદી કરી શકે કે છે. આ તંગીનું કારણ ત્યાંની સરહદ પર ચાલતી ભારે દાણચોરી છે. બીજા દેશોના વતનીઓ પણ અહીં બાવેરિયામાં હિજરત કરી આવે છે. ગયે જ અઠવાડિયે ત્રણ ચૅકોસ્લૉવાકિયન વિમાનો ૮૦ જેટલા આસામીઓને લઈ અહીં મ્યુનિચના એરોડ્રોમ પર ઊતરેલાં. આવી નાની નાની બાબતો જો બધી તમને જણાવવા બેસું તો મોટો ગ્રંથ ભરાય.

અહીં અમેરિકન ઝોનમાં તો અમે મોજનું જીવન માણીએ છીએ. જોકે અમેરિકન સૈનિકો જર્મન બીઅર પીએ છે ત્યારે તેનાથી ટેવાએલા ન હોઈને એમના 'વાઈલ્ડ વેસ્ટ કાઉ બૉઈઝ' જેવા બની જાય છે! બ્રિટિશ અને ફ્રેન્ચ ઝોનમાં પણ મઝા છે, જોકે બ્રિટિશ ઝોનમાં પેલું 'ડી-મિલિટરાઇઝેશન' થાય છે—એટલેકે જર્મન ઔદ્યોગિક જીવનને ખેડવી નાખવા પ્રયત્નો કરે છે. પણ તેવે વખતે કામદારો હડતાળ પાડે એટલે એ અટકાવે, અને પછી અમેરિકાને વચ્ચે લાવીને વાટાઘાટો કર્યા બાદ બ્રિટિશો સમૂળગું ભૂંસી નાખતા અટકે. પરંતુ રશિયન ઝોનમાં ભૂલેચૂકે પણ જો કોઈએ હડતાલનો પ્રયત્ન કર્યો તો—ખુદા ખેર કરે!

...અહીં રૅશનિંગ હવે ઉઠાવી લેવાયું છે અને દિવસે દિવસે ખોરાકીના ભાવો ઊતરતા જાય છે. હું તો સદ્ભાગી છું કે અહીં રહ્યો છું. મારી તબિયત પણ સારી છે. તમારી સૌની સુખાકારી ઇચ્છતો

તમારો Harold

Furth/Bavaria, Amalienstr, 51,
24–4–50

પ્રિય હરસુખ,

૨૧મીનો તમારો પત્ર આજે મળતાં ઘણો આનંદ થયો, ને જરા અવકાશ હોવાથી તમારા રસમય પત્રનો તુરત જ જવાબ વાળું છું.

૧૯મી તારીખનો મારો પત્ર થોડા દિવસ પર તમને મળી ગયો હશે. વળી ત્રણેક દિવસ પહેલાં દરિયાઈ ટપાલથી તમને મેં ૧૯૪૫-'૪૮ દરમિયાન નીકળેલી કેટલીક મિન્ટ સ્ટૅમ્પ (છાપ વગરની કોરી ટિકિટો) મોકલી છે, જે તમને લાંબા વખતે મળશે. વધુ સારી ટિકિટો એરમેઇલથી મોકલી છે. છેલ્લા પત્રમાં તમે મોકલેલી સુંદર ને રસમય ટિકિટો માટે મારે તમારો આભાર માનવાનો છે. સૌથી વધુ રસમય તો હિંદની ખાસ ટિકિટો છે; જોકે ધાર્મિક પ્રતિકો દ્વારા હિંદનો ઇતિહાસ દર્શાવતી તમારી ચાલુ ટિકિટો પણ મને બહુ ગમી. સીલોન અને ન્યાસાલૅન્ડની ટિકિટો પણ આકર્ષક છે; પાકિસ્તાનની ટિકિટોની છપાઈ તો સરસ છે, પણ બહુ રસમય ન લાગી. ૨૬મી જાન્યુઆરીનું તમારું ફર્સ્ટ-ડે-કવર સરસ હાલતમાં મળ્યું છે. પણ મારી એક વિનતિ છે કે હવેથી તમે ટિકિટો કવરના છેક ખૂણા પર ન ચોડતાં સહેજ અંદર ચોડજો, જેથી પ્રવાસ દરમ્યાન તેના ખૂણાઓ વળી જતાં ટિકિટો બગડે નહિ. માગ્યા મુજબ આ પત્રમાં હું બીજા દેશોની યુ. પી. યુ. ટિકિટો બીડીશ.

બી. એસસી. (ટેક)ની ઉપાધિ મેળવવા બદલ મારાં અભિનંદન સ્વીકારશો. એ તો ખરેખર ખેદજનક છે કે કેમિકલ એન્જીનીઅરોને કામ આપવા પૂરતી સંસ્થાઓ તમારે ત્યાં નથી. અહીં તો તમને કેમિસ્ટ્રીના ક્ષેત્રમાં સહેલાઈથી કામ મળી રહે.

અને હવે, હરસુખ, પેલી નાજુક બાબત--અમારા જૂના જર્મન રાષ્ટ્રગીત વિષે. તમે મોકલેલી છાપાની નકલ મેં વાંચી છે; ને અમારે ત્યાં કહેવત છે તેમ એ 'ઍરોમીટરના' તોફાન વિષે તમને ઉત્તર આપું. સુલેહ થવાની સાથે જ અમારી સરકાર, અમારું રાષ્ટ્રગીત, બધું ખતમ થઇ ગયું. આજે પણ જર્મન રાષ્ટ્રગીત ગવાય એ વિચિત્ર ગણાય. પરિણામ શું આવે તે કોઇ જાણતું નથી. મોટે ભાગે તો કેઇ કશું જ ગાતું નથી, અને ઘડીભર, ગુમાવેલું યુદ્ધ, ગુમાવેલી પ્રજા ને ગુમાવેલા જર્મનીને સંભારીને બેસી રહે છે. અમારા ભાગલા પડી ગયા એ કાંઇ ઠીક થયું નથી. બીજા દેશોને એ અનુકૂળ હશે, પણ અમને તો હમેશાં લાગવાનું જ કે અમારી પ્રવૃત્તિઓ પર કબજેદાર

સત્તાઓની નજર રહ્યા કરે છે. અલબત્ત, જર્મન રાષ્ટ્રગીત ગાવું એ જોખમી હતું; પણ એક વખત ગોળો ગબડવો તો જોઈએ. હવે અમને અમારું રાષ્ટ્રગીત પાછું મળી ગયું છે. તેની પહેલી અને ત્રીજી કડીઓ વિષેના તમારા પ્રશ્ન અંગે સાચી હકીકત જણાવું.

આ જૂનું રાષ્ટ્રગીત ઇ. ૧૮૪૮માં આપખુદ સત્તા સામેના બળવા વખતે એક કાવ્ય તરીકે લખાએલું. સરમુખત્યારીના સામના અને લોકશાહીના મંડાણનું એ અમારું પહેલું પગલું હતું. એટલે એ વર્ષથી આ કાવ્ય જ અમારું રાષ્ટ્રગીત બની ગયું, તે ૧૯૪૫માં છેક બીજા મહાયુદ્ધના અંત સુધી. તે પછી તે ગવાવું નહિ. તેની સામે કશો પ્રતિબંધ ન હતો, પણ કબજેદાર સત્તાઓને તે રુચતું ન હતું; કહો કે તેમને એ જોઈતું ન હતું. એ ખરું છે કે નાઝીઓને તેની ત્રીજી કડી ગમતી ન હતી, કેમકે તેમાં હક્ક, મુક્તિ અને ઐક્યની વાત આવે છે. મુક્તિ અને હક્ક જોકે નાઝી અમલમાં ગુનો નહોતાં ગણાતાં; અને તેમણે પણ ત્રીજી કડી સામે મના નહિ ફરમાવેલી, પણ એ ગવાતી નહિ એટલે એ ત્રીજી કડી દફનાવાઈ ગઈ. કોઈ કાવ્ય-સંગ્રહમાં કે નિશાળના પાઠ્ય-પુસ્તકમાં પણ તે જોવા ન મળે. જુદા કાગળ ઉપર હું તમને એ બે કડી ઉતારી મોકલું છું.

પહેલી કડીમાંના શબ્દો Deutschland uber allesનો અર્થ એ કે 'જન્મે જે જર્મન છે તે પોતાના સ્વદેશને બીજા સૌ કરતાં વિશેષ ચાહવાનો જ.' તમે પણ તમારી જન્મભૂમિને નથી ચાહતા, હરસુખ? એમાં 'સુપરમૅન'—માનવસર્વોપરિતાની ભાવના રહેલી છે એ સાંભળીને અમને હસવું આવે છે; કેમકે આજથી ૧૦૦ વર્ષ પર 'સુપરમૅન'નું અસ્તિત્વ જ ન હતું. ૧૦૦ વર્ષ પર તો બાવેરિયા, સૅક્સોનિયા, પ્રૂશિયા વગેરે અલગ દેશો હતા. અને જર્મની એ તો કેવળ આ જે બધા દેશો જર્મન ભાષા બોલતા તેમને ઓળખવા માટેનું નામમાત્ર હતું. ૧૫મી સદી સુધી તો સ્વિટ્ઝર્લૅંડ પણ જર્મનીમાં ગણાતું. નેધરલૅન્ડ (હોલાંડ) અને બેલ્જિયમ ૧૬૪૮ સુધી, ઑસ્ટ્રિયા ૧૮૧૩ સુધી, અને એ જ રીતે ઇટલીના થોડા ભાગ અને લોમ્બાર્ડી ૧૮મી સદી સુધી જર્મનીમાં ગણાતાં. આજનું જર્મની એ તો જુદાંજુદાં રાજ્યોનો સમૂહ માત્ર છે. તે ૧૮૧૩માં એકત્રિત થયાં, જે એકતા ૧૮૭૦-૭૧ના વિગ્રહ બાદ મજબૂત બની. ૧૯૧૮ સુધી તો બાવેરિયામાં ટપાલ, નાણું, સરકાર બધું તેનું આગવું હતું. એ જ રીતે તેની પશ્ચિમ પડોશે આવેલા વુર્ટેમ્બર્ગના રાજ્યમાં. જર્મન પ્રજાસત્તાકમાં આમ સ્વતંત્ર રાજ્યોનું અસ્તિત્વ છેક હિટલરના કાળ સુધી રહ્યું, જ્યારે બાવેરિયાને તેની પોતાની સરકાર હતી. જર્મની અગર Deutschland (ડૉઈશલૅન્ડ) શબ્દ તો અંગ્રેજોએ ઈ. ૩૦૦-૫૦૦ના ગાળાના જૂના જર્મનો પાસેથી લીધેલો; એ જ 'ડૉઈશલૅન્ડ' અથવા 'ડૉઈશ' શબ્દ તમને નેધરલૅન્ડ (હૉલાંડ)ના 'ડચ' શબ્દમાં મળી આવે છે. જર્મનો અને હાલના બ્રિટિશો બંને એક જ સૅક્સન જાતિના છે. ખરા બ્રિટિશરો તો વેલ્સ અને સ્કૉટલૅન્ડના મૂળ સેલ્ટિક જાતિના વતનીઓ જ ગણાય; જોકે બ્રિટિશો પણ સેલ્ટિક જાતિના કોઈક હશે. પ્રાચીન બ્રિટિશો અથવા બ્રિટનો તો ઈ. ૨૦૦ થી ૬૦૦ના ગાળામાં ઈંગ્લંડ પરની રોમનોની કબજાગીરી દરમ્યાન રહેતા હતા તે. પણ આ બધું તો તમે જાણતા હશો.

અને પેલી 'સુપરમૅન' (સર્વોપરિતા)વાળી વાત કરીએ તો, દક્ષિણ અમેરિકામાં હબસીઓ પ્રત્યે, કે પોલાંડ જેવા પૂર્વના દેશોમાં યહૂદીઓ અને જર્મનો પ્રત્યે જે વર્તાવ છે, કે ખુદ તમારા હિંદમાં બે વરસ પહેલાં અછૂતો પ્રત્યે જે વર્તાવ હતો તેનો વિચાર કરો. અને હું શરત મારું છું કે અંદરખાને બધું સરખું જ છે; નહિ?

વારુ હરસુખ, મેં બહુ લાંબો કાગળ લખ્યો. આવતે અઠવાડિયે સત્ર શરૂ થશે તેથી મેં તરત લખી કાઢ્યો, નહિતર ક્યાંક આવતી વૅકેશન સુધી મારા મેજમાં પડી રહેત.

તમને શ્રેષ્ઠ તંદુરસ્તી ઈચ્છતો, તથા આવાઆવા ખૂબ સવાલો પૂછવાની વિનંતી સાથે તમને ખુશનસીબી ઇચ્છતો

તમારો સહૃદય Harol

ફરિયાદ

ગોંડળથી એક ભાઈ લખે છે : 'પત્ર-મિત્રતાની કૉલમમાંથી મેં લગભગ ૧૦ જણને કાગળ લખેલા છે. તેમાંથી ફક્ત મને પાલીતાણા અને મદ્રાસથી બે ભાઈઓએ જવાબ આપેલા. તેમના કહેવા પ્રમાણે મેં બંને બિરાદરોને ૫૦ થી ૬૦ ટિકિટો મોકલાવેલી, પણ હજુ સુધી તે ભાઈઓએ જવાબ આપેલ નથી. તો આપ ફરિયાદમાં આ બાબત છાપશો જેથી બીજા બિરાદરો આવાથી ચેતે.'

પરદેશનાં પત્રમિત્રો

The following addresses were sent in by Mr Girdharilal Shroff, 711/3, Sakar Bazar, Ahmedabad, 2 (India-Bharat): (1) Napolitans Rinaldo, Via Della Cava Auralis, 18, Roma, (Italy) Man-Stamps; (2) Svenn Drobel, Brughuset, Nykbing Floster (Denmark) Boy-20 years; (Arts, Philosophy, Birds.); (3) Anna Maria Pagani, Villar Perosa, Torino (Italy), Stamps; (4) Piero Accorsi, Via 29 Maggio 14-Legnano-Miano (Italy) Boy-Stamps; (5) Mariami Giovanni, Vicolo Chonop N 4, (Italy) Boy-Stamps; (6) D. Vittorio Falcinelli, Corgiano, Perugio (Italy); (7) Patrizio Maggini, Biasca-Tirino (Switzerland) Boy-Stamps; (8) Molhi Lay, Sughantarghan, Poyntzpass, Co. Srmagh (N. Ireland): (9) Merete Lange, Dronning Olgasvig, 53 III Copenhagen F. (Denmark), Girl-14 years, (Sports, Music, Books); (10) Svenn Drobel Brugghuset, Nykbing Fo!ster (Denmark) Boy, 20 years. Classic Arts, Sculpture, Philosophy, Birds.

અમેરિકાનાં પત્રમિત્રો

(11) Jimmny Bilando, 732 West Bace Street, Trinidad, Colorado (U.S.A.), Boy–15; (12) Barbara Moore Route 3 Box 263, Turlock, California (U.S.A.), Girl–1 years; (13) Ruth Meredith, Fairview, Illinois (U.S.A.) Girl–18 years; (14) Harry E Babbitt, 947 Muller Street, Galesburg, Illinois (U.S.A.), Man–23 years.

According to the message of Dr. Crowell of International Students Society of U.S.A. for encouraging friendship among the young people to create goodwill and understanding, all boys and girls of 12-20 years of age, wishing to have pen-frienes may send their addresses as well as collective lists of their friends to the ISS representative Mr. Girdhaailal Shroff, 711/3 Sakar Bazar, Ahmedabad–2.

હિંદી પત્રમિત્રો

(511) Jamanadas Kotdawala, C/o Prabhudas Bapubhai Shah, Dhandhuka–17, Stamps, Corres-

pondance; (512) Manhar M. Shah, Artist, Manhar Niwas, Opp. Kalabhuvan, Baroda—22, Drawing, Literature, Photography etc; (513) Shirish R. Desai, C/o R. H. Desai, R. F. C. M., Gandhivad, Kapadwanj (Dt. Kaira)—Photography, Astrology. [ઉલ્લેખ: Girdharilal Shroff, 711/3, Sakar Bazar, Ahmedabad, 2 (India)](514) Harivadan S. Patel, 32, Old Amritvadi, V. J. Patel Rd., Bombay-4—21, Stamps, Music; (515) Mamuwala F. S., Raja Cottage, Saifeepura, Siddhpur (N. G.)—19, Stamps, Literature; (516) Pravin Shah, C/o R. Vinayakant Co., Zalorapa, Junagadh (Saur.)—20, Stamps, Music, Cricket; (517) Navnitlal V.Mistry, C/o Vallabhbhai V.Mistry, Opp.Tata High School, Bilimora—18, Stamps, Drawing and Painting; (518) Irani Godrej Mehervanji, C/o Minoo K. Pooniwala, 246, Bibi's wadi, Sayadpura, Surat—16, Stamps; (519) Mohamed Husein N. Gandhi, 2110, Panchkuva, Naya Mohalla, Ahmedabad-20, Stamps; (520) Abdullamiya A. Bombaywalla, 346, Ranitalab, Opp. Hakim Chichi, Surat—23, Stamps. (521) Manhar K. Gajjar, 93 Jail Road, Indore city, (M. B.)—16, Stamps, Coins; (522) K. M. Tanna, 22, Bhasker lane, Bombay-2—19, Drawing and Painting; (523) Chhotalal J. Shukla, 22, Bhasker lane, Bombay-2—24, Politics, Religion; (524) Vitthalbhai P. Gajjar, Near Ambica Bhuvan, Nar—22, History; (525) C. A. Wadher, 307/A 19, Outside Nickolgate, Saraspur, Ahmedabad-2—20, Stamps; (526) Manhar Mathawala, C/o Jekishandas Chunilal Mathawala, Anavil Sheri, Sagrampura, Surat—18, Sports and Photography; (527) Deepaklal Maganlal Shah, Vadi, Opp. Shani Deo, Baroda—21, Hiking, Sealed letters Reading; (528) Mapara Kautilal N., Plot No. 603, West View, Manekwadi, Bhavnagar—17, Photography, Radio, Movies, Reading; (529) Harsiddha, C/o Narsinhalal Lallubhai Shah, Motibag, Allis Bridge, Ahmedabad—15, Stamps, Horse Riding; (530) Bhagavatibabu Odhavji Joshi, 94, Rupapari, Dariyapur, Ahmedabad—19, Politics, Literature; (531) Vadilal Vasanji Shah, 32, Mody Street, Fort, Bombay-1—29, Stamps; (532) Mansukh Maniar, C/o A. J. Chanchani, P.O. Bokaro, Dist. Hazaribagh, (E. I. R.)—23, Stamps, Photography, Literature., Coins, Music.

(ચાલુ)

પંદરમી ઑગસ્ટે (અનુ૦ પૃ૦ ૨૩૫થી)

બોલાવ્યા. એકને સાઈકલ ઉપર શરતપુર મોકલી ત્યાં મોહનભાઇને કહેવડાવ્યું કે જેમ બને તેમ જલદી અખાડાના મોટા વિદ્યાર્થીઓને લઈને ચાર ફુવારાના નાકે આવી પહોંચો. ત્યાં ગિરદીને લીધે જરા તોફાન જેવું થયું છે તેમાં કામ કરવાનું છે.

બીજા બે કુમારને તેમણે સાઈકલ પર એ લત્તાગાં જ ચોમેર દોડાવ્યા અને એટલામાં રહેતા અખાડાના મોટા વિદ્યાર્થીઓમાંથી જેટલા મળે તેટલાને પોતાના બૂટ પહેરી, ગજવામાંથી જોખમ કાઢી નાખી, તાબડતોબ અખાડાના મેદાન પર હાજર થવાનું કહેવડાવ્યું.

કેટલાક ફરવા નીકળી ગયા હતા; કેટલાક નીકળવાની તૈયારી કરતા હતા; કેટલાક રસ્તાગાં જ મળી ગયા. જે મળ્યા તેમને બધાને ભેગા કરી તેગની ત્રણત્રણની ટુકડીઓ પાડી દીધી અને જ્યાંજ્યાં અનિચ્છનીય બનાવો બનતા જણાય ત્યાંત્યાં અંદર ઘુસી જઈ મેળવેલી તાલીગનો ઉપયોગ કરવાની સૂચના આપી દીધી.

આ ઉપરાંત બીજા કેટલાક કાચા અને નાના વિદ્યાર્થીઓને પણ તેગણે સાથે લીધા અને તે દરેકને જણાવ્યું કે તગારે ફરતા રહેવું અને ખાસ મારંગારી ન કરતાં જેઓ ગૂંગળાતા હોય કે જેગને બીજી કોઈ જાતની જરૂર હોય તેગને આજુબાજુના બીજા લોકોની સહાયથી બાજુ પર ખસેડી નવભારત હાઈસ્કૂલગાં પહોંચતા કરવા.

પછી આખી ટુકડીએ જલદ ચાલ શરૂ કરી ને જોતજોતાંગાં તો સૌ ચાર ફુવારાના નાકે આવી પહોંચ્યા. ટુકડીઓ યોજના પ્રગાણે વહેંચાઇ ગઈ. ચોમેર ઘોંઘાટ ઘોંઘાટ થઇ રહ્યો હતો. તોફાનીઓના હોકારા અને સ્ત્રીઓની ચીસોથી આઝાદીના ઉત્સવનું વાતાવરણ કલુષિત થઇ ગયું હતું. ચોમેરથી લોકો એટલા હડસેલાઇ રહ્યા હતા કે કોઈ પણ ગાણસ 'ચાલતું' હતું એગ કહેવું ખોટું જ ગણાય. અને આ હજારો લોકોમાં જે સેંકડો લોકો ગેરવર્તન કરી રહ્યા હતા તેમને કાબૂમાં લઇ જ ન શકાય એમ લાગતું હતું. પણ એવો નિરાશાવાદી ભાવ તો અત્યારે ઘાતક જ નીવડે તેમ હતો, એટલે કશો લાંબો વિચાર કર્યાં વિના જસવંતભાઈની ટુકડીએ ઝંપલાવ્યું.

દરેક ટુકડી ટોળાંની વચ્ચેથી રસ્તો કરી ગુંડાઓથી-પશુઓથી ઘેરાએલી સ્ત્રીઓની મદદે જવા લાગી. સામાન્ય લોકો તો ઈરાદાપૂર્વકની કોઇ રૂકાવટ તેમના માર્ગમાં નહોતા કરતા, પણ ગુંડાંઓ તેગને તરત રસ્તો આપવા તૈયાર નહોતા. 'ચાલો ભાઈ, જરા જવા દેજો' એવા નમ્ર ને શાંતિભર્યા શબ્દો શાંતરીતે કહેવાની સાથે જ આ બિરાદરો પેલા ગુંડાઓના પગ પર પોતના બૂટ એવી તો સચોટ રીતે મૂકતા, અને પોતાની મુક્કી, ખભા તથા કોણીનો ઉપયોગ એવી તો નિશ્ચલ રીતે કરતા, કે તેમના નમ્ર વચનની અને આ જલદ કામ કરવાની એ બંને ક્રિયા એક જ માણસ કરી રહ્યો છે એમ તો, પહેલી નજરે ખ્યાલગાં જ ન આવે! અને આવે તો પણ 'વાચા'એ કરેલી વિનંતી 'કર્મ'ના પ્રભાવે ગાન્ય રાખવી જ પડતી! કેટલીક જગ્યાએ 'કર્મ'ની સાથે સુસંગત 'વાચા'નો પણ ઉપયોગ કરવાની જરૂર પડતી, ને તેવે પ્રસંગે આ ટુકડી તેમ કરતાં પણ ચૂકતી નહિ.

ગિરદીનો ગેરલાભ ઉઠાવનાર ગુંડાઓ જાણતા હતા કે આજે તેમની ચારે બાજુ શિકાર જ શિકાર છે. અને તેથી જ્યારે તેગનો એકાદ શિકાર છિનવી લેવાતો ત્યારે તેની બહુ ચિંતા કર્યાં વિના તેઓ શિકાર માટે શોધ—શોધ શા માટે? હલ્લો જ શરૂ કરી દેતા.

પણ થોડી જ વારમાં તેમણે જોયું કે નવા શિકારની સાથે પાનું પાડતાં જૂના દુશ્મનોનો સામનો ફરી સામે જ આવતો. તેઓ હવે પોતાનો પીછો છોડે તેમ નથી એમ જણાતાં તેમને ઉશ્કેરાટ થયો. કમતાકાત અને ઓછી હિંગતવાળા ગુંડાઓએ એ ઉશ્કેરાટને જીભ દ્વારા વ્યક્ત કરી પગ દ્વારા સલામતી શોધી. પણ અનુભવીએ અને તાકાતવાળા ગુંડાઓએ એમ તરત શરણાગતિ ન સ્વીકારી. તેમણે જીભ અને શરીર બન્ને દ્વારા સામો જવાબ આપવા તૈયારી દેખાડી.

આવે વખતે જસવંતભાઇના મિત્રોની કસોટી હતી. પણ એવી કસોટીની કલ્પના પહેલેથી તેગને નહોતી એમ નહોતું. અને એવી

કસોટી કેવી રીતે પાર કરી શકાય તેનો ખ્યાલ પણ તેમને હતો જ. એવે પ્રસંગે તેમણે પોતાની વાચા અને કર્મની વચ્ચે અસંગતતાનો ત્યાગ કરી બન્નેને ઉગ્ર બનાવ્યાં, એટલું જ નહિ પણ આજુબાજુના સામાન્ય લોકોની સહાનુભૂતિ અને સહાય મેળવીને તેમને પણ પોતાની સાથે કામે લગાડયા. પરિણામે જરા ઝપાઝપી થતી, પણ ગુંડાઓને જેવું જણાતું કે તેમનો સામો પક્ષ હિંમત ને તાકાતમાં પણ તેમનાથી ઊતરતો નથી કે તરત જ જીભ સિવાયની પોતાની બાકીની જાતથી શરણાગતિ સ્વીકારતા.

શરતપુરથી મોહનભાઇની ટુકડી આવી પહોંચી હતી. જિતુભાઇએ જે જે ફોન કરેલા તેના પરિણામે કેટલીક નાની ટુકડીઓ પણ આવી હતી, અને એ બધી જ કામે લાગી હતી. જોકે સમસ્ત મેદનીનો એકસાથે ખ્યાલ કરતાં આ સંખ્યા ઘણી જ નાની હતી, અને તેથી બહારથી જોઇ શકાય તેવું સ્પષ્ટ પરિણામ આવતું નહોતું; પરંતુ આખા ટોળાનો કોઇ સમગ્ર રીતે ને જરા ઝીણી નજરથી ખ્યાલ કરી રહ્યું હોત તો તેને સમજાત કે એટલો ફેર પડયો હતો કે પહેલાં ગુંડાઓ જે મન મૂકીને—બેફામરીતે શરમજનક કામ કરી રહ્યા હતા તેના પર એક જાતનો કાબૂ આવ્યો હતો અને હવે તેઓ જરા ખચકાતા હતા અને સમાલીને કામ કરતા હતા. બીજી એક વાત એ પણ તેને સમજાત કે વાતાવરણમાં એક જાતનો ફફડાટ શરૂ થવા પામ્યો હતો.

આ ફફડાટનાં કાંઈ જ પરિણામ ન આવ્યાં તેમ નહિ. ફફડાટનો સૌથી વધારે ભોગ તો થઈ પડયો મહેશ. તેણે જેનો પીછો પકડયો હતો તે ગુંડો ઊંચો, આડો, અને કાળો—અને ભયંકર રીતે પડછંદ હતો. પોતાના શિકારને બેએક વાર છૂટી જતો જોતાં તથા બીજા બેએકને ફસાવવામાં પોતે નિષ્ફળ જતાં તેણે ગાળો અને બીભત્સ ભાષાનો પૂરો ઉપયોગ કર્યો. મહેશ તેથી જરા ફફડાયો, ને સંસ્કારી છતાં કડક ભાષા સાથે પોતાના મજબૂત હાથનો ઉપયોગ તેણે કર્યો. પેલાએ, તેથી પોતાના મગજ પરનો કાબૂ ગુમાવ્યો અને અંદરના ગજવામાંથી છરો કાઢયો. મહેશે તે જોયો. ઘા ઉગામાતો પણ જોયો. તેણે ઘાને આવવા દીધો, અને જેવો આવ્યો કે તરત જ પોતાના તાલીમી શરીર વડે એવી તો ચપળતાપૂર્વક વળાંક લીધો કે ઘા નકામો ગયો, એટલું જ નહિ, પણ ઘાકરનાર, મહેશની પકડમાં આવી પડયો!

પણ ગુંડો એકલો નહોતો. તેના કોઇ સાથીદારે ચપ્પા વડે મહેશ પર હલ્લો કર્યો. મહેશની સાથે રમણ હતો, તેણે છેલ્લી ઘડીએ આ પડતો ઘા જોયો. તે વચમાં તો પડયો તોય ઘા મહેશની પીઠમાં પેઠો;- અલબત્ત રમણના પ્રયત્નના પરિણામે ઘા પ્રાણઘાતક ના થયો.

આનાથી ઊલટો બનાવ બીજે બન્યો. સુરેન્દ્રે એક ગુંડાનો સામનો કર્યો. ગુંડાએ છરી કાઢી. પણ સુરેન્દ્ર કાંઇ કરે તે પહેલા ગુંડાની પાછળથી કોઈ અજાણ્યા માણસે એકદમ ઉશ્કેરાઇને ગુંડાની છરી પડાવી લીધી અને છરી સાથે રુદ્ર નૃત્ય શરૂ કરી દીધું! એમાં છરીનો માલિક તો સખત ઘાયલ થયો જ, ને જો તેના સાથીદારો તેને લઇ નાસવા માંડયા ન હોત તો તો કદાચ ત્યાંજ તેની લાશ પડત. ઉપરાંત બીજા પણ બે-ચાર ગુંડા એ છરીનો ભોગ થઇ પડયા. તે દરમિયાન સુરેન્દ્રે છરીનો કબજો લઈ પેલું રુદ્ર નૃત્ય અટકાવ્યું.

આ બધાંના પરિણામે વાતાવરણ ઠીકઠીક ગરમ થઈ ગયું અને જરા નાસભાગ શરૂ થઇ; પણ એક વાત તો થઇ જ કે સ્ત્રીઓની છેડતી લગભગ અટકી ગઇ હતી.

જસવંતભાઇ ચારે બાજુ નજર રાખી રહ્યા હતા. તેમણે જોયું કે મામલો હવે એ હદે પહોંચી ગયો છે કે તેને જો બીજે વળાંક આપવામાં નહિ આવે તો બીજી રીતે અનિચ્છનીય પરિણામ આવશે. એટલે તરત તેમણે, અગાઉથી વિચારી રાખ્યા મુજબ પોતાની સિસોટી વગાડી. અખાડાની ટોળી એનો અર્થ જાણતી જ હતી. તેમણે સામનો કરવાનું પોતાનું કામ આટોપવા માંડયું.

પરંતુ સાથેસાથ સિસોટીની બીજી પણ અસર થઇ. કોઇએ બૂમ પાડી: 'પોલીસ આવે છે, પોલીસ આવે છે!' અને વાત ખોટી પણ નહોતી. જિતુભાઇએ કરેલા ફોન પરથી તથા બીજીરીતે પણ પોલીસને બાતમી મળી જ હતી, એટલે અખાડા ટોળીના જેટલી જલદી તો નહિ, છતાં ઠીકઠીક ઝડપે પોલીસ આવી પહોંચી હતી અને ચાર ફુવારાના નાકે ભેગા થવા માટે બાજુના રસ્તેથી તેમની લૉરીઓ આવીઆવીને ખાખી કપડાંવાળાઓ તેમાંથી ઊતરવા માંડયા હતા.

ગુંડાઓએ હવે પોતાની સલામતી ખાતર ચાલતી જ પકડી. લોકોએ પણ બીકના માર્યા નાસભાગ શરૂ કરી; પણ કેટલી વિરાટ મેદની! એમ તે બધા કેમ નાસી શકે? કેટલાયે પડવા લાગ્યા, કેટલાયે ચગદાવા માંડયા. વાતાવરણ ચીસાચીસથી ભરાઇ ગયું.

જસવંતભાઇ જિતુભાઇની ટોળીઓએ હવે રસ્તામાં પડતા લોકોને સહાય કરવા માંડી. અને જોકે થોડો વખત તો લાગ્યો, પણ ધીમેધીમે વ્યવસ્થા થવા માંડી ને બધું થાળે પડવા લાગ્યું.

બીજી બાજુ નવભારત શાળાનું દૃશ્ય પણ ખરું થયું હતું. આખું ચોગાન મોટા ભાગની સ્ત્રીઓ અને થોડા ભાગના તેમની સાથેના પુરુષોથી ભરાઇ ગયું હતું. એક મોટા ઓરડામાં હરિપતાલ ખડી થઈ ગઈ હતી. પાટલી રૂપી પલંગ ઉપર કેટલીક બેભાન બહેનોને હજી સારવાર અપાતી હતી.

શાંતિ અને વ્યવસ્થા થતાં બધાએ ધીમેધીમે ચાલવા માંડયું. અર્ધાએક કલાકમાં તો મોટા ભાગનાં સ્ત્રી-પુરુષો ચાલ્યાં ગયાં. બાકીનાઓને કાં તો હજી આરામની જરૂર હતી, કાં તો સંગાથની. તેની વ્યવસ્થા પણ આ ટુકડીએ કરી આપી અને બીજા અર્ધા કલાકમાં તો બધું જ પતી ગયું.

જસવંતભાઇ અને જિતુભાઇએ હવે બધા મિત્રોને ભેગા કર્યા. પોતાનામાંથી પણ કેટલાકને વધારેઓછી ઇજા થઈ હતી. જસવંતભાઇએ તે દરેકની તપાસ કરી અને બધાને બરાબર સારવાર મળી ગઈ છે કે નહિ તે જોયું. તે દરમિયાન જિતુભાઇએ શાળાના હેડમાસ્તરને ફરીથી ફોન કરી તેમનો આભાર માન્યો. હરિપ્રસાદ તથા ડૉ. ભરૂચાને મળી તેમની સાથે પણ શિષ્ટાચાર પતાવ્યો અને પછી આખી ટુકડીએ ચાલવા માંડયું.

નાનો દિલીપ ક્યારનો અકળાયા કરતો હતો. છેવટે તેણે શરૂ કર્યું: 'શું તોફાન! બાપરે! અને આપણા લોકોયે કેવા બીકણ છે! એક ભાઈ તો પોતાની બહેનને એકલી મૂકીને નાસી ગયા તે મેં નજરોનજર જોયું.'

'આપણે એવા બાયલા છીએ, તાકાત અને હિંમત વિનાના છીએ,' જસવંતભાઇએ જવાબ આપ્યો,—'એટલે જ ગુંડાઓ પોતાનું કામ કરી શકે છે અને બેફામ બનતા જાય છે.'

'આ ગુંડાઓ' જિતુભાઈ બોલ્યા, 'એ ખરેખર આપણું કલંક છે. એ કલંક દૂર થાય અને ભારતમાતા શુભ્ર જ્યોત્સ્નાના જેવી પ્રકાશમાન બને એ દિવસ ક્યારે આવશે?—'

અને એ સાથે જ રજનીએ પોતાના સુમધુર અવાજે શરૂ કર્યું:

"શુભ્ર જ્યોત્સ્ના પુલકિતયામિનીમ્
ફુલ્લકુસુમિત, દ્રુમદલ શોભિનીમ્
સુહાસિનીમ્, સુમધુર ભાષિણીમ્,
સુખદામ્...વરદામ્...માતરમ્..."



માધુકરી

આ પાત્ર મારું ભરી દો છલોછલ,
હું ઝંખતો એવી અપાર રિદ્ધિ,
જે ઝેર આખા જગનાં હલાહલ
શમાવી લે અમૃતગર્ભ સિદ્ધિ.

—પિનાકિન્ ઠાકોર



માસમાસનાં પંખી-૫૪
શક્કરખોરો

ફૂલેફૂલે ફરી રસ ઉઘરાવતો ને સૂર્યકિરણોમાં તેજ-છાયાના પલટા લેતા ભ્રમોત્પાદક રંગોની છોળો ઉડાડતો આ શક્કરખોરો વસંતથી માંડી વર્ષાઋતુ સુધી દેખાય છે. ચાર જ આંગળના તેના નાનકડા શરીરનો સમગ્ર વર્ણ જાંબુડી કે ઘેરી લીલી છાયાવાળો ચળકતો ઘેરો આસમાની; એની દાઢી, ગળું, ગરદન અને છાતી પર તાંબટ વર્ણની આભા; ને હેઠળનો બાકીનો ભાગ ઘેરો આસમાની; આંખો ઘેરી બદામી; પગ કાળા;...પણ આ રંગવિધાન અને તેજ-છાયાનો મોહક દૃષ્ટિભ્રમ તો તેના આ સંવનકાળ (વસંત, ગ્રીષ્મ અને વર્ષાઋતુ)માં જ દેખાય છે. તે વીતતાં તો તે પીઠ પર લીલાશપડતા અને હેઠળના ભાગે આછા પીળાશપડતા રંગની કાયાવાળો બની જાય છે. ફેર નથી પડતો ફક્ત તેની ચાંચના મૂળથી છાતી સુધીના ચળકતા કાળા પટામાં. માદા સદાકાળ એકરંગી: ઉપરના ભાગે લીલી બદામી અને પેટના ભાગે ચળકતા મેલા પીત વર્ણની જ રહે છે.

કોઈ પણ ફૂલનો રસ અને તે સાથે આવી જતી જીવાત એ તેનો આહાર. એ પુષ્પમધુ ચૂસવા માટે કુદરતે તેને કાળા રંગની, આગળના ભાગમાં દાંતાવાળી, ને બીડાતાં નળી જેવી થઈ જતી તીણી ચાંચ બક્ષી છે; અને વચ્ચે પાતળા ચીરાને લીધે પીછી જેવા લાગતા ટેરવાવાળી, બંને બાજુએથી વળી જઈ નળી જેવી બની જતી જીભ તેને હોય છે.

ઘાસ-છોતરાં, પીછાં-તણખલાં, ને ચીંથરાં વગેરે જે હાથ ચડ્યું તે લઈ; તેનો આંબાવાળા નાળફળ જેવો લટકતો માળો ગૂંથી, તેમાં તે એક પડખે ઉપર વાછોટિયાવાળું પ્રવેશદ્વાર રાખે છે, જેના ઊંબરાથી જરા નીચાણ પડતો ખાડો રાખી તેમાં બદામી છાંટણાંવાળાં મેલાસફેદ રંગનાં બેથી ત્રણ ઈંડાં મૂકે છે.
[કુમારમાં આવેલા 'વનેચર'ના લેખ પરથી]

સ્વ. યુસુફ મહેરઅલી

મધમાખોની પેઠે યુવકોનાં ઝુંડનાં ઝુંડ જેમની પાછળ ટોળે વળતાં, જેમના સદા હસમુખા ચહેરા અને તેજસ્વી આંખોમાંથી એટલી જ પ્રોત્સાહક ને પ્રબોધક વાણીમાંથી યુવાનોને પ્રેરણા અને શિક્ષણ મળતાં, રાત ને દિવસ અણથાક ઉદ્યમ અને તસતસતી તમન્નાથી દેશકાર્ય કરતા જેમના સેવાકાર્યનો જુસ્સો નવલોહિયાઓને દેશને માટે કામ કરવા પ્રોત્સાહિત કરી થનગનાવી મૂકતો તે, દેશના યુવકવર્ગના અત્યંત પ્રિય નેતા અને ચુસ્ત રાષ્ટ્રવાદી સેવક શ્રી યુસુફ મહેરઅલીનું ગઈ તા. બીજી જુલાઈના રોજ, હૃદય રોગની આઠ વર્ષ સુધી લાંબી બીમારીને અંતે, મુંબાઈમાં જસલોક ક્લિનિકમાં અવસાન થયું.

ઇ. ૧૯૨૮ના ફેબ્રુઆરીની ત્રીજી તારીખની એક સવારે, ૨૪ વર્ષના એ ઊગતા તરુણે, કાગ્રેસી મુરબ્બીઓ અને પીઢ નેતાઓની મના છતાં, મુંબાઈના બારા ઉપર ૪૦૦ નવલોહિયાઓની સરદારી લઈને 'સાઇમન પાછો જા'નો પોકાર કર્યો. ત્રણત્રણવારના સખત લાઠીચાર્જ (તથા એક 'ઉત્સાહી' સાર્જન્ટે એમને પોતાને ઘરાઇને મારેલા માર)ની સામે પણ અણનમ રહીને, એક તસુ પણ હઠચા વિના, દેશના ધૂંધવાતા વિરોધને મુંબાઇના મુખ વાટે એમણે બોલતો કર્યો એ જ ઘડીથી, એકાએક વીજળિક પ્રવાહની માફક એમનું નામ કરોડો હિંદવાસીઓની જીભે વહી રહ્યું, અને તે લોકપ્રિયતાના શિખરે ઉચકાઈ ગયા.

પણ કંઠમાં એકાએક આવી પડેલી આ કીર્તિમાળની પાછળ માત્ર મોકળ ધમધમાટ જ ન હતો. ચોવીસ વરસની એ શરૂ થતી યુવાનીની મજલ સુધીમાં તો એ, આત્મવિકાસ અને પ્રજાસેવા માટે ઘણી નાની ઉંમરથી ખંત અને નિશ્ચલ નિરધારપૂર્વકની સાધના કરી ચૂકચા હતા. હજી તો જીવનના બીજા દસકામાં હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા હતા ત્યારથી પોતાના ભણતર તથા ઇતર જ્ઞાનના પ્રદેશોના વાચન ઉપરાંત, એ દેશદેશના ક્રાંતિવાદીઓનાં ચરિત્રો ને કારવાઈઓના ગ્રંથો પી ગયા હતા, ને ઈટાલીના મ્યાત્સિની તથા ગૅરીબાલ્ડી, ચીનના સુન યાત-સેન, આયર્લાંડના સીન-ફીન આગેવાનો, ને રશિયન રાજક્રાંતિના નેતાઓની અન્યાય સામેની જેહાદ, દેશ કાજેની ન્યોછાવરી અને શહીદીઓમાંથી એમણે જીવનભરની પ્રેરણા પામી લીધી હતી. એટલે ઈ. ૧૯૨૦માં ગાંધીજીએ જ્યારે અસહકારની હાકલ કરી ત્યારે તેમને તેમાં એ બીજા દેશો જેવા સાચા મુક્તિયજ્ઞનાં



સ્વ. યુસફ મહેરઅલી

દર્શન થયાં ને સરકારપક્ષી વલણના વડીલોના ઉપહાસને અવગણીને પણ તેમાં રસ લેવા માંડ્યો. ત્યારથી તે આજ સુધી, ત્રણ દાયકાની સ્વાતંત્ર્ય-લડત સાથે એ સ્થિરતાથી આગેકૂચ કરતા જ રહ્યા.

ઇ. ૧૯૦૩ની ૨૩મી સપ્ટેમ્બરે મુંબાઇના જાણીતા વહોરા કુટુંબમાં એમનો જન્મ થએલો. આજથી સો વરસ પહેલાં એમના વડદાદાએ મુંબાઈમાં પહેલી કાપડની મિલ નાખેલી. અને એમના ગર્ભશ્રીમંત પિતા જાફર મહેરઅલીએ પોતાનાં બાળકોને સંપૂર્ણ સગવડ અને ચપેશથી ઉછેરેલાં. તે એલએલ. બી. થયા એટલામાં તો પોતાના વિશાળ વાચનથી પરિપુષ્ટ થએલી બુદ્ધિ અને રાષ્ટ્રસેવાની ધગશથી ધીકતા હૃદયે મુંબાઈની વિદ્યાર્થી આલમની નેતાગીરી એમણે લઇ લીધી હતી. ગાંધીજીએ ચૌરીચૌરાના હત્યાકાંડને કારણે અસહકારની લડત થંભાવી દીધી ત્યારે અનેક જુવાન થનગનતાં દિલોને જે આઘાત થયો હતો તેવો જ એમને થયો, અને એમને લાગી ગયું કે દેશમાં સફળ ક્રાન્તિ કરવી હોય તો બુદ્ધિવિકાસ અને આત્મસમર્પણની ભાવનાવાળા ચુનંદા યુવાનો ખાસ તાલીમ આપીને તૈયાર કરવા જોઇએ. આને પરિણામે ૧૯૨૮ના ફેબ્રુઆરીમાં 'બૉમ્બે પ્રૉવિન્શ્યલ યૂથ લીગ' (મુંબાઈ પ્રાંતિક યુવકસંઘ)ની સ્થાપના કરી. અને એમની પ્રેરણાનાં પૂર એટલાં પ્રબળ હતાં કે જોતજોતાંમાં યુવકોના હૃદયના એ રાજા બની ગયા. ૧૯૩૦-૩૨ની લડતો દરમ્યાન સભા-સરઘસો ઉપર પ્રતિબંધો હતા ત્યારે જનતાના ઉત્સાહના ઓસરી જતા જુવાળમાં એમની સ્થાપેલી 'નૅશનલ મિલિશિયા'એ જ બળવાનું ચેતન પૂર્યાં કર્યું હતું. ગુજરાતનાં અનેક યુવકસંમેલનોમાં આવીને તેમનાં દિલ એ જીતી ગયા હતા, અને છેક કચ્છની રાજકારણી લડતની નેતાગીરી પણ એમણે લીધેલી.

૧૯૩૦ની લડતમાં ચાર માસની જેલ પછી ૧૯૩૨માં મળેલા બે વરસના કારાવાસ દરમ્યાન નાસિક જેલમાં પોતાના જેવી ઉદ્દામ વિચારસરણીવાળા અનેક તરુણોના સંપર્કમાં તે આવ્યા, અને એ સૌને આંતરરાષ્ટ્રીય રાજકારણના પ્રવાહોના વાચન અને ચર્ચા કરવાની જે તક મળી તેને પરિણામે કૉંગ્રેસની લડતને જગતના વિશાળ પ્રવાહોની ભૂમિકા પર મૂકવાની તથા આઝાદીની લડતમાં આમજનતાની આકાંક્ષાઓને મોખરાનું સ્થાન આપવાની જરૂર લાગતાં 'કૉંગ્રેસ સમાજવાદી પક્ષ'ની સ્થાપના થઈ. મહેરઅલી તેના આદ્ય સ્થાપકોમાંના એક હતા ને વર્ષો સુધી એમણે તેનું મહામંત્રીપદ સંભાળેલું.

જેલમાંથી છૂટીને એમણે એ ભૂમિકા ઉપર જ આઝાદીની લડતની આગેકૂચ ધપાવવા રાત ને દિવસ અથાક કામ કર્યું, અને મુંબાઇમાં 'ગુમાસ્તા મંડળ'ની સ્થાપના કરી. ૧૯૩૫-૩૬માં એમણે આખા હિંદનો પ્રવાસ ખેડ્યો, જે દરમ્યાન તે રોજની ચારચાર પાંચપાંચ સભાઓ ભરતા. ૧૯૩૭માં કેરળના પ્રવાસ દરમ્યાન મોપલા વિસ્તારમાં જવાના મનાઇ હુકમનો ભંગ કરીને એ જેલ ગયા. પછી ૧૯૪૦માં વ્યક્તિગત સત્યાગ્રહ વખતે ફરી કારાવાસ વહોર્યો ત્યારે એમની તબિયત પર પહેલો ઘા પડ્યો. છતાં છૂટીને તરત પટણાની અખિલ હિંદ વિદ્યાર્થી પરિષદના તે કર્ણધાર થયા. થોડા જ સમય બાદ લાહોરની સફર વેળા ત્યાં પણ મનાઇ હુકમનો ભંગ કરવા માટે એક વરસનો જેલવાસ પામ્યા, જે દરમ્યાન 'મારી પાકિસ્તાનની સફર' નામનું મર્માળા કટાક્ષો ભરેલું પુસ્તક લખ્યું. એમાં પંજાબના રાજકારણ ને વ્યક્તિઓ વિષે એટલી ઝીણી ઝીણી વિગતો આપી છે કે જે ખુદ એ પ્રાંતના વતનીઓને પણ અજાણી હતી!

લાહોર જેલમાં હતા એ દરમ્યાન મુંબાઇ મ્યુનિસિપાલિટીની ચૂંટણીમાં ભૂલેશ્વર જેવા ચુસ્ત કૉંગ્રેસવાદી લત્તામાંથી પણ તે પહેલે નંબરે ચુંટાઈ આવ્યા અને મુંબાઇના મેયરપદે નીમાયા. એ શહેરના આજ સુધીના ઇતિહાસમાં એ સૌથી નાના નગરપતિ હતા. એમણે એ પદે ચુંટાતાં વેંત એ શહેરની સુધરાઇના શિથિલ તંત્રમાં ચેતના આણી દીધી. કલાકો સુધી અવિરત કામ તે કરતા, શહેરીઓની ફરિયાદો જાતે સાંભળતા અને તુમારી તંત્રની ઢીલી ચાલને ચાબખા મારીને કામોના ઝડપી નિકાલ લાવતા.

૧૯૪૨ની નામચીન આઠમી ઑગસ્ટની થોડા જ દિવસ અગાઉ એમણે પૂના ખાતે સોશ્યાલિસ્ટ કૅમ્પ યોજી, જેમાં એક દેશવ્યાપી સામુદાયિક બળવાની યોજના ચર્ચાઈ. પણ પોલીસને તેની ગંધ પહોંચી જતાં તે પડી ભાંગી. ત્યાં તો નામચીન નવમી ઑગસ્ટની ધરપકડોમાં એ જેલમાં ધકેલાયા, જ્યાં એમની તબિયત પર જીવલેણ હૃદયરોગનો ફટકો પડ્યો, અને એમાંથી કદી કરાર ન વળ્યો. એના ઉપચાર માટે એ અમેરિકા પણ જઈ આવ્યા. [તે પહેલાં ૧૯૩૮માં તે ન્યૂયૉર્કની જગત યુવક પરિષદ તથા મેક્સિકોના જગત-સાંસ્કૃતિક-સંમેલન માટે યુરોપ અમેરિકા અને મેક્સિકોનો પ્રવાસ કરી આવેલા અને દેશદેશની સાંસ્કૃતિક સંસ્થાઓ સાથે સંબંધ બાંધી આવેલા.] ૧૯૪૮ના નવેમ્બરમાં તે કંઈક આશા સાથે પાછા ફર્યા, પણ એમના પુરપાટ, વેગીલા અને ઉશ્કેરાટભર્યાં જીવનને પરિણામે હૃદય ઉપર એવી ઘેરી ચોટ વાગી ગઈ હતી કે તે અંતે એમનો જીવ લીધે જ રહી.

રાજકારણના ઝંઝાવાતમાં આટલા રમમાણ રહેતા હોવા છતાં એમનો સંસ્કારસંસ્પર્શ જરા પણ ઊણો ન હતો. સાહિત્ય અને કલાની એમની રસિકતા એટલી વ્યાપક અને ઊંડી હતી કે એમની ચોમેર છેલ્લામાં છેલ્લાં પ્રકાશનોના ઢગ વિખરાએલા પડ્યા હોય, અને દુનિયાનાં વિવિધ સામયિકોમાંથી કાપેલી સંસ્કાર પ્રવૃત્તિની માહિતી આપતી કાપલીઓના થોકડા ગોઠવાતા હોય. અને એ રસ એકલસૂરો પણ ન હતો. અનેક મિત્રોને પુસ્તકો, પત્રિકાઓ અને છાપાં-ચોપાનિયાંનાં બંડલો એમના તરફથી પહોંચતાં જ હોય.

અભિજાત ખાનદાની તો એમની જ. એમના હસમુખા ચહેરા પરની મુલાયમ મુદ્રા તો કોઈ નહિ ભૂલે. રાજકારણના વિરોધો અને વિખવાદો વચ્ચે પણ અજાતશત્રુ જેવા એ મહેરઅલીની સન્નિષ્ઠા અને સચ્ચાઈ ઉદ્દામ તથા વિનીત બંને પક્ષના વિશ્વાસનું ભાજન હતી. એટલે જ, કૉંગ્રેસથી છૂટા પડ્યા છતાં, એમના સૌજન્યશીલ અને કાર્યરત સ્વભાવને કારણે કૉંગ્રેસે એમની સામેનો પોતાનો ઉમેદવાર ખેંચી લઈ મુંબાઈ ધારાસભામાં એમને માટે માનભેર સ્થાન કરી આપ્યું હતું. માનની એ લાગણી મોંમાં પ્રગટાવનાર એમની દિલભર માનવતા હતી. પંડિત જવાહરલાલે એમને આપેલી અંજલિ મુજબ એવા એ 'દરિયાવદિલ આદમી અને સૌના દિલોજાન દોસ્ત'ને ગુમાવીને દેશ આખો આજે ગરીબ બન્યો છે.

સાને ગુરુજી અને 'પ્રાંત-ભારતી'

મૂળે તો સેવાવૃત્તિના સંસ્કારપ્રેમી, પણ ગરીબોની દાઝથી જે રાજકારણમાં પડેલા, તે મહારાષ્ટ્રના આધુનિક સંત સમા સાને ગુરુજીનું ગયા માસમાં અવસાન થયું. 'કુમાર'ના ૨૧૨મા અંકમાં તેમનું ચરિત્ર આવી ગયું છે. શ્રી વિનોબા જેવા એમને અંજલિ આપતાં લખે છે કે 'હું નિઃશંકપણે એમની ગણના તુકારામ આદિ સંતોની હારમાં કરું છું. ભાગ્યે પચાસ વર્ષની ઉંમરે પહોંચ્યા હશે, છતાં એ ટૂંકા ગાળામાં એમણે કેટલું પ્રચંડ કાર્ય કર્યું! મહારાષ્ટ્રભરની આખી તરુણ પેઢીને એમણે પોતાના વિચારોથી આંજી દીધી! રામકૃષ્ણ, રવીન્દ્રનાથ અને ગાંધીજી, એ ત્રણ એમના આરાધ્ય દેવ હતા અને એ ત્રણના અંશ એમનામાં ઊતરેલા. સૂતાંબેસતાં, હાલતાંચાલતાં, બોલતાં-



જમતાં કે કામ કરતાં ચોવીસે કલાક 'પરાર્થ' સિવાય એમને કશો વિચાર ન હતો. એમના જેવા મરતા જ નથી. એમને 'અમૃતસ્ય પુત્રાઃ' કહી શકીએ."

એમનું છેલ્લું સ્વપ્ન તે 'પ્રાંતભારતી'ની યોજના. દેશમાં આજે પ્રાંતો પ્રાંતોનું વૈમનસ્ય ને કડવાશ જોઈને ભારતીય સંસ્કૃતિના એ મહાન પુજારીને અપાર વેદના થતી. એ વેદનામાંથી એમની 'પ્રાંત ભારતી' સંસ્થાના સ્વપ્નનો જન્મ થયો. દેશદેશની વચ્ચે સુમેળ ને સમભાવ પ્રસ્થાપિત કરવાના હેતુથી ગુરુદેવ ટાગોરે જેમ 'વિશ્વભારતી' સંસ્થા સ્થાપી તેમ આ 'પ્રાંતભારતી' એકબીજા પ્રાંતોના લોકોને પાસે આણે, વિવિધરંગી જીવનનો સમન્વય કરે ને ભારતીય સંસ્કૃતિનું મધુર સંગીત જગતને સંભળાવે, એ પ્રકારનું સ્વપ્ન એમના મનમાં રમી રહ્યું હતું. એ માટે તેમણે ઠેકઠેકાણે જઈને પ્રવચનો કરીને પૈસા ઉઘરાવવાનું પણ શરૂ કરેલું. અને પોતાના પત્ર 'સાધના' દ્વારા પણ એનો પ્રચાર કરતા. એ યોજનાને પાછળથી જુદું નામ સોંપાયું છે જેથી 'પ્રાંત' શબ્દમાં રહેલો પ્રાંતીય સંકુચિતતાનો દંશ દૂર રાખી શકાય. પણ એ યોજનાનો અર્થ વિશદ કરતું નામ તો મૂળ જ છે. એમનું એ સ્વપ્ન સિદ્ધ કરવા આપણે પુરુષાર્થ કરીએ તોયે એનું કંઈક શ્રાદ્ધ કર્યું ગણાશે.



અમેરિકામાં પણ આપણી માફક વૃક્ષને અભાવે ઝડપથી રણમાં પલટાઇ જતી ભૂમિનો પ્રશ્ન ગંભીર છે. ત્યાં જમીનના ધોવાણને લીધે લગભગ ૩૦ કરોડ એકર જમીનનો નાશ થઈ ચૂક્યો છે! આમાંથી ઊગરવા માટે ત્યાં પણ વૃક્ષારોપણનો અને ફરી જંગલો ઉગાડવાનો રાષ્ટ્રીય કાર્યક્રમ યોજાયો છે, અને તેમાં વિદ્યાર્થીઓને જ્ઞાન આપવામાં આવે છે તેનું ચિત્ર ઉપર આપ્યું છે. તેમાં ઈલીનૉઈ પરગણાની યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ વૃક્ષારોપણ કરતા જણાય છે. (યુસિસ)

વૃક્ષારોપણ

આ માસની શરૂઆતના પખવાડિયામાં દેશભરમાં સરકારના આદેશ અનુસાર જે વૃક્ષારોપણ પર્વ ઉજવાયું તે કાર્યનો મહિમા સમજાવતાં ઘણાં લખાણો સામયિકોમાં પ્રકટ થયાં છે. આ નીચે 'વાંસદા નર્સરી' તરફથી પ્રકટ થએલી એક પત્રિકામાંનું જે લખાણ ઉતારીએ છીએ તે અમને વિશેષ વિશદ, અને વિસ્તૃત સમજણ આપતું લાગ્યું હોવાથી થોડા સુધારા વધારા સાથે આપીએ છીએ.

નદીના પ્રવાહ વચ્ચે મોટા બંધ બાંધીને ચોમાસાના પાણીને આપણે રોકી રાખીએ છીએ કે જેથી વધારે વરસાદમાં જલપ્રલયો થતા અટકે અને શિયાળે-ઉનાળે એવા બચાવેલા પાણીને ખેતીકામમાં વાપરી શકીએ. આપણાં જંગલો પણ મોટા કુદરતી બંધ જેવા છે. તે વરસાદનું પાણી વહી જતું અટકાવી રાખે છે અને જમીનમાં ઉતારે છે. એ પાણી ધીમેધીમે નદી, નાળાં અને કૂવાઓમાં આવે છે.

ઝાડ કે વનસ્પતિ વગરની જમીન પર વરસાદનું પાણી પડે ત્યારે જમીન તે પાણીને ચૂસી શકે તે પહેલાં ઝડપથી વહી જાય છે, સાથે જમીનને ને રસકસને પણ ધોતું જાય છે. પૃથ્વી પરના નવ ઇંચ જેટલા પાતળા પડ પર વનસ્પતિમાત્રનો આધાર છે, અને વનસ્પતિ પર પ્રાણીમાત્ર જીવે છે. એ કીમતી પડને ઝાડના રક્ષણ વગર વરસાદ ધોઈ નાખે છે. પરિણામે રસાળ જમીન પણ ટૂંક વખતમાં રણની રેતી બની જાય છે. એટલે ઝાડને ઉછેરીને સાચવવું એ આપણી હયાતીને જ સાચવવાનું પહેલું પગલું છે.

પૃથ્વીના કેટલાક ભાગોમાં, જ્યાં પહેલાં આબાદ શહેરો અને સુખી ગામો હતાં ત્યાં ઝાડોનો નાશ થવાથી આજે ઉજ્જડ મેદાનો અને રણ જોવા મળે છે. લીલાં ખેતરોને બદલે ત્યાં રેતીનાં તોફાનો દેખાય છે. છતાં આપણે આટલાં વર્ષો સુધી, અને ખાસ કરીને છેલ્લાં વરસોમાં તો ઝાડો ને જંગલોનો ભયંકર વેગથી વિનાશ કર્યો છે. પરિણામે વરસાદનાં પૂર હવે સામાન્ય થઈ ગયાં છે. ઉનાળામાં જે નદીઓ ભરીભરી વહેતી તે સુકાઈ જાય છે. કૂવાનાં પાણી વધારે



બલ્ગેરિયા તથા (જમણી તરફ છેલ્લી) જુગોસ્લાવિયાની નવીન પ્રતીકોવાળી ટિકિટો
(અજિતકુમાર સંઘવી)

બલ્ગેરિયાની આ ટિકિટો તેનાં ચિત્રોની નવીનતાને લીધે આકર્ષક છે. પહેલી હારમાં (૧) દરિયાકિનારે વિરામ-વિનોદ કરતાં બાળકો દર્શાવતી બાળ-તંદુરસ્તીની ટિકિટ; (૨) સાઇકલ-શરત: રમતોના ઉત્તેજન માટેની ટિકિટ; (૩) રાજ્યની પંચવર્ષીય યોજનાના સ્મરણમાં કાઢેલી ટિકિટ, જેમાં વચ્ચે ઉદ્યોગ (ચક્ર), તે પછી ખેતીવાડી (ડૂંડાં) અને બે બાજુ શક્તિ (પાવરહાઉસ) તથા મિલોનાં પ્રતીક દર્શાવ્યાં છે; (૪) યુદ્ધપ્રવૃત્તિ દર્શાવવા માટેની ટિકિટ પર મશીનગન ચલાવનાર તથા હૅન્ડ ગ્રેનેડ (હાથ બૉમ્બ) ફેંકનાર સૈનિકોનાં ચિત્રો. બીજી હારમાં શરૂની ચારે ટિકિટો સુંદર પ્રતીકાલેખન દર્શાવે છે: (૧) ચાંચમાં ઑલિવની ડાળી ધારણ કરતું જગતશાંતિનું દૂત કબૂતર; (૨) રમતોને ઉત્તેજન દર્શાવતું શતરંજનું મ્હોરૂં; (૩) વચ્ચે શાન્તિના પ્રતીક રૂપ ઑલિવ વૃક્ષની ડાળીની બંને બાજુ રશિયા, અમેરિકા, ઇંગ્લંડ વગેરે મહારાજ્યોનાં ધ્વજચિહ્નોવાળાં પ્રતીક; (૪) ખેતીવાડી ઉત્તેજન માટેની ટિકિટ ઉપર ગુલાબનું ફૂલ, દ્રાક્ષનો ઝુમખો તથા તંબાકુનું પાંદડું ઉદ્યોગના ચક્રમાં દર્શાવ્યાં છે; (૫) પર્વતમાળામાં ભરવાડ પાસેથી માહિતી મેળવતા સરહદના રક્ષકનું ચિત્ર. ત્રીજી હાર (૧) ૧૮૪૬ની લોકમત-ગણત્રીના સ્મરણમાં કાઢેલી; (૨) તાર-ટપાલ ખાતાના રાહત-ફંડ માટે કાઢેલી ટિકિટ ઉપર ટેલીગ્રાફનો થાંભલો દુરસ્ત કરતા લાઈન-મૅનનું ચિત્ર; (૩) વ્યાયામ-ઉત્તેજન માટેની ટિકિટ ઉપર વેઈટ લિફટિંગનો અનોખો પ્રકાર; છેલ્લી–જમણા હાથ તરફની ટિકિટ બાલ્કન રાજ્યોની સંધિ નિમિત્તે બહાર પડેલી જુગોસ્લાવિયાની છે, જેના ઉપર જુગોસ્લાવિયા, ગ્રીસ, રૂમાનિયા અને તુર્કીની રાજમુદ્રાઓ બતાવી છે. (શ્રી અજીતકુમાર સંઘવીના સંગ્રહમાંથી)

ને વધારે ઊંડાં જતાં જાય છે. દરેક ચોમાસામાં આપણી લાખો એકર જમીનનો રસકસ સમુદ્રને તળિયે ખેંચાઈ જાય છે.

લાખો ટન અનાજ દર વરસે ઘટે છે તેનું શું કારણ છે? ખાતર વગર અનાજ ઓછું પાકે છે, છતાં બળતણની તાણને લીધે છાણ અને ખેતરનો કચરો આપણે બાળી દઈએ છીએ. ખેતરના પાકોને બહુ અગત્યના, છતાં આપણી જમીનોમાં બહુ જ ઘટતા ફૉસ્ફેટ જેવા પદાર્થ આપણને ઝાડને લીધે જ મળી શકે છે, કેમકે તે પદાર્થને ઝાડનાં મૂળ નીચેથી ખેંચી લાવી પાનમાં પાછાં આપે છે અને સૂકાં પાનનું સરસ ખાતર બને છે.


ઝાડ આપણું કલ્પતરુ છે. તે સૂર્યની ગરમીને ઝીલી લઇને વાતાવરણને ઠંડું કરે છે, ને જમીનમાં બાઝી રહેલાં તેનાં મૂળ આપણી જમીનને ધોવાતી અટકાવે છે; વહી જતાં પાણીને ઝીલી જમીનમાં ઉતારીને આપણાં નદીનાળાં અને ઝરાઓ જીવતાં રાખે છે. બરોબર જરૂરને વખતે આરોગ્યને સાચવતાં ફળો આપે છે. ઝાડ આપણી હયાતીનો મૂળ આધાર છે. એનો નાશ કરી આપણે કંગાલિયત વહોરી છે. માટે હાલ જે ઝાડો છે એનું જીવની પેઠે જતન કરો અને દરેક ખુલ્લી નકામી પડી રહેલી જગ્યા પર ઝાડો રોપી કાળજીપૂર્વક મોટાં કરો.

કોરિયા

ઉત્તર કોરિયાએ દક્ષિણ કોરિયા ઉપર આક્રમણ કર્યું છે ને ત્યાં યુદ્ધ ચાલી રહ્યું છે એ સૌ જાણે છે. એટલે એનો પરિચય મેળવીએ.

કોરિયાનું કદ લગભગ બ્રિટન જેવડું, ને તેની વસતિ ત્રણેક કરોડની છે. તેમની ભાષા તાર્તાર, મોંગોલ ને જાપાની ભાષાઓના મિશ્રણ જેવી છે, પણ તે લખાય છે માત્ર ચીની લિપિમાં. વ્યૂહની દૃષ્ટિથી જોતાં કોરિયા એ મંચુરિયા અને જાપાન વચ્ચેના પૂલ જેવું છે.

કોરિયા મુખ્યત્વે ખેતીપ્રધાન દેશ છે અને ઘઉં, ચોખા તથા જવ એ એના મુખ્ય પાક છે. થોડાંક નોંધપાત્ર ખનિજો પણ ત્યાં છે. વસતિના નેવું ટકા માણસો ખેડૂતો છે, જેમનું જીવનધોરણ ખૂબ નીચું છે. જાપાને સને ૧૯૧૦ માં કોરિયા કબજે કરી લીધું હતું અને ગયા વિશ્વયુદ્ધ દરમ્યાન તેણે કોરિયાનાં સાધનોનો પૂરો કસ કાઢેલો.



અમેરિકામાં મોટા રાજમાર્ગો પર મોટરોનો પ્રવાહ સતત વહી રહ્યો હોય છે. એવા રાજમાર્ગો જ્યાં એકબીજાને કાપતા હોય ત્યાં, અકસ્માત કર્યા વિના તેમજ કોઈના વ્યવહારને રોક્યા વિના આસાનીથી બીજા માર્ગ પર ચડી જવા માટે, રસ્તાના ચોભેટા આગળ, આવી જોડાણ રસ્તાની યોજના કરી હોય છે. અમેરિકામાં બધી ગાડીઓ જમણી બાજુ હાંકવામાં આવે છે. આ યોજનામાં, કોઇ પણ બાજુથી આવનાર ડ્રાઇવરને કોઇ પણ પડખાના રસ્તા પર ફંટાવું હોય તો ફૂલની પાંદડીના વળાંકમાં પ્રવેશી જમણો ને જમણો જ હંકાર્યે જઇને પોતાને ફાવતા રસ્તા પર ચડી, એ રસ્તાની મોટરોના પ્રવાહમાં તે ભળી જાય છે.



આથી જાપાનની સત્તા સામે માથું ઊંચકીને દેશવટો ભોગવતા કોરિયનોએ ચીનમાં કોરિયાની આરઝી હકૂમત સ્થાપી. ૧૯૪૩માં કેરો પરિષદમાં બ્રિટન, અમેરિકા ને ચીન સંમત થયાં કે જાપાનના પરાજય પછી 'કોરિયા યોગ્ય સમયે મુક્ત ને સ્વતંત્ર દેશ બને.' પણ તે પછી ૧૯૪૫માં મૉસ્કોની બીજી પરિષદ વખતે એવી સમજૂતી થઇ કે કોરિયાને ચાર મહાસત્તાઓના વાલીપણા હેઠળ મૂકવું.

જાપાનનો પરાજય થતાં લશ્કરી જરૂરિયાત લેખે ૩૮ અક્ષાંશરેખાના ઉપલા ભાગના ઉત્તર કોરિયામાં રશિયાએ દેખરેખ સ્વીકારી, જ્યારે દક્ષિણ કોરિયામાં અમેરિકાએ સ્વીકારી. મૉસ્કો-કરાર પ્રમાણે ત્યાં પાંચ વરસમાં લોકશાહી સ્થપાય તેવાં પગલાં લેવા માટે નીમાએલા સોવિયેટ-અમેરીકન કમિશને કામ શરૂ કર્યું પણ ભંગાણ પડવાથી ૧૯૪૬માં તે કામ કરતું બંધ પડ્યું. આમ ઉત્તર અને દક્ષિણ કોરિયાનું એકત્રીકરણ કરવાના યત્નો નિષ્ફળ નીવડતાં રશિયાએ ઉદ્યોગો ધરાવતા ઉત્તર કોરિયામાં એકપક્ષી શાસનતંત્ર દાખલ કર્યું અને જમીનો અંગે સુધારા દાખલ કર્યા; જ્યારે ખેતીવાડી ધરાવતા દક્ષિણ કોરિયામાં અમેરિકાએ મુક્ત વેપારને ઉત્તેજ્યો અને લોકશાહી માન્ય રાખી. કોરિયાની કુલ વસતિના ૬૬ ટકા દક્ષિણ કોરિયામાં છે, પરંતુ ઉત્તર કોરિયા પાસે બળવાન સૈન્ય છે.

દક્ષિણ કોરિયાના પાટનગર સોઓલ ખાતેના અમેરિકન વિદેશખાતાના અધિકારીઓએ ગયે વર્ષે એવો અંદાજ કાઢ્યો હતો કે ઉત્તરમાંથી દક્ષિણ કોરિયામાં આવેલા વીસેક લાખ રાજકીય અને સામાજિક નિર્વાસિતોમાં ભળી જવા માટે ઉત્તર કોરિયામાંથી ૫૦ હજાર સામ્યવાદી કોરિયનો દક્ષિણ કોરિયામાં ઘુસી આવ્યા હતા. અમેરિકન અધિકારીઓએ ગયા સપ્ટેમ્બરમાં ચેતવણી ઉચ્ચારી હતી કે ઉત્તર કોરિયામાંથી કોઈ પણ આક્રમણ થશે તો આ સામ્યવાદીઓ એ આક્રમણની મોખરાની ટુકડી બની રહેશે.

દક્ષિણ કોરિયાના સૈન્ય કરતાં ઉત્તર કોરિયાનું સૈન્ય બેવડું હોવાનો અંદાજ છે. જાપાનીઓ સામેના ચીની યુદ્ધમાં આમાંના ઘણાખરા માણસો યુદ્ધની તાલીમ લઈ ચૂકેલા હોઈ તેઓ અનુભવી છે. ઉત્તર કોરિયાની આ બળવાન સેનાને રશિયન બનાવટની યુદ્ધ-સામગ્રી પૂરી પાડવામાં આવે છે અને તેના બદલામાં રશિયાને ઉત્તર કોરિયામાંથી સુરોખાર, કાચી ધાતુઓ, તૈયાર માલ અને જમીનમાર્ગે સાઈબીરિયામાં વીજળિક શકિત મળે છે.

દક્ષિણ કોરિયા પાસે શસ્ત્રસજ્જ સૈનિકો ૯૦ હજાર કરતાં યે ઓછા હશે. ટૅન્કો તેની પાસે નથી ને તેનું વિમાની દળ અમેરિકાનાં ફાજલ પડેલાં થોડાંક ભિન્નડાયક વિમાનોનું બનેલું છે. નૌકા-તાકાતમાં તેની પાસેનાં જહાજો ૭૦૦ કરતાં યે ઓછા ટનેજનાં છે.

જે વેગ ને સાધનો સાથે ઉત્તર કોરિયાએ આક્રમણ કર્યું છે તે જોતાં તો કહી શકાય કે તે માટે સંપૂર્ણ તૈયારી કરવામાં આવેલી હોવી જોઈએ ને તેને રશિયાનું પૂરું પીઠબળ હોવું જોઈએ. (પ્રજાબંધુ)

જે માણસ ફક્ત પોતાના હાથથી કામ કરે છે તે મજૂર છે; જે પોતાના હાથ તેમજ મગજથી કામ કરે છે તે કારીગર છે; અને જે હાથ, મગજ અને હૃદયથી કામ કરે છે તે કલાકાર છે.

આ માસ (જુલાઇ) ઈતિહાસમાં: દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

દિનવિશેષ

તા. ૧ ઈરાક સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે માન્ય થયું. ૧૯૩૦.
તા. ૪ રેડિયમનાં શોધક માદામ ક્યૂરીનું અવસાન, ૧૯૩૪.
તા. ૬ રાષ્ટ્રવાદી ઝેક ધર્મગુરુ જૉન હુસને જીવતો બાળ્યો, ૧૪૧૫.
તા. ૮ વાસ્કોડ ગામા હિંદ આવવા પોર્ટુગાલથી નીકળ્યો ૧૪૯૭.
તા. ૧૦ સત્તાવનના સ્વાતંત્ર્ય યુદ્ધમાં નાનાસાહેબની હાર.
તા. ૧૨ અમેરિકન નિસર્ગપ્રેમી ચિંતક ને લેખક થૉરોનો જન્મ, ૧૮૧૭.
તા. ૧૪ આલ્પ્સનું સર્વોચ્ચ શિખર મૅટરહૉર્ન સર થયું, ૧૮૬૫.
તા. ૨૦ પ્રથમ પ્રબળ રાષ્ટ્રોદ્દેક જન્માવનાર બંગાળના ભાગલા ૧૯૦૫.
તા. ૨૨ બંધારણ સભામાં ભારતના રાષ્ટ્રધ્વજનું નિર્માણ, ૧૯૪૭.
તા. ૨૬ જગત્ખ્યાત પ્રતિભાવાન લેખક બર્નાર્ડ શૉનો જન્મ, ૧૮૫૬.
તા. ૨૯ દીનબંધુ વિભૂતિ ઇશ્વરચન્દ્ર વિદ્યાસાગરનું અવસાન, ૧૮૯૧.
તા. ૩૧ કૉંગ્રેસના સ્થાપક, હિંદી પક્ષીઓના અભ્યાસી, અને સરકારી નોકર છતાં ભારતહિતચિંતક ઍલન ઓ. હ્યૂમનું અવસાન, ૧૯૦૮.

આ માસની વ્યક્તિવિશેષ: કવિ કોલરિજ

આ અંકમાં જેનું મુખ્ય ચરિત્ર આપ્યું છે તે અંગ્રેજ કવિ વર્ડ્ઝવર્થની સાથેની જેની મૈત્રી સમસ્ત સાહિત્ય-જગતમાં 'ગ્યૂટે-શિલર'ની મૈત્રી જેવી વિરલ અને ફલદાયી ગણાઈ છે, તે મેધાવી અંગ્રેજ કવિ, વિવેચક અને ફિલસૂફ સૅમ્યુઅલ ટેલર કોલરિજ, ઇંગ્લંડમાં ડૉ. સૅમ્યુઅલ જૉહ્નસન પછી, એના જેવી જ પ્રતિભાશાળી વ્યક્તિ ગણાઈ ગયો છે. એનો જન્મ ઇંગ્લંડના ડેવનશાયર પરગણામાં, ઑટરી



સેન્ટ મેરી ગામના વિદ્વાન અને ચારિત્ર્યશીલ પાદરીને ત્યાં, ૧૭૭૨ની ૨૧મી તારીખે થએલો. પિતાના મરણ બાદ આઠ વર્ષ સુધી ક્રાઇસ્ટ હૉસ્પિટલમાં શિક્ષણ મેળવી ૧૭૯૧માં તે કેમ્બ્રિજની જીસસ કૉલેજમાં જોડાયો. શાળા દરમ્યાન તે વિખ્યાત સાહિત્યકાર ચાર્લ્સ લૅમ્બના ગાઢ પરિચયમાં આવેલો. કૉલેજ કાળમાં વર્ડ્ઝવર્થની કૃતિઓ તેના વાંચવામાં આવતાં તેને તેમાં નવી જ ચમક જણાઈ. તેના ઉદ્દામ વિચારોને લીધે ૧૭૯૪માં તેણે ડિગ્રી લીધા વિના જ કૉલેજ છોડી અને ત્યાંથી ઑક્સફર્ડ થઇ વેલ્સ ગયો, જ્યાં તે ઈંગ્લંડના રાજકવિ સધેના સંપર્કમાં આવ્યો. ૧૭૯૭માં તેને વર્ડ્ઝવર્થનો પરિચય થયો, જે મિત્રતા એટલી તો ગાઢ થઈ કે વર્ડ્ઝવર્થ રહેઠાણ બદલી તેની પડોશમાં રહેવા ગયો અને પછી તો દિલભર સાહિત્યચર્ચામાં એ મિત્રોએ વર્ષો વ્યતીત કર્યાં. એમાં જ તેને અંગ્રેજી ભાષાની અપૂર્વ સંગીતમય કૃતિ 'ધી એન્શ્યન્ટ મૅરિનર'ની કલ્પના સ્ફૂરી, ને ૧૭૯૮માં બંનેએ મળી 'લિરિકલ બૅલાડ્સ' નામનો જોડિયો કાવ્યસંગ્રહ બહાર પાડ્યો, જેમાં પોપ કે બીજા સમકાલીન કવિઓની જેમ શબ્દભાર ન ભરતાં તદ્દન સરળ ભાષામાં જ વિશદ રચના કરી. આ પ્રસ્થાન વિવેચકો માટે ઘણું અભિનવ હતું.

આ પછી તેણે જર્મનીમાં નવ માસ ગાળ્યા અને ત્યાં જર્મન ભાષા પર પ્રભુત્વ મેળવી કેટલાક ગ્રંથોનું ભાષાન્તર કર્યું. ઉપરાંત, 'મૉર્નિંગ પોસ્ટ'માં તે લેખો પણ લખતો.

૧૮૦૮માં તેને લંડનની શાહી વિદ્વદ્-સભા રૉયલ ઇન્સ્ટિટ્યુટમાં ભાષણો આપવાનું માન મળ્યું; ૧૮૧૧-૧૨માં તેણે આપેલાં શેક્સપિયર તથા મિલ્ટન પરનાં ભાષણો તો પ્રખ્યાત છે. પણ તેની ખરી પ્રતિભા તો દુનિયાભરમાં જાણીતી તેની કાવ્યકૃતિઓ 'ધ રાઇમ ઑવ ધ એન્શ્યન્ટ મૅરિનર,' 'ધ ડીમોર્સ,' 'ક્રિસ્ટાબેલ' અને 'કુબ્લાખાન'માં જોવા મળે છે. રાજકારણમાં પણ તે થોડોઘણો ભાગ લેતો.

તેના જીવન પર રાહુની માફક છાયા નાખી ગએલી કમનસીબ ને દૂષિત વસ્તુ તે તેનું અફીણનું વ્યસન. તે છોડવા હાઇગેટમાં તે ડૉ. ગિલમેનને ત્યાં રહેવા ગયો પણ હવે તે નિવૃત્ત જીવન જ જીવતો હતો. અને ત્યાં જ તે ૧૮૩૪ના જુલાઈની ૨૫મી તારીખે અવસાન પામ્યો.

આ માસનો પ્રસંગ વિશેષ: **બાજી પ્રભુ દેશપાંડેનું અદ્ભુત પરાક્રમ**: શિવાજી મહારાજને જીવતા યા મૂએલા પકડવાના દૃઢ નિશ્ચયથી સીદી જોહારે જ્યાં શિવાજી હતા તે પન્હાળગઢના કિલ્લાને એવો સખત ઘેરો ઘાલ્યો કે કિલ્લામાં બહારથી અનાજનો એક દાણો યે જઈ શકે નહિ. ઘેરો ઘણા દિવસ ચાલ્યો. આથી સંધિ કરવાની તત્પરતા બતાવીને ઈ. ૧૬૬૦ના જુલાઇની ૧૩મીએ મધરાતે ૧૦૦૦ માવળા સિપાહીઓ સાથે હુમલો કરીને સીદી જોહારના સિપાહીઓનો ઘેરો તોડી નાખી શિવાજી બહાર નીકળી ગયા. સીદી જોહારનો જમાઈ સીદી મસૂદ તથા ફાજલખ ને પીછો પકડ્યો. વિશાળગઢના ઘાટ ચઢતાં શિવાજીએ આ જોયું, એટલે પોતાના એકનિષ્ઠ સેવક બાજી પ્રભુ દેશપાંડેને થોડા સિપાઇઓ આપી કહ્યું, 'હું કિલ્લા પર પહોંચી તોપનો અવાજ કરું ત્યાંસુધી શત્રુને આ ખીણમાંથી ઉપર ચઢવા દઈશ નહિ.' શિવાજી આગળ ચાલ્યા ને બાજી અવિચલ થઇ ત્યાં ઊભો. મુસલમાન સેના આવી લાગી. ભીષણ ઘમસાણ મચ્યું. અનેક હુમલા થયા પણ તે બધા ય બાજીએ મારી હઠાવ્યા. ફાજલખાન નવી સેના લઇ આવ્યો. બાજી પ્રભુના ઘણાખરા માણસો કપાઈ મુઆ હતા. તોપણ તે મરણિયો થઈ શત્રુને એક ડગલું પણ આગળ વધવા દેતો નહોતો. અચાનક બાજીને એક ગોળી વાગી અને તે જમીન પર પડ્યો. પણ તે જ વખતે કિલ્લા પરથી તોપનો અવાજ આવ્યો. સ્વામીભક્ત બાજીના મુખ પર સંતોષનું હાસ્ય ચમકી ઊઠ્યું.

તુલસી નીચો આદમી કરે ન ઊંચો કામ,
કયા ચૂવે કે ચામ સે સુને નગારા ગામ?


કલાકાર રફાએલે ફ્લૉરેન્સમાં માતૃમૂર્તિ મેરીનાં કરેલાં અદ્ભુત ભાવભર્યાં ચિત્રોથી એની નામના ઠેરઠેર ગવાવા લાગી ત્યારે કેટલાક ઇર્ષ્યાખોરોનું ટોળું ઉશ્કેરાઇને તેનો ઘાત કરવા તેને ઘેર હૂમલો લઇ ગયું. એ વખતે રફાએલ નિ:સીમ એકાગ્રતાથી મેરી અને બાળ ઈશુનું એક ચિત્ર આલેખતો હતો. ટોળાએ બારણાંમાં પેસતાં રફાએલની તો પીઠ જ જોઈ, પણ પેલા ચિત્રમાંનાં પાત્રોનાં મોં ઉપરના નિર્દોષ ને પવિત્ર ભાવો તેમની નજરે પડતાં જ એટલી ઘેરી અસર તેમના પર થઇ કે બધો રોષ વિસરી જઈ તેઓ શાન્તિથી ત્યાંથી ચાલ્યા ગયા.

અનેકાર્થી શબ્દ : ઠાઠું = નંખાઇ ગએલું શરીર, કલેવર; હાડપીંજર; છાતી અને થાપાનાં હાડકાં; વરસાદની સખત ઠંડી-હીકળ; કોઈ પણ જીર્ણ થએલી વસ્તુ, ખોખું; ગાડાનો પાછલો ભાગ; ભાંગીતૂટી ઢાલ; બે વાર છડેલી બાજરીના ચોખ્ખા દાણા; બાજરીની ખીચડી; બાજરિયાને બંને છેડેથી નીકળેલા ફણગા; જાણભેદુ માણસ.


કહેવતોના અર્થ: 'દુકાળમાં અધિક માસ' -હિંદુ વર્ષ-ગણનામાં, દર ત્રણ વરસે એક વાર, એક મહીનો વધારાનો ગણીને વરસમાં બારને બદલે તેર માસ ગણવામાં આવે છે. આકાશી પરિભ્રમણની સાથે વર્ષ-ગણનાનો મેળ બેસાડવા માટે વધારવામાં આવતા આ અધિક માસને પુરુષોત્તમ માસનું ધાર્મિક સ્વરૂપ આપવામાં આવ્યું છે. કોઈવાર (આગલે વરસે) વરસાદ ન પડવાને કારણે એ વર્ષમાં જો દુકાળ પડ્યો હોય ને તેની દારુણતાથી લોકો ત્રાસતાં હોય, તેમાં જો આ અધિક માસ એ વરસના ચોમાસાની પહેલાં આવી જતો હોય તો દુકાળની યાતના લોકોને એક મહીના લગી વધારે ભોગવવાની આવે છે; ને દુકાળના છેલ્લા મહીના હમેશાં કપરા રહેતા હોવાથી એનું દુ:ખ વધારે લાગે છે. આ ઉપરથી કોઈ પણ ચાલતી આપત્તિમાં કંઇ વધારાનું દુ:ખ, અગવડ કે ઊણપ આવીને ઉમેરાય છે ત્યારે તે દર્શાવવા માટે આ કહેવત વપરાય છે.

ઊંટને અતિ મોટાં નસકોરાં હોય છે. રણમાં રેતીના વંટોળ ચડે ત્યારે તે નાકમાં પેસી જતી અટકાવવા એ બીડી દઈ શકે છે.

ગણિતગમ્મત : બે આંકડાની કોઇ પણ રકમના દશક અંકમાંથી એકમ અંક બાદ કરી, તેને નવ વડે ગુણીને તે મૂળ રકમમાંથી બાદ કરતાં મૂળ રકમથી ઉલટી રકમ જ આવશે. દા૦ ત૦ ૫૨; ૫-૨=૩; ૩×૯=૨૭; ૫૨-૨૭=૨૫, તે '૫૨'ના ઉલટા. જ્યારે દશક કરતાં એકમ સંખ્યા મોટી હોય ત્યારે બાદબાકીની રકમ ઓછામાં ગણવી. દા.ત. ૩૯; ૩-૯=-૬×૯=-૫૪; ૩૯-(-૫૪)=૩૯+૫૪ =૯૩, તે ૩૯ના ઉલટા. (નીતિન મજુમદાર)



કલાકણિકા: માનવજાતે બીજી બધી વસ્તુઓ કરતાં પોતાના દેહને શણગારતાં ઘરેણાં ઉપર સૌથી વિશેષ અલંકરણ કરેલું છે. કટક તરફનું હાથનું આ રૂપાનું ઘરેણું તેનું ઉદાહરણ છે. હજી આજે પણ આથી યે વિશેષ શોભન-કારીગરીથી ખચેલા અલંકારો આપણે કયાં નથી પહેરતા?



મોટી સંખ્યામાં કાગળો કે દાગીના મોકલવાના હોય છે, ત્યારે તે દરેક પર ટિકિટો ચોડવાની કડાકૂટ, ને એટલી ટિકિટોનો વ્યય નિવારવા માટે ટપાલ ઑફિસ, એટલા પત્રોના પોસ્ટેજના હિસાબે રોકડા પૈસા લઈ લઈને, તે કાગળ પર તેના પોસ્ટેજના મૂલ્યની છાપ મારી આપે છે. ભારત સ્વતંત્ર થયા પછી એ પ્રકારની છાપમાં ફેરફાર થઈને અશોક ચક્રવાળી જે નવી આકૃતિ યોજાઈ છે તેનું ચિત્ર આ ઉપર આપ્યું છે.

મૅલેરિયાના જંતુઓ માત્ર માદા મચ્છરોમાં જ હોય છે, નરમાં નહિ.




પ્રજાનાં આરોગ્ય, ઉદ્યોગ, ખેતીસુધાર, રોગનિવારણ આદિ લોકકલ્યાણનાં કાર્યોમાં પ્રજાનો ફાળો મેળવવા માટે ઘણા દેશો અવારનવાર ટપાલની તે નિમિત્તની ખાસ ટિકિટો કાઢે છે. તેની કિંમતમાં ચાલુ મૂલ્ય કરતાં અમુક ટકા ઇરાદાપૂર્વક વધારાના રાખવામાં આવે છે, જે, એ કાર્ય ખાતે રાજ્યની તિજોરીમાં નંખાય છે. આ રીતે આ વરસના ઑક્ટોબર માસમાં ન્યૂઝીલાંડ જે આરોગ્ય-ટિકિટો (હેલ્થ-સ્ટૅમ્પ્સ) કાઢવાનું છે તેની છાપ ઉપર આપી છે. તેમાં છઠ્ઠા જ્યૉર્જની મોટી પુત્રી (અને ઈંગ્લંડની ગાદીવારસ) રાજકુમારી ઇલિઝાબેથ ને તેના પુત્ર ચાર્લ્સ (જે તેની પછીનો ગાદીવારસ બનશે તે)ની છબિઓ છે. આ ટિકિટ બેને બદલે ત્રણ પેન્સથી વેચાશે; ને તેના પર છૂટા દર્શાવ્યા છે તે મુજબ, તેમાંથી પોસ્ટેજ તરીકેના બે પેન્સના ચાલુ દર ઉપરાંતનો વધારાનો ૧ પેન્સ બાળકોના આરોગ્યફાળામાં જશે, જેમાંથી ન્યૂઝીલૅન્ડનાં માંદાં બાળકોને ગ્રામ્ય વાતાવરણમાં રાહત આપવામાં આવે છે. સંગ્રાહકો આવી ટિકિટ આતુરતાપૂર્વક સંઘરે છે.


અમેરિકનોની સૌથી વધુ લોકપ્રિય 'હૉબી' (સંગ્રહશોખ) ફોટોગ્રાફી, લાકડકામ, માટીકલા, ચિત્રકામ, સીવણ, તથા ટિકિટો, કાચનાં વાસણો, સિક્કાઓ ને હસ્તાક્ષરો એકઠા કરવાની છે. (યુસિસ)



આયુષ્યને આરે : અજબ રેખાસામર્થ્યના નમૂનારૂપ કલાકૃતિ-ચિત્રકાર : **આલ્બ્રેખ્ટ ડ્યુરર** (વર્ણન આ અંકમાં અન્યત્ર વાંચો)

KUMAR Reg. No. B. 1808













આ માસની ફોટોગ્રાફી હરીફાઈનાં ઉલ્લેખાએલાં ચિત્રો. [પરિણામો તથા ચિત્રવિવેચનો માટે જુઓ અંદર પૃ. ૨૪૩] મથાળે: ડાબી બાજુ–પાલીતાણાનાં જૈન દેરાસર (કંચનલાલ અમીન, અમદાવાદ); જમણી બાજુ–વિસામાની શોધમાં (ઈમદાદ હુસેન સૈયદ, વીજાપુર) નીચે: ડાબી બાજુ–નૌકાવિહાર (નવનીતકુમાર ગાંધી, વેરાવળ); વચ્ચે–મદુરાનું મંદિર (કૌશિક ઝવેરી, અમદાવાદ); જમણી બાજુ–અમારી તૈયારી (રસિકચન્દ્ર છ. અમીન કિલિન્ડિની પૂર્વ આફ્રિકા).